# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

03 APRIL, 2026 FRIDAY



પેજ 2  ભરૂચના મુલદ ટોલ પ્લાઝા પર આજથી નવા દરો અમલી

પેજ 3  ડભોડામાં શ્રદ્ધાનું ઘોડાપૂર : દાદાને 2500 તેલના ડબ્બાનો મહાઅભિષેક કરાયો

પેજ 7  નેવીનો 'કેપ્ટન' કે પાખંડી 'હૈવાન'? 154 દેશોનો પ્રવાસ કરનાર અશોક ખરાતના કાળા કારનામાનો પર્દાફાશ!

પેજ 5  એપ્રિલ ફૂલ બનાયા... : ૧૯૬૪ની એ સદા બહાર સંગીતમય અને રોમેન્ટિક ફિલ્મની સફર



I Pakkogujarat/ I VOL : 12 I Issue : 18 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com


### પશ્ચિમ બંગાળની ચૂંટણી માટે ભવાનીપુર બેઠક પરથી ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ ઉમેદવારી નોંધાવી

# 15 દિવસ બંગાળમાં જ રહીશ, મમતાને ઘરમાં જ હરાવવાના છે: અમિત શાહ

### શાહનો કાફલો મમતા બેનર્જીના નિવાસસ્થાનથી થોડે દૂર કાલીઘાટ પહોંચ્યો, ત્યારે કાફલાની સામે ટીએમસીના કાર્યકરોએ 'જય બાંગ્લા' અને 'મમતા બેનર્જી ઝિંદાબાદ' અને "અમિત શાહ પાછા જાઓ"ના નારા લગાવ્યા

• નવી દીલ્હી

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે પશ્ચિમ બંગાળના ભવાનીપુરમાં રોડ શો કર્યો હતો. તેમણે કહ્યું- હું 15 દિવસ બંગાળમાં જ રહેવાનો છું. ટીએમસીને ઉખેડીને બંગાળની ખાડીમાં ફેંકી દેવા માટે દરેક વ્યક્તિએ ડર્યા વિના મતદાન કરવું. બંગાળના મતદારોને કોઈ ગુંડા રોકી શકશે નહીં. જ્યારે શાહનો કાફલો મમતા બેનર્જીના નિવાસસ્થાનથી થોડે દૂર કાલીઘાટ પહોંચ્યો, ત્યારે કાફલાની સામે ટીએમસીના કાર્યકરોએ 'જય બાંગ્લા' અને 'મમતા બેનર્જી ઝિંદાબાદ' અને "અમિત શાહ પાછા જાઓ"ના નારા લગાવ્યા અને કાળા ઝંડા ફરકાવ્યા હતા. આ પછી, ટીએમસી અને ભાજપના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે બેરિકેડ ઉભા કર્યા અને ભીડને કાબૂમાં લીધી. અગાઉ, શાહે કોલકાતામાં એક રેલીમાં કહ્યું હતું કે, સુવેન્દુ અધિકારી નંદીગ્રામથી ચૂંટણી લડવા માંગતા હતા, પરંતુ મેં તેમને કહ્યું હતું કે આપણે મમતાને ફક્ત નંદીગ્રામમાં જ નહીં પરંતુ તેમના પોતાના ઘરમાં પણ હરાવવાના છે.

મુખ્યમંત્રી મમતા પશ્ચિમ બંગાળના ભવાનીપુર અને નંદીગ્રામથી ચૂંટણી લડી રહ્યા છે. ભાજપે તેમની સામે સુવેન્દુ અધિકારીને બંને બેઠકો પરથી મેદાનમાં ઉતાર્યા છે. પશ્ચિમ બંગાળની ચૂંટણી માટે ભવાનીપુર બેઠક પરથી ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ ઉમેદવારી નોંધાવી. માલદા ઘટના પર, કેન્દ્રીય મંત્રી સુકાંત મજુમદારે કહ્યું કે મમતા બેનર્જીના નિવેદનો તેના માટે જવાબદાર છે. કેરળ ચૂંટણી માટે LDF અને UDF એ તેમના મેનિફેસ્ટો જાહેર કર્યો. કોંગ્રેસ અન્ય ઘણા પક્ષો સાથે UDF ગઠબંધનનો ભાગ છે. મુસ્લિમ મુખ્યમંત્રી અંગેના નિવેદન પર, ભાજપે કહ્યું કે જો મુસ્લિમો પોતાનામાંથી નેતા પસંદ કરે છે, તો મમતાની પાર્ટી બંગાળમાં 30 બેઠકો પણ જીતી શકશે નહીં. RJD નેતા તેજસ્વી યાદવે કહ્યું- કેરળમાં ફરીથી LDFની સરકાર બનશે. કેરળમાં પ્રચારનો આ મારો ત્રીજો દિવસ છે. LDF સરકારે, ખાસ કરીને પી.પીજયનજીના નેતૃત્વમાં,



જે વિકાસ કર્યો છે તે ખૂબ શાનદાર છે.પશ્ચિમ બંગાળના આસનસોલમાં પ્રચાર માટે અભિનેતા દેવના આવવા અંગે, આસનસોલ ઉત્તર વિધાનસભા મતવિસ્તારના ટીએમસી ઉમેદવાર મલય ઘટકે કહ્યું- દેવ બંગાળી ફિલ્મોના નંબર વન હીરો છે. તેઓ પ્રચાર કરવા આવી રહ્યા છે. તેઓ અમારા ટીએમસી સાંસદ છે. અહીંથી, અમે કોર્ટ સુધી રેલી કરીશું, અને પછી અમે અમારું ફોર્મ ભરીશું.

કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા અને રાહુલ ગાંધી કેરળના કોલ્લમમાં છે. ચાવરા મતવિસ્તારના UDF ઉમેદવાર શિબુ બેબી જોને કહ્યું, કેરળ એક એવું રાજ્ય છે જ્યાં ગાંધી પરિવારનું ખૂબ સન્માન કરવામાં આવે છે. કેરળના સામાન્ય લોકો ગાંધી પરિવારને ખૂબ માન આપે છે. તેથી, તે અર્થમાં, તે ચોક્કસપણે અમારા માટે ફાયદાકારક છે. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ કેરળના કોલ્લમમાં કહ્યું, 'એલપીજી અને ઈંધણના ભાવ સતત વધી રહ્યા છે. આ બધા વચ્ચે, મોદીના નેતૃત્વ હેઠળની આપણી કેન્દ્ર સરકારની નીતિ શું છે? તેઓ પોતાના લોકો માટે લડી રહ્યા નથી. તેઓ ભારત માટે લડી રહ્યા નથી. તેઓ ભારત માટે ઉભા નથી. તેઓ ફક્ત અમેરિકા સામે ઝૂકી રહ્યા છે, ઈઝરાયલ સામે ઝૂકી રહ્યા છે.' કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું, 'ઝુબીન ગર્ગ ભ્રષ્ટાચાર વિરુદ્ધ બોલ્યા અને એકતા અને સાંપ્રદાયિક સૌહાર્દ માટે અપીલ કરી. તેમના વિચારો હિમંતાના વિચારોથી સંપૂર્ણપણે અલગ હતા. હિમંતા સરમા જેની સાથે કામ કરે છે તેઓ તેમને દગો આપે છે.

તમિલનાડુના તિરુચિરાપલ્લીમાં TVKના નેતા વિજયના રોડ શો દરમિયાન એક પોલીસકર્મીને પગમાં ઈજા થઈ હતી.આસામના જોરહાટમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું-નરેન્દ્ર મોદીનું ભવિષ્ય ટ્રમ્પના હાથમાં છે. ડોનાલ્ડ ટ્રમ્પ નરેન્દ્ર મોદીને કન્ટ્રોલ કરે છે.આસામની ચૂંટણીઓ પર કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું, 'મને વિશ્વાસ છે કે આસામની જનતા ફરી એકવાર ભાજપને જબરદસ્ત જનાદેશ આપશે. આનું કારણ એ છે કે 2014થી પરિસ્થિતિ કેટલી બદલાઈ ગઈ છે. મોદી વડાપ્રધાન બન્યા પછી એવું નક્કી કરવામાં આવ્યું હતું કે પૂર્વોત્તર ક્ષેત્રમાં માળખાગત વિકાસ પર ખાસ ધ્યાન આપવામાં આવશે.' આજે, આપણે સારા રસ્તાઓ, બ્રહ્મપુત્ર નદી પર 11-12 પુલ, એરપોર્ટ, જળમાર્ગ અને રેલ્વે જોઈ શકીએ છીએ. કારણ કે લોકો તેમની આકાંક્ષાઓ પૂર્ણ થતી જુએ છે, તેથી સકારાત્મકતા અને વિકાસ માટે સમર્થનનું વાતાવરણ છે.

---

### શું ખાખી પર 'હપ્તાખોરી' ના ડાઘ લાગી રહ્યા છે?

# અંકલેશ્વર રેલ્વે સ્ટેશન પાસે જુગારની 'માયાજાળ' પોલીસના આશીર્વાદ કે આળસ?

અંકલેશ્વર: ઔદ્યોગિક નગરી અંકલેશ્વરમાં ગુનાખોરી અને ગેરકાયદે પ્રવૃત્તિઓએ માઝા મૂકી છે. શહેરના હાર્દ સમાન રેલ્વે સ્ટેશનની બિલકુલ બાજુમાં આવેલા ઝુંપડાઓમાં રાત-દિવસ 'વરલી-મટકા' અને 'તીન પત્તી' જેવા જુગારના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. સવાલ એ ઊભો થાય છે કે શું ભરૂચ પોલીસ ઊંઘમાં છે કે પછી જાણી જોઈને આંખ આડા કાન કરી રહી છે?

વિજય બુટલેગરનું 'સામ્રાજ્ય'

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ જુગારનો અડ્ડો વિજય નામનો બુટલેગર ચલાવી રહ્યો છે. અહીં માત્ર સ્થાનિકો જ નહીં, પણ દક્ષિણ ગુજરાતના વાપી, વલસાડ અને સુરતથી લઈને વડોદરા સુધીના લોકો નસીબ અજમાવવા (કે હારવા) ઉમટી પડે છે. એક અંદાજ મુજબ, એકસાથે 150 થી 200 જેટલા જુગારીઓ અહીં જાહેરમાં જુગાર રમે છે.

પોલીસની ભૂમિકા સામે સવાલોના ઘેરા




રેલ્વે સ્ટેશન જેવો સંવેદનશીલ અને ભીડભાડવાળો વિસ્તાર હોવા છતાં, સ્થાનિક પોલીસ કે LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી.

* શું પોલીસને આટલા મોટા પાયે ચાલતા અડ્ડાની જાણ નથી?

* શું ખાખી પર 'હપ્તાખોરી' ના ડાઘ લાગી રહ્યા છે?

* કેમ આ અસામાજિક તત્વોને કાયદાનો કોઈ ડર રહ્યો નથી?

જનતાની માગ: SP અને SMC મેદાનમાં આવે

અત્યારે ભરૂચ જિલ્લાના સજાગ નાગરિકોમાં એક જ ચર્ચા છે કે, શું ભરૂચ જિલ્લાના SP (સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ) અથવા ગાંધીનગરની SMC (સ્ટેટ મોનિટરિંગ સેલ) આ અડ્ડા પર દરોડા પાડીને દૂષણને ડામશે? સામાન્ય જનતા પૂછી રહી છે કે પોલીસ કાયદાનું પાલન કરાવશે કે પછી બુટલેગરોના ખિસ્સા ગરમ કરી આ જુગારની બદી ચાલવા દેશે?

» 'જો સ્ટેશન જેવા જાહેર વિસ્તારમાં પોલીસની નાક નીચે 200 લોકો જુગાર રમતા હોય, તો તે સમગ્ર કાયદો અને વ્યવસ્થાની નિષ્ફળતા સૂચવે છે.' – સ્થાનિક રહીશ

»

હવે જોવાનું એ રહે છે કે 'પાક્કો ગુજરાત' ના આ અહેવાલ બાદ કુંભકર્ણની નિદ્રામાં પોઢેલું તંત્ર જાગશે કે કેમ?

અહેવાલ: ટીમ પાક્કો ગુજરાત

---

# TMCનું ચૂંટણી મેનેજમેન્ટ સંભાળતી I-PACને ત્યાં EDએ દરોડા પાડ્યા

• નવી દીલ્હી

8 જાન્યુઆરી, 2026ના રોજ, EDએ I-PACના કોલકાતા કાર્યાલય પર દરોડા પાડ્યા. ત્યાંથી દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ ગુરુવારે રાજકીય કન્સલ્ટન્ટ કંપની I-PACના ત્રણ સ્થળોએ દરોડા પાડ્યા. ટીમ દિલ્હી, બેંગલુરુ અને હૈદરાબાદમાં કંપનીની ઓફિસો પર કાર્યવાહી કરી રહી છે. અધિકારીઓ મુજબ, દરોડા કોલસા ચોરી અને કૌભાંડ સંબંધિત કેસમાં પડ્યા છે. કંપનીના કો-ફાઉન્ડર અને ડિરેક્ટર ઋષિ રાજ સિંહના ઠેકાણા પણ આ કાર્યવાહીના દાયરામાં છે. I-PAC પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની પાર્ટી TMC માટે ચૂંટણી મેનેજમેન્ટનું કામ જુએ છે. I-PAC અને તેના ડિરેક્ટર પર કરોડો રૂપિયાના કોલસા ચોરી કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગનો આરોપ છે. આ મામલે CBIએ 27 નવેમ્બર 2020ના રોજ FIR નોંધી હતી. આખો મામલો લગભગ 2,742 કરોડ રૂપિયા સાથે સંકળાયેલો છે. આ પહેલા જાન્યુઆરીમાં ED એ કોલકાતામાં I-PAC ની ઓફિસ અને ડિરેક્ટર પ્રતીક જૈનના ઘરે દરોડા પાડ્યા હતા. હાલમાં EDએ સિંહ અને જૈનને નિવેદન નોંધાવવા માટે સમન મોકલ્યું હતું. બંનેએ આ નોટિસ રદ કરાવવા માટે દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો. તેમનું કહેવું છે કે તેઓ બંગાળ અને તમિલનાડુમાં ચૂંટણીમાં વ્યસ્ત છે. મમતા 8 જાન્યુઆરીના બપોરે 12 વાગ્યે I-PACના ડાયરેક્ટર પ્રતીક જૈનના ઘરે પહોંચ્યા હતા. આ દરમિયાન ત્યાં EDની રેડ ચાલી રહી હતી.

---

### આ સંકટનો ઉકેલ વાતચીતથી જ શક્ય છે, ઓનલાઈન બેઠકમાં 60 દેશો સામેલ થયા

# ભારતનો દાવો: હોર્મુઝ સંકટમાં અમારા જ નાગરિકો ભોગ બન્યા

• નવી દીલ્હી

બ્રિટનની પહેલ પર હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે એક મોટી ઓનલાઈન બેઠક યોજાઈ હતી, જેમાં 60થી વધુ દેશોએ ભાગ લીધો હતો. આ બેઠકમાં ભારત તરફથી વિદેશ સચિવ વિક્રમ મિસરી હાજર રહ્યા હતા. બેઠકમાં વિક્રમ મિસરીએ જણાવ્યું હતું કે હોર્મુઝ સંકટમાં અત્યાર સુધી માત્ર ભારતના જ નાગરિકો માર્યા ગયા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હોર્મુઝ સંકટમાં અત્યાર સુધીમાં 3 ભારતીય નાવિકો માર્યા ગયા છે, જેઓ બધા વિદેશી જહાજો પર કામ કરી રહ્યા હતા. ભારતે કહ્યું કે આ સમગ્ર સંકટનો ઉકેલ માત્ર વાતચીત અને શાંતિથી જ આવી શકે છે. ભારતે તમામ દેશોને અપીલ કરી કે તણાવ ઓછો કરે અને પરસ્પર વાતચીત દ્વારા માર્ગ શોધી કાઢે. આ




પહેલા ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC)એ કહ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટ તેમના નિયંત્રણમાં છે અને તે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વાહિયાત નિવેદનોથી ખુલશે નહીં. આ માર્ગ ત્યારે જ ખુલશે જ્યારે તેની શરતો માનવામાં આવશે.

ઈરાન-ઈઝરાયલ યુદ્ધ સંબંધિત પળેપળના અપડેટ્સ માટે નીચેનો બ્લોગ જુઓ ઈરાનના કરજમાં બનેલા સૌથી મોટા પુલ B1 પર હુમલાનો વીડિયો ઈઝરાયેલ-અમેરિકાએ ઓજેમી કરજમાં B1 પુલ પર બોમ્બમારો કર્યો છે. આ એક વિશાળ પ્રોજેક્ટ હતો જે તેહરાનને દેશના ઉત્તરીય વિસ્તારો, જેમાં કેસ્પિયન સમુદ્ર પણ સામેલ છે.

---

# AAPએ રાઘવ ચઢ્ઢાને રાજ્યસભાના ઉપનેતા પદ પરથી હટાવ્યા, ગૃહમાં પાર્ટી વતી નહીં બોલે

### પત્રમાં કહેવામાં આવ્યું હતું કે સદનમાં પાર્ટી તરફથી બોલવાનો સમય ન આપવામાં આવે

આમ આદમી પાર્ટી (AAP) એ ગુરુવારે સાંસદ રાઘવ ચઢ્ઢાને રાજ્યસભાના ઉપનેતા પદ પરથી હટાવી દીધા છે. તેમની જગ્યાએ આ પદ રાજ્યસભા સાંસદ અશોક મિત્તલને આપવામાં આવ્યું છે. પાર્ટીએ રાજ્યસભા સચિવાલયને પત્ર લખીને આ માહિતી આપી.

પત્રમાં કહેવામાં આવ્યું હતું કે સદનમાં પાર્ટી તરફથી બોલવાનો સમય ન આપવામાં આવે. રાઘવ 2022થી પંજાબથી રાજ્યસભા સાંસદ છે. તેમનો કાર્યકાળ 2028 સુધીનો છે. પાર્ટીએ આ નિર્ણયનું કારણ જણાવ્યું નથી. જોકે, તેમણે લાંબા સમયથી પાર્ટીથી અંતર બનાવી લીધું હતું અને AAPને લઈને કોઈ નિવેદન આપી રહ્યા ન હતા.27 ફેબ્રુઆરીએ જ્યારે એક નીચલી કોર્ટમાંથી અરવિંદ કેજરીવાલને દિલ્હી લીકર પોલિસી કેસમાં રાહત મળી, ત્યારે પણ તેમણે કોઈ નિવેદન આપ્યું ન હતું. રાજ્યસભામાં પણ તેઓ ગીગ વર્કર્સ અને સ્કૂલ ફી જેવા મુદ્દા ઉઠાવી રહ્યા હતા. અશોક મિત્તલ પણ પંજાબથી AAPના રાજ્યસભા સાંસદ છે. તેઓ જલંધરના રહેવાસી છે. પંજાબની લવલી પ્રોફેશનલ યુનિવર્સિટીના સ્થાપક અને ચાન્સેલર છે. 2022માં રાજ્યસભા સાંસદ બન્યા હતા. રાજકારણમાં આવતા પહેલા તેઓ સફળ ઉદ્યોગપતિ રહ્યા છે. તેમનો પરિવાર 'લવલી ગ્રુપ'નો માલિક છે, જે ઓટોમોબાઈલ અને મીઠાઈ (લવલી સ્વીટ્સ)ના વ્યવસાય સાથે સંકળાયેલું છે.

---

### ડેપ્યુટેશનના નિયમો નક્કી થશે; દાવો

# લોકસભામાં આજે CAPF બિલ રજૂ થશે, રાજ્યસભામાં પાસ

• નવી દીલ્હી

સંસદના બજેટ સત્ર દરમિયાન આજે લોકસભામાં CAPF એટલે કે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ (જનરલ એડમિનિસ્ટ્રેશન) બિલ પર ચર્ચા થશે. આ બિલ બુધવારે રાજ્યસભામાંથી પસાર થઈ ચૂક્યું છે. ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાય દ્વારા તેને ગૃહમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. આ બિલમાં CAPFના વરિષ્ઠ પદો પર ડેપ્યુટેશનથી નિમણૂકના નિયમો નક્કી કરવામાં આવ્યા છે.વિપક્ષ આ બિલના વિરોધમાં છે. કોંગ્રેસ સાંસદ મણિકમ ટાગોરે કહ્યું કે તેને તે દિવસે લાવવામાં આવી રહ્યું છે, જ્યારે વિપક્ષના નેતા રાહુલ ગાંધી આસામના પ્રવાસે છે.

આ ઉપરાંત આજે રાજ્યસભામાં અમરાવતીને આંધ્ર પ્રદેશની રાજધાની બનાવતું બિલ રજૂ કરવામાં આવશે. તેને લોકસભા બુધવારે પસાર કરી ચૂકી છે. ઈન્સ્પેક્ટર જનરલ (IG) સ્તરના 50% પદ ડેપ્યુટેશનથી ભરવામાં આવશેએડિશનલ ડાયરેક્ટર જનરલ (ADG)ના ઓછામાં ઓછા 67% પદ ડેપ્યુટેશનથી ભરવામાં આવશે સ્પેશિયલ ડાયરેક્ટર જનરલ (SDG) અને ડાયરેક્ટર જનરલ (DG)ના તમામ પદ ડેપ્યુટેશનથી જ ભરવામાં આવશે આજે સંસદના બજેટ સત્રનો છેલ્લો દિવસ છે. જોકે, ન્યૂઝ એજન્સી ANIએ સૂત્રોને ટાંકીને દાવો કર્યો છે કે બજેટ સત્ર ગુરુવારે અનિશ્ચિતકાળ માટે સ્થગિત થવાની સંભાવના નથી, કારણ કે સરકાર એપ્રિલના ત્રીજા અઠવાડિયામાં તેને ફરીથી બોલાવવાની યોજના બનાવી રહી છે. ઝારખંડના ભાજપના સાંસદ આદિત્ય પ્રસાદે ગૃહમાં બાળકોની બલિનો મુદ્દો ઉઠાવ્યો.

---

# ટ્રમ્પના ભાષણ પછી સોના-ચાંદીના ભાવ તૂટ્યા સોનામાં 3,263, ચાંદીમાં 13 હજારનો ઘટાડો

### ઈરાન યુદ્ધથી 34 દિવસમાં સોનું 16 હજાર સસ્તું થયું

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો ચાલુ છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, ગુરુવારે 10 ગ્રામ 24 કેરેટ સોનું 5,346 રૂપિયા ઘટીને 1.46 લાખ રૂપિયા થયું છે. આ પહેલા બુધવારે તે 1.51 લાખ પર હતું. જ્યારે, એક કિલો ચાંદી 15,176 રૂપિયા ઘટીને 2.25 લાખ રૂપિયા થઈ ગઈ, જે 25 માર્ચે 2.40 લાખ રૂપિયા પર હતી. અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે સોનું 34 દિવસમાં 13,590 અને ચાંદી 42,040 સસ્તી થઈ છે. ટ્રાન્સપોર્ટેશન અને સિક્યોરિટી: એક શહેરથી બીજા શહેરમાં સોનું



લઈ જવામાં ઈંધણ અને સુરક્ષા ખર્ચ ઉમેરાય છે, જેનાથી અંતર વધવા પર ભાવ વધે છે. ખરીદીની માત્રા: દક્ષિણ ભારતમાં વધુ વપરાશ (લગભગ 40%)ને કારણે જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ છૂટનો ફાયદો મર્યાદિત રહે છે.લોકલ જ્વેલર્સ એસોસિએશન: રાજ્ય અને શહેરના જ્વેલર્સ એસોસિએશન સ્થાનિક માગ-પુરવઠાના આધારે ભાવ નક્કી કરે છે. વર્ષની શરૂઆતમાં સોનામાં તેજી હતી, પરંતુ તાજેતરના અઠવાડિયામાં નફાખોરી અને ઈરાન યુદ્ધને કારણે ઘટાડો જોવા મળ્યો છે.કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે.

એક્સપર્ટ્સ અનુસાર, રેકોર્ડ ઊંચાઈને સ્પર્શ્યા પછી સોનું હાલમાં 'કરેક્શન ફેઝ' (કિંમતોમાં સુધારો) માં છે. શોર્ટ ટર્મમાં મોમેન્ટમ થોડું નબળું જરૂર પડ્યું છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# વાહનચાલકોના ખિસ્સા પર બોજ: ભરૂચના મુલદ ટોલ પ્લાઝા પર આજથી નવા દરો અમલી, હેવી વ્હીકલના ટોલમાં વધારો

### NH-48 પરથી પસાર થતા ૨૫ હજાર જેટલા વાહનચાલકોને ૫ થી ૧૦નું વધારાનું ભારણ સહન કરવું પડશે

• ભરૂચ,

મુંબઈ અને દિલ્હીને જોડતા નેશનલ હાઈવે નંબર-૪૮ પર મુલદ પાસે આવેલા ટોલ પ્લાઝા પરથી પસાર થવું હવે મોંઘું પડશે. હાઈવે ઓથોરિટી દ્વારા ટોલ ટેક્સના દરોમાં વધારો કરવામાં આવતા આજથી વાહનચાલકો પર આર્થિક ભારણ વધ્યું છે. ખાસ કરીને બસ, ટ્રક અને હેવી વ્હીકલ કેટેગરીમાં ૫ થી ૧૦ સુધીનો વધારો ઝીંકવામાં આવ્યો છે, જેના કારણે પરિવહન ખર્ચમાં પણ વધારો થવાની શક્યતા છે.




ટોલનાકાનું સંચાલન કરતી કંપની દ્વારા કરવામાં આવેલી દરખાસ્તને નેશનલ હાઈવે ઓથોરિટી (NHAI) એ લીલી ઝંડી આપતા નવા દરો ૧લી એપ્રિલથી અમલમાં આવી ચૂક્યા છે. રાહતની વાત એ છે કે, કાર, જીપ અને વાન સહિતના લાઈટ મોટર વ્હીકલ (LMV) કેટેગરીના સિંગલ અને રિટર્ન ફેરાના દરમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. જોકે, આ કેટેગરીના વાહનો માટે કાઢવામાં આવતા માસિક પાસના દરમાં ૨૦નો વધારો કરવામાં આવ્યો છે.બીજી તરફ, બસ, ટ્રક, ડબલ એક્સેલ, ત્રિપલ એક્સેલ અને મલ્ટી એક્સેલ ધરાવતા હેવી વાહનોના ટોલ ટેક્સમાં નોંધપાત્ર વધારો થયો છે.

# જેતપુરના ચાંપરાજપુર રોડ પર દીપડાનો આતંક: ખેતરમાં દવા છાંટતા ખેડૂત પર હુમલો

• જેતપુર

જેતપુર પંથકમાં વન્ય પ્રાણીઓના રહેણાંક વિસ્તારમાં આંટાફેરા વધતા ખેડૂતોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આજે બપોરના સમયે જેતપુરના ચાંપરાજપુર રોડ પર કેનાલ પાસે આવેલી સીમમાં ખેતરમાં દવા છાંટી રહેલા એક ૪૫ વર્ષીય ખેડૂત પર દીપડાએ ઓચિંતો હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. સદનસીબે, ખેડૂતે બહાદુરી પૂર્વક પ્રતિકાર કરતા દીપડો ભાગી છૂટ્યો હતો, પરંતુ હુમલામાં ખેડૂતને શરીરે ઈજાઓ પહોંચી છે.પ્રાપ્ત વિગતો મુજબ, જેતપુરના રહેવાસી જમનભાઈ ભીખાભાઈ અમીપરા (ઉં.વ. ૪૫) આજે બપોરના સમયે ચાંપરાજપુર રોડ પર આવેલ પોતાના ખેતરમાં તલના પાકમાં દવા છાંટી રહ્યા હતા.

**ઘટસ્ફોટ** ઈન્વેસ્ટિગેટિવ એક્સક્લુઝિવ: એડિટર પવન માકનનો સનસનાટીભર્યો ઘટસ્ફોટ!

# બોડકદેવનું 'ડેથ વોરન્ટ': ખાખીની રહેમનજર, જયપાલનો 'હપ્તા' રાજ અને તુષારનું બ્લુ પાપ!

• અમદાવાદ

અમદાવાદનો સૌથી 'રઈસ' અને VIP વિસ્તાર બોડકદેવ હવે તેની ભવ્યતા માટે નહીં, પણ 'વર્દીધારી ભ્રષ્ટાચાર' અને 'દેહ વ્યાપારના હબ' તરીકે ઓળખાઈ રહ્યો છે. અહીં કાયદાનું શાસન નથી, પણ 'વહીવટદાર જયપાલ' ની સમાંતર સરકાર ચાલે છે. જયપાલે ખાખીની ગરિમાને 'હપ્તા'ની હરાજીમાં નીલામ કરી દીધી છે. સૂત્રો કહે છે કે, અહીં ખાખી પહેરેલા રક્ષકો જ ભક્ષકોને 'અભયદાન' આપી રહ્યા છે.

મેપલ કન્ટ્રી રોડ: જ્યાં 'બ્લુ લક્ઝુરિયસ સ્પા' માં લજવાય છે મર્યાદા!

થલતેજનો મેપલ કન્ટ્રી રોડ આજે પાપની ગંગા વહી રહ્યો છે. 'બ્લુ લક્ઝુરિયસ સ્પા' (Blue Luxurious Spa) ના નામે અહીં જે ખેલ ચાલે છે, તે જાણીને તમે ચોંકી જશો:

* તુષારનું સેક્સ સિન્ડિકેટ: આ સ્પાનો માલિક તુષાર માત્ર મસાજ નથી વેચતો, પણ હાઈ-પ્રોફાઈલ ઈન્ટરનેશનલ દેહ વ્યાપારનું નેટવર્ક ચલાવે છે.
* થાઈલેન્ડની યુવતીઓ અને વિઝા ફ્રોડ: ટૂરિસ્ટ વિઝા પર થાઈલેન્ડની છોકરીઓને લાવીને અહીં ગેરકાયદેસર કામોમાં ધકેલાય છે. શું ઈમિગ્રેશન વિભાગ અને લોકલ પોલીસના નાક નીચે આ બધું અજાણતા થઈ રહ્યું છે?
* પોલીસ સ્ટેશનની 'નાક' નીચે પાપ:





પોલીસ સ્ટેશનની હદમાં હોવા છતાં આ અડ્ડો 'સીના જોરી' થી ચાલે છે. શું પોલીસની ચુપકીદી માટે તુષારે મસમોટી 'કિંમત' ચૂકવી દીધી છે?

'એક્યમ સ્પા': સટ્ટાબાજો અને નબીરાઓનું સેફ હાઉસ!

એક્યમ સ્પા (Akyam Spa) હવે મસાજ સેન્ટર મટીને શહેરના મોટા ગજાના સટ્ટાબાજો અને નબીરાઓનું અડિંગો બની ગયું છે. રાત્રે અહીં જે ગાડીઓનો કાફલો લાગે છે, તે પુરાવો છે કે અહીં કાયદો વેચાઈ ચૂક્યો છે. ક્યા મોટા માથાના આશીર્વાદથી આ 'પાપનું પિરામિડ' ઉભું છે?

'જયપાલ' નામનો વાયરસ: સિસ્ટમનું કેન્સર!

બોડકદેવમાં એક જ નામ ગુંજે છે– જયપાલ. જે પોલીસ અને અપરાધીઓ વચ્ચેનો 'ગોલ્ડન બ્રિજ' છે.

* મહિને કરોડોનું કલેક્શન: ક્રિકેટ સટ્ટો હોય,




ગેરકાયદે કોલ સેન્ટર હોય કે સ્પા... દરેકનો 'હપ્તો' જયપાલના ફિલ્ટરથી પસાર થઈને 'ઉપર' સુધી પહોંચે છે.

* PI ની લાચારી કે ભાગીદારી?: સ્થાનિક PI ની રહસ્યમયી શાંતિ એ વાતની ગવાહી આપે છે કે જયપાલનો રુઆબ બંધારણ કરતા પણ મોટો છે.

'પાક્કો ગુજરાત' ના ધારદાર સવાલો: કમિશનર સાહેબ, મૌન તોડો!

* શું અમદાવાદના VIP વિસ્તારોને જયપાલ અને તુષાર જેવા 'મગરમચ્છો' ના હવાલે કરી દેવાયા છે?
* શું પોલીસ કમિશનરને ખબર છે કે તેમની ફોર્સમાં એક 'જયપાલ' પોતાની પ્રાઈવેટ લિમિટેડ પોલીસ ચલાવે છે?
* વિદેશી યુવતીઓના વિઝા ઉલ્લંઘન પર PCB અને ક્રાઈમ બ્રાન્ચ કેમ ઊંઘતી ઝડપાય છે? શું આમાં કોઈ 'મોટા ગજાના' સફેદપોશ નેતાઓ સામેલ છે?

છેલ્લી ચેતવણી: હવે જનતાનો જનાક્રોશ ફાટી નીકળશે!

બોડકદેવની જનતા હવે ડરમાં જીવવા તૈયાર નથી. જો 'બ્લુ લક્ઝુરિયસ સ્પા' અને 'એક્યમ' જેવા પાપના અડ્ડાઓ પર તાત્કાલિક બુલડોઝર ન ફર્યું અને જયપાલ જેવા વચેટિયાઓનો હિસાબ ન થયો, તો 'પાક્કો ગુજરાત' જનતા સાથે રસ્તા પર ઉતરશે.

વર્દી પર લાગેલો આ કલંક સાફ કરો કમિશનર સાહેબ, નહીંતર ઈતિહાસ તમને માફ નહીં કરે!

આગામી અંકમાં સનસનાટીભર્યો ખુલાસો: તુષારના સ્પામાં આવતા 'VIP' નબીરાઓ અને જયપાલના દરબારમાં હાજરી ભરતા સફેદપોશ ચહેરાઓના ફોટા સાથેનો ઘટસ્ફોટ!

સંપાદક: પવન માકન

અહેવાલ: પાક્કો ગુજરાત (સત્યની સાથે, ભ્રષ્ટાચારની સામે)

### સોનાના વાયદામાં રૂ.4503 અને ચાંદીના વાયદામાં રૂ.15784નો કડાકો: ક્રૂડ તેલના વાયદામાં રૂ.1011નો ઉછાળો

# સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 29779.06 કરોડનાં કામકાજ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો 35679 પોઈન્ટના સ્તરે

**ઉછાળો** કોમોડિટી વાયદાઓમાં રૂ.41081.71 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.114547.64 કરોડનું ટર્નઓવર:

• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.155629.99 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.41081.71 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.114547.64 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો 35679 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.3580.49 કરોડનું થયું હતું.




કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 29779.06 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.146832ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.149699 અને નીચામાં રૂ.145601ના સ્તરને સ્પર્શી, રૂ.150104ના આગલા બંધ સામે રૂ.4503 ઘટી રૂ.145601ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો 8 ગ્રામદીઠ રૂ.4139 ઘટી રૂ.118250 થયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો 1 ગ્રામદીઠ રૂ.517 ઘટી રૂ.14809 થયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.5588 ઘટી રૂ.145238ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.151200ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.151200 અને નીચામાં રૂ.146000ના મથાળે અથડાઈ, રૂ.152443ના આગલા બંધ સામે રૂ.5022 ઘટી રૂ.147421 થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.242800ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.242800 અને નીચામાં રૂ.224500ના મથાળે અથડાઈ, રૂ.243501ના આગલા બંધ સામે રૂ.15784 ઘટી રૂ.227717ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.15157 ઘટી રૂ.231280ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.15201 ઘટી રૂ.231349ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.બિનલોહ ધાતુઓમાં રૂ. 2336.96 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો રૂ.20.05 ઘટી રૂ.1149.15ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત એપ્રિલ વાયદો રૂ.4.25 ઘટી રૂ.321.15ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો રૂ.4.85 ઘટી રૂ.350.8ના સ્તરે પહોંચ્યો હતો. સીસું એપ્રિલ વાયદો રૂ.1.4 ઘટી રૂ.196.1ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.એનર્જી સેગમેન્ટમાં રૂ. 8817.32 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી એપ્રિલ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.5439ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5550 અને નીચામાં રૂ.5186ના મથાળે અથડાઈ, રૂ.264 ઘટી રૂ.5218 થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.9623ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.10286 અને નીચામાં રૂ.9623ના સ્તરને સ્પર્શી, રૂ.9253ના આગલા બંધ સામે રૂ.1011 વધી રૂ.10264 થયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.1007 વધી રૂ.10263ના સ્તરે પહોંચ્યો હતો.

# જુનિયર ક્લાર્કના પેપર કૌભાંડના આરોપીને ભાજપે યુવા મોરચા પ્રમુખનો હોદ્દો આપ્યો, ATS એ કરી હતી ધરપકડ

### ગુજરાત એટીએસ (ATS) દ્વારા જેની ધરપકડ કરવામાં આવી હતી

• અમદાવાદ

ગુજરાત સરકારની આબરૂના ધજાગરા કરાવનાર જુનિયર ક્લાર્ક પેપર લીક કૌભાંડમાં વધુ એક રાજકીય વિવાદ છેડાયો છે. ગુજરાત એટીએસ (ATS) દ્વારા જેની ધરપકડ કરવામાં આવી હતી, તે આરોપી આકાશ જશુભાઈ પટેલને ભાજપ દ્વારા અરવલ્લી જિલ્લાના યુવા મોરચાના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવતા પક્ષમાં અને જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.જાન્યુઆરી 2023 માં યોજાયેલી જુનિયર ક્લાર્કની પરીક્ષાનું પેપર લીક થતા કરોડો રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવ્યું હતું. આ કેસની તપાસ દરમિયાન ગુજરાત એટીએસ દ્વારા તેલંગાણાની કે.એલ. હાઈટેક પ્રેસમાંથી પેપર લીક કરનાર ટોળકીને પકડવામાં આવી હતી. આ તપાસમાં બાયડના આકાશ જશુભાઈ પટેલનું નામ પણ ખુલ્યું હતું.આકાશ પટેલ પર આક્ષેપ છે કે તેણે 10 લાખ રૂપિયા આપીને જુનિયર ક્લાર્કનું પેપર અગાઉથી ખરીદ્યું હતું. પેપર લીક કેસમાં 25 થી વધુ આરોપીઓની યાદીમાં આકાશ પટેલનું નામ હતું અને તેની અગાઉ ધરપકડ પણ થઈ હતી.




સૂત્રોના જણાવ્યા મુજબ, આકાશ પટેલના કાકા કોર્પોરેટર હોવાના કારણે સ્થાનિક રાજકારણમાં તેમનું વર્ચસ્વ છે, જેનો લાભ તેને મળ્યો હોવાની ચર્ચા છે.રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે આકાશ પટેલે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પોતાની લોબી મજબૂત કરી દીધી છે. જિલ્લા યુવા મોરચાના પ્રમુખ જેવું મહત્વનું પદ મળ્યા બાદ હવે તેને આગામી ચૂંટણીમાં ભાજપ તરફથી ટિકિટ મળે તેવી ગોઠવણ પણ તે કરી રહ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. એક તરફ ગુજરાત સરકાર પેપર લીક જેવી ગંભીર ગુનાહિત પ્રવૃત્તિઓ ડામવા માટે કડક કાયદા લાવી રહી છે, ત્યારે બીજી તરફ સત્તાધારી પક્ષના સંગઠનમાં જ કૌભાંડના આરોપીને સ્થાન મળતા વિરોધ પક્ષો અને બેરોજગાર યુવાનોમાં સરકારની નીતિ-રીતિ પર અનેક સવાલો ઉઠી રહ્યા છે.

# પોલીસ કર્મીઓ દ્વારા નર્મદા પરિક્રમાવાસીઓની સુરક્ષા અને સુવિધા મોનિટરિંગ માટે ચારે ઘાટ પર ૨૭ સીસીટીવી કેમેરાની ખાસ વ્યવસ્થા

• રાજપીપલા,તા 2

નર્મદા જિલ્લામાં ચાલી રહેલી ઉત્તરવાહિની પરિક્રમા તા. ૧૭ એપ્રિલ ૨૦૨૬ સુધી યોજાનાર છે. આ પવિત્ર પરિક્રમામાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ સહિત દેશના વિવિધ પ્રાંતોમાંથી મોટી સંખ્યામાં પરિક્રમાવાસીઓ ઉપસ્થિત રહી પરિક્રમા કરી આધ્યાત્મિક ધન્યતા અનુભવી રહ્યા છે. પરિક્રમાવાસીઓને સુવિધાસભર રીતે પરિક્રમા કરી શકે તે માટે નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વ્યાપક આયોજન હાથ ધરવામાં આવ્યું છે.પોલીસ વિભાગ દ્વારા ચારેય ઘાટ પર ૨૪ કલાક સતત સુપરવિઝન રાખવામાં આવી રહ્યું છે, જેથી પરિક્રમાર્થીઓને કોઈ પણ જાતની મુશ્કેલી ન પડે. દરેક ઘાટ પર કંટ્રોલરૂમની વ્યવસ્થા સાથે સીસીટીવી કેમેરા મુકવામાં આવ્યા છે. આ કેમેરાઓ દ્વારા પરિક્રમાર્થીઓની અવરજવર, ભીડ નિયંત્રણ, પાર્કિંગ વ્યવસ્થા તેમજ રોડ-રસ્તાઓ પર ટ્રાફિકનું સતત મોનિટરિંગ કરવામાં આવે છે. કોઈ વાહન રસ્તા પર લાંબા સમય સુધી ઉભું ન રહે તેની ખાસ કાળજી લેવામાં આવી રહી છે, જેના પરિણામે પરિક્રમાર્થીઓ સુરક્ષિત અને સુગમ રીતે પરિક્રમા કરી રહ્યા છે. પી.એસ.આઈ. આર.આર. અલગોતરે જણાવ્યુ હતું કે, જિલ્લા પોલીસ અધિક્ષક વિશાખા ડબરાલના માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગ દ્વારા ચારેય ઘાટ પર સીસીટીવી કેમેરા થકી ૨૪ કલાક સુપરવિઝન કરવામાં આવે છે.ખાસ કરીને નદીમાં કોઈ નાહવા ન જાય, પ્રાઈવેટ વાહનોને અંદર આવવા ન દેવા તેમજ પરિક્રમાર્થીઓને કોઈ તકલીફ ન પડે તે માટે સતત ધ્યાન આપવામાં આવે છે. આ કામગીરી પરિક્રમા પૂર્ણ થાય ત્યાં સુધી ચાલુ રહેશે.પોલીસ વિભાગની કામગીરીમાં અન્ય જિલ્લાઓમાંથી ૫૨૩ જેટલા અધિકારીઓ (ડીવાયએસપી) અને ૪૯૦ પોલીસ કર્મચારીઓ જોડાયા છે. જ્યારે નર્મદા જિલ્લામાંથી ૦૫ ડીવાયએસપી, ૦૮ પોલીસ ઈન્સ્પેક્ટર, ૧૬ પીએસઆઈ, ૩૦૦ પોલીસ કર્મચારીઓ તેમજ ૭૭૧ હોમગાર્ડ અને જી.આર.ડી. મળીને કુલ ૨૧૦૦થી વધુ કર્મચારીઓ ૨૪ કલાક પરિક્રમામાં ખડેપગે કામગીરી કરી રહ્યા છે.

# નર્મદા જિલ્લમાં દેડિયાપાડાના જુના મોઝદા ગામે PM કુસુમ યોજના હેઠળ રૂપિયા 62 કરોડના ખર્ચે નિર્મિત સોલાર પંપ કૃષિ પ્રોજેક્ટનું લોકાર્પણ



• રાજપીપલા,તા 2

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) દ્વારા પ્રધાનમંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજના અંતર્ગત કોમ્પોનેન્ટ-B હેઠળ નર્મદા જિલ્લાના દેડીયાપાડા તાલુકામાં જુના મોઝદા ગામે સોલાર કૃષિ પંપ પ્રોજેક્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટનું ગુજરાતના વન અને પર્યાવરણ વિભાગના રાજ્ય મંત્રી અને નર્મદા જિલ્લાના સહ પ્રભારી મંત્રી પ્રવિણભાઈ માળીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પ્રવિણભાઈ માળીએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે, PM-KUSUM યોજના હેઠળ ખેડૂતોને સોલાર પંપ માટે રૂપિયા 5 લાખ સુધીની સહાય સરકાર દ્વારા આપવામાં આવે છે, જેમાં કેન્દ્ર સરકાર તરફથી 60 ટકા અને રાજ્ય સરકાર તરફથી 40 ટકા સબસિડી પણ આપવામાં આવે છે. આ યોજના ખેડૂતોને ડીઝલ પરની નિર્ભરતા ઘટાડીને સસ્તી અને પર્યાવરણમૈત્રી ઊર્જા તરફ દોરી જાય છે.

### તસ્કર ટોળકી અગાશીના ઉપરના ભાગેથી દુકાનોમાં પ્રવેશી હતી

# નેત્રંગમાં તસ્કરોનો તરખાટ: એક જ રાત્રિમાં ત્રણ દુકાનોને નિશાન બનાવી લાખોની રોકડની ચોરી

• નેત્રંગ

નેત્રંગ નગરના ચાર રસ્તા વિસ્તારમાં તસ્કરોએ એક જ રાત્રિમાં ત્રણ દુકાનોમાં ખાતર પાડી લાખોની મતા ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. તસ્કરોએ માત્ર ગલ્લામાં રહેલી રોકડ રકમ પર જ હાથફેરો કર્યો હતો. આ બનાવને પગલે સમગ્ર પંથકના વેપારી આલમમાં ભારે ચકચાર અને ફફડાટ વ્યાપી ગયો છે.

ચોરીની આ ઘટના નેત્રંગ-મોવી રોડ પર દર્શનાનગર સોસાયટીની આગળના ભાગમાં આવેલા શોપિંગ સેન્ટરમાં બની હતી. શાતિર તસ્કરોએ પુરાવાનો નાશ કરવા માટે દુકાનોમાં લાગેલા સીસીટીવી કેમેરાની તોડફોડ




કરી હતી અને રેકોર્ડિંગ ધરાવતું ડીવીઆર (DVR) પણ પોતાની સાથે ઉઠાવી ગયા હતા, જેથી તેમની ઓળખ ન થઈ શકે.

તસ્કર ટોળકી અગાશીના ઉપરના ભાગેથી દુકાનોમાં પ્રવેશી હતી. દુકાનોના ધાબા પર દાદર માટે બનાવેલા કેબિનના ભાગમાં તોડફોડ કરીને ચોરો અંદર દાખલ થયા હતા. ચોરીનો ભોગ બનેલી દુકાનોમાં સાગર ઓટો પાર્ટ્સ, શિવમ સેલ્સ અને શાહ એન્ટરપ્રાઈઝનો સમાવેશ થાય છે.

આ ચોરીમાં સૌથી મોટું નુકસાન સાગર ઓટો પાર્ટ્સના માલિક સાહિલ આયુબભાઈ રાઠોડને થયું છે, જેમના જણાવ્યા મુજબ તેમની દુકાનમાંથી 1.10 લાખની રોકડ ચોરાઈ છે. આ ઉપરાંત શાહ એન્ટરપ્રાઈઝના માલિક સન્નીભાઈ શાહની દુકાનમાંથી આશરે 10 હજાર અને શિવમ સેલ્સના માલિક જેઠાભાઈ ગુર્જરના ગલ્લામાંથી 4 થી 5 હજારની રોકડ રકમની ચોરી થઈ છે.

ગતરોજ સવારે જ્યારે ત્રણેય વેપારીઓએ પોતાની દુકાનો ખોલી ત્યારે અંદરનો નજારો જોઈને તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા. ઘટનાની જાણ તાત્કાલિક નેત્રંગ પોલીસને કરવામાં આવતા પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે ડોગ સ્ક્વોડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાતોની મદદથી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

# ક્રિપ્ટો રોકાણના નામે 58 લાખની ઠગાઈ, ચાઈનીઝ ગેંગના 6 સાગરીત ઝડપાયા

• અમદાવાદ

અમદાવાદ શહેરના સાબરમતી વિસ્તારમાં ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરી ઊંચું વળતર મેળવવાની લાલચ આપી એક વ્યક્તિ સાથે 58 લાખ રૂપિયાની છેતરપિંડી આચરનાર આંતરરાષ્ટ્રીય ટોળકીનો સાબરમતી પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે 24મીથી 31મી માર્ચ દરમિયાન આ કૌભાંડમાં સંડોવાયેલા કુલ 6 આરોપીઓની ધરપકડ કરી છે, જેમના કનેક્શન દુબઈ અને કંબોડિયાની ચાઈનીઝ ગેંગ સાથે હોવાનું સામે આવ્યું છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે નવેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન ઠગ ટોળકીએ ફેસબુક પ્રોફાઈલ દ્વારા ફરિયાદીનો સંપર્ક કરી વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ 'ક્રિસ્ટલ ઈન્ટીરિયર ડિઝાઈનર પ્રાઈવેટ લિમિટેડ' નામની ડમી કંપનીના બેન્ક ખાતાઓમાં નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં ડમી કંપનીના ડિરેક્ટરો અને બેન્ક ખાતા તેમજ ઓફિસની વ્યવસ્થા કરી આપનારા શખસોનો સમાવેશ થાય છે. આ આખા નેટવર્કનો મુખ્ય સૂત્રધાર મૂળ સુરતનો મયુર સાવલિયા હોવાનું ખૂલ્યું છે. મયુર સાવલિયા છેલ્લા ત્રણ-ચાર વર્ષથી વિદેશમાં છે. તે અગાઉ લાઓસ અને કંબોડિયામાં ચાઈનીઝ ગેંગના કોલ સેન્ટરોમાં કામ કરી ચૂક્યો છે અને હાલ દુબઈથી આ નેટવર્ક ચલાવે છે. પકડાયેલા આરોપીઓ ઓમકાર ભારતી ગોસ્વામી અને સની મગો તેના સતત સંપર્કમાં હતા. આ ટોળકી ભારતના લોકો પાસેથી ડમી બેન્ક એકાઉન્ટ્સ મેળવી, એકાઉન્ટ હોલ્ડરોને દિલ્હીની હોટલોમાં રોકતી હતી અને ટ્રાન્જેક્શન પર 5થી 10 ટકા કમિશન મેળવતી હતી. 42 વર્ષીય તાહીર ફૈઝમોહમદ બેલીમ 28 વર્ષીય અદનાન લીયાકત શેખ 34 વર્ષીય એઝાઝ જીલાની શેખ 28 વર્ષીય ઓમકારભારતી મહેશભારતી ગોસ્વામી 39 વર્ષીય મકસૂદ રફીક મિર્ઝા 38 વર્ષીય સન્ની અશોકકુમાર મગ્ગો તપાસમાં ચોંકાવનારા ઘટસ્ફોટ થયા પોલીસને તપાસ દરમિયાન આ ટોળકીના વ્યવહારોમાં અનેક ચોંકાવનારી વિગતો મળી છે. ડમી કંપનીઓના ખાતામાંથી 3 કરોડ રૂપિયાથી વધુના વ્યવહારો મળી આવ્યા છે, જેમાં માત્ર એક જ ખાતામાં 93 લાખ રૂપિયાનું ટ્રાન્જેક્શન થયું છે. આ ટોળકી દ્વારા વપરાતા માત્ર 4 બેન્ક ખાતા સામે સમગ્ર ભારતમાં અલગ-અલગ સ્થળોએ 41 જેટલી ફરિયાદો નોંધાયેલી છે.

# એપ્રિલના પહેલા જ દિવસે મોંઘવારીનો ડામ: જનતાના ખિસ્સા કાપવાની ભાજપની નવી શરૂઆત?

• અમદાવાદ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ ભાજપ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું છે કે, નવા નાણાકીય વર્ષના પ્રારંભે જ જનતા પર મોંઘવારીનો અસહ્ય બોજ ઝીંકવામાં આવ્યો છે. શું આ જ 'અચ્છે દિન' છે? તેવો વેધક સવાલ તેમણે ઉઠાવ્યો છે.

મોંઘવારીના મુખ્ય 'ઝટકા': * LPG માં ભડકો: કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં 200નો વધારો થતા ભાવ 2000ને પાર પહોંચી ગયો છે, જેની સીધી અસર ખાણી-પીણી અને અન્નક્ષેત્રો પર પડશે. * ટોલ ટેક્સનો માર: હાઈવે ટોલ ટેક્સ વધતા પરિવહન મોંઘું થશે, પરિણામે જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ વધશે.

હનુમાન જન્મોત્સવ

## ડભોડિયા હનુમાનજીના સાનિધ્યમાં આજ રોજ ચૈત્રી પૂનમના પવિત્ર પર્વે ભક્તિ

# ડભોડામાં શ્રદ્ધાનું ઘોડાપૂર : દાદાને 2500 તેલના ડબ્બાનો મહાઅભિષેક કરાયો, 151 કિલોની કેક કાપી હનુમાન જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી

## હનુમાન જન્મોત્સવ ઉજવણીના પ્રારંભે સવારે હનુમાનજી દાદાની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી

• ગાંધીનગર

ગાંધીનગર નજીક આવેલા ઐતિહાસિક અને પૌરાણિક ડભોડા ગામે આજે હનુમાન જન્મોત્સવ નિમિત્તે શ્રદ્ધાનું ઘોડાપૂર ઉમટ્યું છે. સ્વયંભૂ પ્રગટ થયેલા ડભોડિયા હનુમાનજીના સાનિધ્યમાં આજ રોજ ચૈત્રી પૂનમના પવિત્ર પર્વે ભક્તિ, શક્તિ અને સેવાના ત્રિવેણી સંગમ સમાન ભવ્ય મહોત્સવની ઉજવણી કરવામાં રહી છે જે મોડી રાત સુધી ચાલશે. આજે વહેલી સવારથી જ 'જય શ્રી રામ અને બજરંગબલી કી જય'ના નાદથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું છે.

આજે હનુમાન જન્મોત્સવ ઉજવણીના પ્રારંભે સવારે હનુમાનજી દાદાની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, ડભોડિયા હનુમાનજી મંદિરનો ઈતિહાસ અત્યંત પ્રાચીન છે. લોકવાયકા મુજબ, વર્ષો પહેલા અહીં ગૌચરની જમીન હતી જ્યાં ગાયો ચરવા આવતી હતી. એક ગાય દરરોજ એક ચોક્કસ સ્થાને જઈને પોતાના દૂધની ધાર કરતી હતી. જ્યારે તે સ્થળે ખોદકામ કરવામાં આવ્યું, ત્યારે હનુમાનજીની અત્યંત પ્રભાવશાળી



સ્વયંભૂ મૂર્તિ મળી આવી હતી. મૂર્તિ મળ્યા બાદ અહીં નાનું મંદિર બન્યું જે આજે ભવ્ય શિખરબદ્ધ મંદિરમાં પરિવર્તિત થયું છે. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ દાદાને કરવામાં આવેલો 2500 જેટલા તેલના ડબ્બાનો મહાઅભિષેક છે. આ પરંપરા વર્ષોથી ચાલી આવે છે, જ્યાં ભક્તો પોતાની બાધા-આખડી પૂર્ણ કરવા તેલ અર્પણ કરે છે. બપોરે 12 કલાકે હનુમાનજીના પ્રાગટ્ય સમયે 101 દીવાની ભવ્ય મહાઆરતી કરવામાં આવી હતી, જેનો લાહવો લઈ ભક્તો ધન્ય બન્યા હતા. આ પ્રસંગે 151 કિલોની વિશાળ કેક કાપીને જન્મોત્સવની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી. ત્યારે મનોરંજન અને ભક્તિના સંગમ સાથે બપોરથી મોડી રાત સુધી ભજનકીર્તન અને સંગીતનો કાર્યક્રમ અવિરત ચાલશે. દિવસભરના ઉત્સવ બાદ રાત્રે 8.30 કલાકે આકાશમાં નયનરમ્ય ફાયર શો એટલે કે ભવ્ય આતિશબાજીનું આયોજન કરવામાં આવ્યું છે જે આકર્ષણનું કેન્દ્ર બનશે.બીજી તરફ મંદિર ટ્રસ્ટ દ્વારા દર્શનાર્થે આવનારા લાખો ભક્તો માટે પ્રસાદ તરીકે શુદ્ધ ઘીના બુંદીના લાડુ અને સુખડીના પેકેટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે મંદિરના રસોડામાં 3100 કિલોગ્રામ બુંદીનો પ્રસાદ તથા 1,111 કિલોગ્રામ શુદ્ધ ઘીની સુખડી તૈયાર કરવામાં આવી છે. આજે અંદાજે 40 હજારથી વધુ ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. જેનું રાત્રે 12 વાગ્યા સુધી વિતરણ સતત ચાલુ રાખવામાં આવ્યું છે.

આ દરમિયાન ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે ડભોડામાં પ્રવેશતા દરેક રસ્તા પર પાર્કિંગની અલાયદી વ્યવસ્થા વહીવટી તંત્ર દ્વારા કરાઈ છે. ખાસ કરીને વૃદ્ધો અને અશક્ત શ્રદ્ધાળુઓ માટે પાર્કિંગ સ્થળથી મંદિર સુધી પહોંચવા માટે ટ્રસ્ટ દ્વારા મફત રિક્ષા સેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જે ભક્તો પ્રત્યક્ષ હાજર રહી શકે તેમ નથી તેમના માટે મંદિરની વેબસાઈટ પર મહાઆરતીનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. જેથી વિદેશમાં વસતા ભક્તો પણ સોશિયલ મીડિયાના માધ્યમથી આ ઉત્સવનો લાભ લઈ શકે છે. આજે મંદિર પરિસરને ફૂલો અને રંગબેરંગી રોશનીથી દુલ્હનની જેમ શણગારવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ડભોડિયા હનુમાનજી મંદિરનો ઈતિહાસ અત્યંત પ્રાચીન છે. લોકવાયકા મુજબ, વર્ષો પહેલા અહીં ગૌચરની જમીન હતી જ્યાં ગાયો ચરવા આવતી હતી. એક ગાય દરરોજ એક ચોક્કસ સ્થાને જઈને પોતાના દૂધની ધાર કરતી હતી. જ્યારે તે સ્થળે ખોદકામ કરવામાં આવ્યું, ત્યારે હનુમાનજીની અત્યંત પ્રભાવશાળી સ્વયંભૂ મૂર્તિ મળી આવી હતી. મૂર્તિ મળ્યા બાદ અહીં નાનું મંદિર બન્યું જે આજે ભવ્ય શિખરબદ્ધ મંદિરમાં પરિવર્તિત થયું છે.

## WHO કહે છે દારૂ ઝેર છે, ગુજરાત સરકારના ફોર્મમાં દારૂ 'દવા' છે!

# ગાંધીના ગુજરાતમાં દારૂબંધી કે 'સગવડિયો' ખેલ? પોરબંદરમાં લિકર શોપને મંજૂરી અને આરોગ્યના નામે 'અમૃત'નો વ્યવહાર!

ગાબડા

## ગાંધીજીની જન્મભૂમિમાં જ દારૂબંધીના કાયદામાં પડ્યા મોટા ગાબડા

• પોરબંદર / ગાંધીનગર

ગુજરાતમાં દારૂબંધી એ માત્ર કાયદો નથી, પણ એક રાજકીય અને સામાજિક ગરિમાનો વિષય છે. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. ગાંધીજીની જન્મભૂમિ પોરબંદરમાં દાયકાઓ પછી પ્રથમ વખત લિકર શોપ (પરમિટ શોપ) ખોલવાની જે પરવાનગી અપાઈ છે, તેણે રાજ્યમાં ચાલતી 'કથિત' દારૂબંધીની પોલ ખોલી નાખી છે. એક તરફ સરકાર દારૂબંધીના બણગાં ફૂંકે છે, તો બીજી તરફ દારૂના 'ગ્રાહકો' ઉભા કરવા માટે નિયમોમાં છૂટછાટોની ગંગોત્રી વહી રહી છે.

આરોગ્ય પરમિટ: દારૂ પીવા માટેનું 'સરકારી લાયસન્સ'

ગુજરાતમાં જો તમારે કાયદેસર દારૂ પીવો હોય, તો સૌથી સહેલો રસ્તો છે 'હેલ્થ પરમિટ'. પરંતુ આ પરમિટ મેળવવાના ફોર્મમાં જે વિગતો છે તે આશ્ચર્યજનક છે:

* રોગનું બહાનું: હાઈ બ્લડ પ્રેશર, અનિદ્રા (Insomnia), હૃદયની બીમારી કે માનસિક તણાવ જેવા કારણો ધરીને 40 વર્ષથી ઉપરની વ્યક્તિઓ આસાનીથી પરમિટ મેળવી લે છે.

* આરોગ્ય કે આડંબર?: સરકારના ફોર્મમાં દારૂને એક 'ઉપચાર' તરીકે દર્શાવવામાં આવે છે, જે વ્યક્તિના સ્વાસ્થ્ય માટે 'જરૂરી' છે તેવું મેડિકલ બોર્ડ



આરોગ્યના નામે પરવાનગી લેવાના ફોર્મમાં કારણો અગાઉથી છાપ્યા; ડોક્ટરો, WHOના રિપોર્ટે સરકારી તર્કની પોલ ખોલી

પ્રમાણિત કરે છે.

WHO વિરુદ્ધ ગુજરાત સરકાર: કોણ સાચું?

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના રિપોર્ટ અને ગુજરાત સરકારના તર્ક વચ્ચે મોટો વિરોધાભાસ છે:

* WHO નો રિપોર્ટ: વિશ્વ આરોગ્ય સંસ્થા સ્પષ્ટ કહે છે કે દારૂનું એક ટીપું પણ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે અને તે કેન્સર સહિતના અનેક રોગોનું મૂળ છે.

* સરકારી તર્ક: ગુજરાતમાં હેલ્થ પરમિટ આપતી વખતે એવો તર્ક આપવામાં આવે છે કે અમુક રોગોમાં દારૂ 'દવા' તરીકે કામ કરે છે. શું ગુજરાતની મેડિકલ સાયન્સ વિશ્વની સંસ્થા કરતા અલગ છે?

પોરબંદર: પ્રતીકાત્મક હાર કે જરૂરિયાત?

ગાંધીજીના જન્મસ્થળ પોરબંદરમાં અત્યાર સુધી પરમિટ ધારકોએ દારૂ લેવા જામનગર કે રાજકોટ સુધી લંબાવવું પડતું હતું. પરંતુ હવે ત્યાં જ શોપ ખોલવાની મંજૂરી આપીને સરકારે સંકેત આપ્યો છે કે પ્રવાસન અને બિઝનેસના નામે ગાંધીના આદર્શો સાથે સમાધાન થઈ રહ્યું છે. ગિફ્ટ સિટીમાં મળેલી છૂટછાટ બાદ હવે પોરબંદર જેવી ઐતિહાસિક જગ્યાએ લિકર શોપ ખુલવી એ દારૂબંધીના કાયદાના શબપેટીમાં છેલ્લો ખીલો મનાઈ રહ્યો છે.

'પાક્કો ગુજરાત' નો સવાલ:

જો દારૂ સ્વાસ્થ્ય માટે સારો છે અને તેને 'દવા' તરીકે પરમિટ અપાય છે, તો પછી દારૂબંધીનું નાટક શા માટે? અને જો તે ઝેર છે, તો સરકાર પોતે જ ગ્રાહકો ઉભા કરવા માટે સગવડિયા નિયમો કેમ બનાવી રહી છે? શું આ બધું માત્ર રેવન્યુ અને ચોક્કસ વર્ગને ખુશ કરવા માટે જ થઈ રહ્યું છે?

અહેવાલ: પાક્કો ગુજરાત સ્પેશિયલ ડેસ્ક

# બનાસકાંઠામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે તંત્ર સજ્જ કલેક્ટર મિહિર પટેલની અધ્યક્ષતામાં નોડલ અધિકારીઓની બેઠક યોજાઈ

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નિષ્પક્ષ, પારદર્શક અને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવા માટે વહીવટી તંત્ર સજ્જ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાતને અનુસંધાને બનાસકાંઠા જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા સુચારુ, પારદર્શક અને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા માટે આજે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર મિહિર પટેલની અધ્યક્ષતામાં વિવિધ વિભાગોના નોડલ અધિકારીઓની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી બેઠક દરમિયાન ચૂંટણી પ્રક્રિયાના તમામ તબક્કાઓ અંગે વિસ્તૃત ચર્ચા અને સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરએ આચાર સંહિતાનું ચુસ્ત પાલન થાય તે સુનિશ્ચિત કરવા સાથે ચૂંટણીને લગતા જરૂરી માર્ગદર્શન અને તમામ તૈયારીઓની અસરકારક સુપરવિઝન કરવા સૂચનાઓ આપી હતી સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકો પર પૂરતા પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થા જાળવવા જરૂરી તમામ પગલાં, તેમજ ચૂંટણી ઓબ્ઝર્વર્સ માટે વાહન વ્યવહાર, રહેવાની-જમવાની સુવિધા, ટેલિફોન અને ઈન્ટરનેટ કનેક્ટિવિટી જેવી સુવિધાઓ સુનિશ્ચિત કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું




હતું બેઠકમાં તૈયાર મતદારયાદીની ચકાસણી, મતદારયાદી પરથી માર્ક કોપી ચીવટપૂર્વક તૈયાર થાય તેની કામગીરીનું સંકલન, દેખરેખ અને નિયંત્રણ, તેમજ ઈવીએમ મશીનોનું સંચાલન અને જાળવણી અંગે વિશેષ ધ્યાન આપવા સૂચનાઓ આપવામાં આવી હતી. તેમજ મતદાર જાગૃતિ કાર્યક્રમોનું આયોજન, ઉમેદવારી ફોર્મથી લઈને ચૂંટણી પરિણામ સુધીની તમામ માહિતી ઈ-ડેશબોર્ડમાં સમયસર દાખલ કરવા, તેમજ ઉમેદવારોના એફિડેવિટ/એકરારનામા ઓનલાઈન અપલોડ કરવાની કામગીરી અંગે પણ સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા કક્ષાએ કંટ્રોલ રૂમની સ્થાપના, પોલિંગ સ્ટાફની વ્યવસ્થા, ચૂંટણીમાં રોકાયેલા તમામ અધિકારીઓ અને કર્મચારીઓને તાલીમ આપવી, વાહન સંપાદન, બેલેટ પેપર સંબંધિત કામગીરી, મીડિયા મેનેજમેન્ટ, તેમજ મતદાન મથકો પર જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ થાય તે અંગે પણ સુચનાઓ આપવામાં આવી હતી.

# સાવધાન! તમે જે પનીર ખાઓ છો તે અસલી છે કે 'એનાલોગ'?

## હોટલ-રેસ્ટોરન્ટમાં હવે ફરજિયાત મારવા પડશે બોર્ડ!

• ગાંધીનગર / અમદાવાદ

રાજ્યમાં નકલી અને સબ-સ્ટાન્ડર્ડ પનીરના વધતા જતા વેચાણને રોકવા માટે ગુજરાત સરકાર હવે એક્શન મોડમાં આવી છે. આરોગ્ય મંત્રીએ કડક સૂચના આપી છે કે હવેથી દરેક હોટલ અને રેસ્ટોરન્ટમાં સંચાલકોએ ફરજિયાતપણે બોર્ડ મારવા પડશે કે તેઓ જે પનીર વાપરે છે તે 'અસલી ડેરી પનીર' છે કે પછી 'એનાલોગ પનીર'. ગ્રાહકોના આરોગ્ય સાથે થતા ચેડાં રોકવા માટે આ ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે.

સામાન્ય રીતે અસલી પનીર દૂધમાંથી બનાવવામાં આવે છે, પરંતુ 'એનાલોગ પનીર'માં દૂધનો વપરાશ નહિવત અથવા હોતો જ નથી.

* કેવી રીતે બને છે?: આ પનીર વનસ્પતિ તેલ (Palm Oil), સ્ટાર્ચ, મિલ્ક પાવડર અને કેમિકલ્સના મિશ્રણથી બનાવવામાં આવે છે.

* કેમ વપરાય છે?: અસલી પનીર કરતા તે ઘણું સસ્તું પડે છે, તેથી નફાખોર વેપારીઓ અને હોટલ સંચાલકો ગ્રાહકોને પીરસે છે.

આરોગ્ય મંત્રીએ સ્પષ્ટ કર્યું છે કે, જો કોઈ હોટલ કે રેસ્ટોરન્ટ 'એનાલોગ પનીર' વાપરતી હશે અને તેનું બોર્ડ નહીં માર્યું હોય, તો ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ગ્રાહકોને ખબર હોવી જોઈએ કે તેઓ શું ખાઈ રહ્યા છે. ખોટા લેબલ હેઠળ નકલી પનીર વેચનારાઓ હવે બચી શકશે નહીં.

તમે કેવી રીતે ઓળખશો અસલી અને નકલી પનીર?

ગ્રાહકો પોતે પણ કેટલીક સરળ રીતે પનીરની શુદ્ધતા ચકાસી શકે છે:

* ટુકડો કરીને જુઓ: અસલી પનીરનો ટુકડો કરવાથી તે વેરવિખેર નથી થતું, જ્યારે નકલી પનીર રબર જેવું ખેંચાય છે અથવા તેના ભૂકો થઈ જાય છે.

* આયોડિન ટેસ્ટ: પનીરના ટુકડા પર આયોડિનના ટીપાં નાખો. જો પનીર વાદળી રંગનું થઈ જાય, તો સમજવું કે તેમાં સ્ટાર્ચ (નકલી તત્વો) ઉમેરવામાં આવ્યું છે.

# થરાદના કુંભારા ગામે શિવ નંદી ગૌશાળા ખુલ્લી મુકવામાં આવી




• અહેવાલ : રાજેશભાઈ જોષી - થરાદ

થરાદના કુંભારા ગામે શિવ નંદી ગૌશાળા ખુલ્લી મુકવામાં આવી આ પ્રસંગ પથમેડા થી મુકુંદજી બાપુ ઉપસ્થિત રહ્યા હતા તેમજ ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા દાતાઓનો સહયોગથી વિશાળ જગ્યામાં વિવિધ સુવિધાઓ ઉપસ્થિત કરવામાં આવી હતી આ પ્રસંગે બનાસકાંઠા ગૌ સાંસદ રામભાઈ રાજપુત સહિત બહોળી સંખ્યામાં ગૌ ભક્તો અને ગૌ પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ગ્રામજનોના આ સરાહનીય કાર્ય માટે તમામ ગૌ ભક્તોએ શુભેચ્છાઓ પાઠવી હતી જોકે ગામમાં અગાઉથી ગૌશાળા તો કાર્યરત છે જ પરંતુ આ નવીન નંદી શાળા ખુલ્લી મુકવામાં આવે છે જોકે આ બાબતે ચૂંટણી સમયે પણ હાલના સરપંચ દ્વારા ચૂંટણી ઢંઢેરામાં વાયદો કરવામાં આવ્યો હતો કે અમે જીતશું તો ગામમાં નંદીશાળા બનાવશું એ હવે લોકોના સહયોગ થકી સરપંચ અને સમગ્ર ગ્રામજનોએ સાથે મળી અને આ કાર્ય પૂરું કર્યું હતું.

## બસ એટલી ઝડપે હતી કે બળદગાડા સાથેની ટક્કર ખૂબ જ ભયાનક હતી

# કૃષ્ણનગરમાં બેફામ AMTS બસે બળદગાડાને અડફેટે લીધું, ટોળાએ બસમાં તોડફોડ કરી

• અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા કૃષ્ણ નગરમાં વધુ એકવાર AMTS બસના ચાલકની બેદરકારી સામે આવી છે. સરદાર ચોકથી વિજય પાર્ક તરફ જવાના માર્ગ પર પૂરપાટ ઝડપે આવતી બસના ચાલકે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા એક બળદગાડાને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાનુસાર, બસ એટલી ઝડપે હતી કે બળદગાડા સાથેની ટક્કર ખૂબ જ ભયાનક હતી. આ અકસ્માતમાં બળદગાડું ચલાવી રહેલા વૃદ્ધને શરીરે ગંભીર




ઈજાઓ પહોંચી છે. ગાડા સાથે જોડાયેલા બળદને પણ ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત વૃદ્ધને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

આ અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોનું મોટું ટોળું એકઠું થઈ ગયું હતું. વારંવાર બનતી આવી ઘટનાઓથી કંટાળેલા સ્થાનિકોએ કાયદો હાથમાં લીધો હતો અને AMTS બસમાં ભારે તોડફોડ કરી હતી. લોકોના રોષને જોતા બસ ચાલક ઘટનાસ્થળેથી ભાગી છૂટ્યો હતો. પરિસ્થિતિ વણસતા કૃષ્ણનગર પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો અને ટોળાને શાંત પાડી મામલો થાળે પાડ્યો હતો.પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આ સમગ્ર અકસ્માત નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયો છે. ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે બસ ચાલકની બેદરકારીને કારણે જ આ અકસ્માત સર્જાયો હતો. કૃષ્ણનગર પોલીસે સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે અને બસચાલક સામે ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. તોડફોડ કરનારા તત્વો સામે પણ પોલીસ કાયદેસરની કાર્યવાહી કરી શકે છે.

# ફરીદાબાદનો પંક્ચર મિસ્ત્રી કે પાકિસ્તાની જાસૂસ? નોશાદ અલીની ધરપકડથી સુરક્ષા એજન્સીઓ સતર્ક!

### સામાન્ય મજૂરના વેશમાં દેશની સંવેદનશીલ માહિતી સરહદ પાર મોકલવાનું મોટું કૌભાંડ

• ફરીદાબાદ / અમદાવાદ

શું કોઈ પંક્ચર કાઢનારો સામાન્ય મજૂર દેશની સુરક્ષા માટે ખતરો બની શકે? આ સવાલ ફરીદાબાદમાં થયેલી એક ધરપકડ બાદ આખા દેશમાં ચર્ચાઈ રહ્યો છે. ફરીદાબાદમાં પંક્ચર રિપેરિંગનું કામ કરતા નોશાદ અલી નામના શખ્સની જાસૂસીના આરોપમાં ધરપકડ કરવામાં આવતા સુરક્ષા એજન્સીઓ પણ ચોંકી ઉઠી છે.

જાસૂસીનું હાઈટેક નેટવર્ક અને સામાન્ય વેશ

નોશાદ અલી દેખાવમાં એક સામાન્ય પંક્ચર મિસ્ત્રી હતો, પરંતુ તેની પડદા પાછળની પ્રવૃત્તિઓ અત્યંત શંકાસ્પદ હતી. સુરક્ષા એજન્સીઓ છેલ્લા ઘણા સમયથી તેની હલચલ પર



ગુપ્ત નજર રાખી રહી હતી. આખરે પુખ્ત પુરાવા મળતા તેને એક પેટ્રોલ પંપ પરથી ઝડપી પાડવામાં આવ્યો છે.

* વિદેશી સંપર્કો: અધિકારીઓને શંકા છે કે નોશાદ અલી સોશિયલ મીડિયા કે અન્ય ગુપ્ત માધ્યમો દ્વારા વિદેશી હેન્ડલર્સ (ખાસ કરીને પાકિસ્તાની એજન્સીઓ) સાથે સંપર્કમાં હતો.

* માહિતી લીક: તે ભારતના સંવેદનશીલ વિસ્તારો કે સુરક્ષા સંસ્થાઓની માહિતી સરહદ પાર મોકલતો હોવાની આશંકા છે.હાલ તપાસ એ દિશામાં ચાલી રહી છે કે નોશાદ અલી એકલો કામ કરતો હતો કે તેની પાછળ કોઈ મોટું જાસૂસી નેટવર્ક કાર્યરત છે. તેની પાસેથી મળી આવેલા મોબાઈલ અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણોની ફોરેન્સિક તપાસ કરવામાં આવી રહી છે, જેથી કઈ માહિતી લીક થઈ છે તેનું સત્ય સામે આવી શકે.આ કેસ સાબિત કરે છે કે આજકાલની જાસૂસી ફિલ્મો જેવી ગ્લેમરસ નથી હોતી. જાસૂસો તમારી આસપાસ, સામાન્ય લોકોના વેશમાં, પંક્ચર મિસ્ત્રી, ફળ વેચનારા કે સામાન્ય મજૂર બનીને છુપાયેલા હોઈ શકે છે.

# અમદાવાદ જિલ્લામાં રોડ-રસ્તાના કામોમાં 'ખાડા' કે ભ્રષ્ટાચારના ગાબડા? 542 કરોડ મંજૂર, પણ કામ કાચબા ગતિએ!

• અમદાવાદ

અમદાવાદ જિલ્લામાં રોડ-રસ્તાના નેટવર્કને મજબૂત બનાવવાના તંત્રના મોટા-મોટા દાવાઓ માત્ર કાગળ પર જ દોડતા હોય તેવું લાગી રહ્યું છે. 'પાક્કો ગુજરાત' પાસે આવેલા ચોંકાવનારા આંકડા મુજબ, જિલ્લામાં રસ્તાના કામો માટે કરોડો રૂપિયાનું આંધણ મંજૂર કરવામાં આવ્યું હોવા છતાં, ગ્રાઉન્ડ લેવલ પર પરિસ્થિતિ અત્યંત દયનીય છે. જનતાના ટેક્સના પૈસા રસ્તાના કામોમાં વાપરવાને બદલે ફાઈલોમાં જ દબાઈ રહ્યા હોય તેમ જણાય છે.

અમદાવાદ જિલ્લા પંચાયત અને માર્ગ-મકાન વિભાગ દ્વારા રસ્તાઓના નવીનીકરણ અને રિપેરિંગ માટે જે આંકડા જાહેર થયા છે તે તંત્રની પોલ ખોલી રહ્યા છે.

**રજુઆત** — અરજદારોએ વાવ થરાદ જિલ્લા કલેક્ટરને રજીસ્ટર પોસ્ટ દ્વારા લેખિત રજૂઆત કરી છે

# ધરણીધર મંદિર ટ્રસ્ટનો વહીવટ શ્રી સરકાર હસ્તગત કરવા ઢીમા ગામની ૧૦૯ અરજદારો ની કલેકટર ને લેખિત રજુઆત

### અરજદારે અરજીમાં જણાવ્યા પ્રમાણે અરજદારો જન્મ થી ઢીમા મુકામે રહે છે અને તેઓએ જિલ્લા કલેક્ટર ને વિનંતી કરી છે

• અહેવાલ : રાજેશભાઈ જોષી - થરાદ

વાવ થરાદ જિલ્લાનું એકમાત્ર વિખ્યાત ધાર્મિક સ્થળ એવા ઢીમા ભગવાન મંદિર ટ્રસ્ટનો વહીવટ વર્ષોથી એક જ પરિવાર કરતો હોવાના આક્ષેપ સાથે ૧૦૯ અરજદારોએ વાવ થરાદ જિલ્લા કલેક્ટરને રજીસ્ટર પોસ્ટ દ્વારા લેખિત રજૂઆત કરી છે કે ટ્રસ્ટમાં ગેરરીતી આચરાતી હોવાના આક્ષેપ સાથે જણાવ્યું છે કે આવનાર શ્રદ્ધાળુઓને પ્રાથમિક સુવિધાઓ નો અભાવ તેમજ પ્રમુખ અને વર્તમાન ટ્રસ્ટીઓ દ્વારા વહીવટમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોઈ ઢીમાના ધરણીધર ભગવાન મંદીર નો વહીવટી શ્રી સરકાર હસ્તગત કરી લેવાની રજૂઆત કરવામા આવી છે દરેક અરજદારે અરજીમાં જણાવ્યા પ્રમાણે અરજદારો જન્મ થી ઢીમા મુકામે રહે છે અને તેઓએ જિલ્લા કલેક્ટર ને વિનંતી કરી છે કે, ઢીમા ગામ સ્થિત શ્રી ધરણીધર ભગવાનનું મંદિર એક જાહેર ધાર્મિક ટ્રસ્ટ છે, જે બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટ, ૧૯૫૦ હેઠળ ટ્રસ્ટ રજી.નં. એ/૩૦૦/ બનાસકાંઠા થી નોંધાયેલ છે.જેનો વહીવટ માત્ર એક જ સેવક પરિવાર ના સદસ્યો દ્વારા વર્ષો થી કરવામાં આવી રહ્યો છે અને વર્ષો થી વહીવટમાં ભ્રષ્ટાચાર થઈ રહેલ છે અને હાલ ટ્રસ્ટના પ્રમુખ અને ટ્રસ્ટીઓ દ્વારા મંદિરના વહીવટમાં ગંભીર ગેરરીતિઓ, ભ્રષ્ટાચાર અને મનમાની ચાલી રહી છે,મંદિરની આવકનો હિસાબ પારદર્શક રીતે રાખવામાં આવતો નથી અને કોઈ ભક્તોને ક્યારેય આપવામાં આવતો નથી અને ગ્રામજનોને પણ આપવામાં આવતો નથી આવનાર ભક્તો જે દાન-દક્ષિણાઆપે છે તેનો દુરુપયોગ થાય છે.અને સ્થાનિક ભક્તોને અનાવશ્યક રીતે અટકાવવામાં આવે છે ટ્રસ્ટની સંપત્તિનો ગેરકાયદેસર ઉપયોગ થાય છે અને ટ્રસ્ટ પાસે રહેલી ખેતીની જમીન ચેરીટી કમિશ્નર ની પરવાનગી વગર અન્ય ત્રાહિત વ્યક્તિને હસ્તાતર કરી દેવામાં આવી છે જેથી આવા અનેક કૃત્યો ના કારણે ભક્તોની આસ્થાને ઠેસ પહોચે છે.આ કામના ટ્રસ્ટીઓ પ્રાથમિક પાયાની સુવિધાઓ ભક્તોને પૂરી પાડતા નથી મહિલાઓ માટે અને આવનાર ભક્તો માટે જાહેર શૌચાલય ની વ્યવસ્થા પણ ટ્રસ્ટીઓ કરતા નથી પાર્કિંગ ની પણ કોઈ વ્યવસ્થા નથી મંદિર માં દર્શને આવનાર ભક્તોના વાહનન ની ચીજ વસ્તુઓની દેખભાળ ને સુરક્ષા ટ્રસ્ટ કરતુ નથી આમ આવનાર ભક્તો ની ધાર્મિક પરંપરા અને વ્યવસ્થા ભંગ થાય છે મંદિરની મહત્વતા અને ભક્તોની ભાવનાઅને વર્ષે કરોડો રૂપિયાની આવક તેમજ તેના વહીવટના ભ્રષ્ટાચાર ને ધ્યાનમાં લેતા, આ મંદિરનો વહીવટ રાજ્ય સરકાર દ્વારા સીધો સંભાળવામાં આવે તે અત્યંત જરૂરી બની ગયું છે.આ ટ્રસ્ટમાં વર્ષે કરોડો રૂપિયાની આવક હોવા છતાં ટ્રસ્ટીઓ આવક છુપાવી કરોડો રૂપિયા નો કાળો કારોબાર કરી પોતાના વ્યક્તિગત હેતુ માટે નાણા નો ઉપયોગ કરતા હોવાની આશંકા ને નકારી શકાતી નથી કારણ કે ટ્રસ્ટ નો વહીવટ માત્ર એક જ પરિવાર સંભાળતા હોઈ તેમની મરજી પ્રમાણે ટ્રસ્ટની સંપતી નો દુર ઉપયોગ કરી રહ્યા છે.આપ શ્રીને બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટ,૧૯૫૦ ની જોગવાઈઓ મુજબ સરકારશ્રીને સત્તા છે કે ટ્રસ્ટના વહીવટમાં હસ્તક્ષેપ કરી શકે છે અને ટ્રસ્ટીઓને દૂર કરી શકે છે હાલ તાત્કાલિક ધોરણે એડમિનિસ્ટ્રેટર ની નિમણૂક કરી શ્રી સરકાર હસ્તગત વહીવટ લઈ લેવો જરૂરી છે હાલ ટ્રસ્ટ પાસે રહેલી કરોડો રૂપિયાની સ્થાવર તેમજ જંગમ મિલકત ભક્તોની સુખ સુવિધા પાછળ ઉપયોગ આવી શકે તેમ છે જો આ નિર્ણય તાત્કાલિક અસર થી નહિ લેવામાં આવે તો ટ્રસ્ટ દ્વારા આવી મિલકતો નીં સાથે છેડછાડ અને હસ્તાંતરિત થઈ જવાની આશંકા ને નકારી શકાય તેમ નથી. આવા તમામ કારણો નો ને જોતા મંદિર ટ્રસ્ટ નો વહીવટ શ્રી સરકાર હસ્તગત તાત્કાલિક કરી લેવો જરૂરી હોઈ ન્યાયના હિતમાં યોગ્ય હુકમ કરવા મહેરબાન થશો તેવી માંગ કરી છે.

## અરજદારોએ કલેકટર ને અરજ કરી આટલી માંગ કરી

શ્રી ધરણીધર મંદિર ટ્રસ્ટના વહીવટની તાત્કાલિક તપાસ કરવામાં આવે પૂર્વ ગેરરીતી આચરનારા તમામ ટ્રસ્ટીઓ તેમજ હાલના ટ્રસ્ટીઓ (૧) જસવંત ટી.સેવક (૨) કપિલકુમાર આઈ.સેવક (૩) જગદીશ એ.સેવક સામે યોગ્ય કાયદેસર કાર્યવાહી કરવામાં આવે અને મંદિરનો વહીવટ રાજ્ય સરકાર (શ્રી સરકાર) હસ્તગત કરી મંદિર માટે યોગ્ય એડમિનિસ્ટ્રેટર/કમિટી ની નિમણૂક કરવામાં આવે અને ધરણીધર તાલુકાના મથક એવા ઢીમા ગામનો વિકાસ કરવામાં આવે તેમજ આવનાર ભક્તોની પ્રાથમિક સુખ સુવિધાઓ સગવડમાં વધારો કરવામાં આવે ટ્રાફિક ની સમસ્યાનો કાયમી હલ કરવામાં આવે, હાલ ના ટ્રસ્ટીઓ સામે ઈન્કવારી કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી અરજદારો એ અરજ કરી છે.

### ભાજપના આંતરિક વર્તુળોમાં પણ ચર્ચા જગાવી છે કે - શું આ એક્શન ચૂંટણીના ગણિત બગાડશે કે સુધારશે?

# રાજકોટ ભાજપમાં અંદરખાને 'ભડકો': જંગલેશ્વરમાં જેસીબી ફર્યા બાદ રાજકીય ગણિતો ગરબડાયા!

**ખળભળાટ** — મેગા ડિમોલિશનની અસર: શું જંગલેશ્વરના 'ગઢ'માં ગાબડું પડશે? વોટબેંકના સમીકરણોમાં મચ્યો ખળભળાટ!

• [બ્યુરો રિપોર્ટ, રાજકોટ]

રંગીલું રાજકોટ અત્યારે માત્ર ગરમીથી જ નહીં, પણ રાજકીય ગરમાવાથી પણ તપી રહ્યું છે. જંગલેશ્વર વિસ્તારમાં તાજેતરમાં થયેલા મેગા ડિમોલિશન બાદ સ્થાનિક રાજકારણના વહેણ બદલાયા હોય તેવું લાગી રહ્યું છે. જે રીતે વર્ષો જૂના દબાણો પર વહીવટી તંત્રનું બુલડોઝર ગરજ્યું છે, તેણે ભાજપના આંતરિક વર્તુળોમાં પણ ચર્ચા જગાવી છે કે - શું આ એક્શન ચૂંટણીના ગણિત બગાડશે કે સુધારશે?




જંગલેશ્વર: કેમ આ વિસ્તાર છે મહત્વનો?

જંગલેશ્વર એ રાજકોટનો એવો વિસ્તાર છે જે હંમેશા સંવેદનશીલ અને રાજકીય રીતે સક્રિય રહ્યો છે. અહીંની ચોક્કસ વોટબેંક કોઈપણ પક્ષની જીત કે હારમાં મોટો રોલ ભજવે છે. મેગા ડિમોલિશન દ્વારા તંત્રએ જે રીતે કડક હાથે કામ લીધું છે, તેનાથી સ્થાનિકોમાં ક્યાંક રોષ તો ક્યાંક 'શિસ્ત'નો સંદેશ ગયો છે.

ભાજપમાં કેમ મચ્યો છે ખળભળાટ?

સૂત્રોના જણાવ્યા અનુસાર, ડિમોલિશન બાદ ભાજપના જ કેટલાક સ્થાનિક નેતાઓ મૂંઝવણમાં મુકાયા છે.

* વોટબેંકનું નુકસાન: સ્થાનિક કાર્યકરોને ડર છે કે આટલા મોટા પાયે થયેલી તોડફોડથી વર્ષોથી જાળવી રાખેલું સમર્થન ઓછું થઈ શકે છે.

* આંતરિક જૂથબંધી: ડિમોલિશનનો નિર્ણય કોનો હતો અને કોને અંધારામાં રાખવામાં આવ્યા, તે મુદ્દે પક્ષમાં બે ફાંટા પડ્યા હોવાની ચર્ચા છે.

* વિપક્ષનો પ્રહાર: કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી આ તકનો લાભ લઈને ભાજપ વિરોધી લહેર ઉભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

સમીકરણો બદલાયાના સંકેત

* સામાજિક ધ્રુવીકરણ: ડિમોલિશન બાદ સોશિયલ એન્જિનિયરિંગમાં મોટા ફેરફારો જોવા મળી રહ્યા છે. જે લોકો દબાણોથી પરેશાન હતા તેઓ ખુશ છે, પરંતુ જેમનાં ઘર-દુકાન ગયા છે તેઓ સરકાર સામે લાલઘૂમ છે.

* નવા નેતૃત્વની જરૂરત: જંગલેશ્વરમાં હવે એવા ચહેરાની જરૂર પડશે જે આ 'ઘા' પર મલમ લગાવી શકે અને લોકોને ફરીથી પક્ષ સાથે જોડી શકે.

* વિકાસ Vs રોષ: ભાજપ આને 'ગેરકાયદે દબાણ હટાવો' અભિયાન ગણાવી વિકાસના મુદ્દે લડી રહ્યું છે, જ્યારે જમીની હકીકત કંઈક અલગ જ વણાંક લઈ રહી છે.

શું કહે છે વિશ્લેષકો?

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે, રાજકોટમાં 'બુલડોઝર મોડેલ' અમલમાં મૂકીને ભાજપે કડક શાસનનો સંકેત તો આપ્યો છે, પણ જંગલેશ્વર જેવા ગીચ અને વ્યૂહાત્મક વિસ્તારમાં આ દાવ કેટલો સફળ રહેશે તે તો આવનારી ચૂંટણીના પરિણામો જ કહેશે. હાલ તો

# રશિયન કન્યાઓનું દિલ હવે ભારતીય 'દેશી બોયઝ' પર ફિદા! જાણો કેમ રશિયાની છોકરીઓને ગમે છે ભારતીય છોકરાઓ?

### મોસ્કોથી મુંબઈ સુધીની પ્રેમ કહાની: રશિયામાં છોકરાઓની અછત અને ભારતીયોના 'સંસ્કાર' બન્યા ચર્ચાનું કેન્દ્ર!

• [પાક્કો ગુજરાત]

કહેવાય છે કે પ્રેમ સરહદો નથી જોતો, પણ અત્યારે સરહદો ઓળંગીને રશિયન યુવતીઓ ભારત તરફ નજર દોડાવી રહી છે. સોશિયલ મીડિયા હોય કે આંતરરાષ્ટ્રીય મેટ્રિમોનિયલ સાઈટ્સ, એક નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે: રશિયન છોકરીઓની ભારતીય છોકરાઓ સાથે લગ્ન કરવાની વધતી જતી ઈચ્છા. આ પાછળ માત્ર પ્રેમ જ નહીં, પણ કેટલાક ગંભીર સામાજિક કારણો પણ જવાબદાર છે.

રશિયામાં છેલ્લા ઘણા સમયથી લિંગ ગુણોત્તર (Sex Ratio) ખોરવાયેલો છે.આંકડાકીય રીતે જોઈએ તો ત્યાં મહિલાઓની સરખામણીએ પુરુષોની સંખ્યા નોંધપાત્ર રીતે ઓછી છે. બીજા વિશ્વયુદ્ધથી લઈને હાલની ભૌગોલિક-રાજકીય સ્થિતિઓને કારણે યુવાન પુરુષોની અછત વર્તાઈ રહી છે. પરિણામે, ત્યાંની યુવતીઓને પોતાના દેશમાં યોગ્ય જીવનસાથી શોધવામાં મુશ્કેલી પડી રહી છે.



ભારતીય છોકરાઓ જ કેમ?

રશિયન યુવતીઓ ભારતીય યુવકોને પસંદ કરવા પાછળના મુખ્ય કારણો આ મુજબ છે:

* કૌટુંબિક મૂલ્યો અને સંસ્કાર: રશિયન મહિલાઓનું માનવું છે કે ભારતીય છોકરાઓ વધુ 'સંસ્કારી' અને ફેમિલી-ઓરિએન્ટેડ હોય છે. તેઓ પરિવારને સાથે લઈને ચાલવામાં માને છે.

* પત્નીની કાળજી લેવાની પદ્ધતિ: પશ્ચિમી દેશોની સરખામણીએ ભારતીય પુરુષો પોતાની પત્ની અને બાળકો પ્રત્યે વધુ સમર્પિત અને રક્ષણાત્મક (Protective) હોય છે. પત્નીની નાની-મોટી જરૂરિયાતોનું ધ્યાન રાખવાની ભારતીય રીતભાત રશિયન યુવતીઓને આકર્ષી રહી છે.

* વ્યસન મુક્તિ: રશિયામાં સ્થાનિક સ્તરે પુરુષોમાં આલ્કોહોલનું પ્રમાણ ઘણું ઊંચું છે. તેની સામે ભારતીય મધ્યમ વર્ગના યુવાનો શિસ્તબદ્ધ જીવન જીવતા હોવાની છાપ ત્યાં વધુ છે.

* સાંસ્કૃતિક આકર્ષણ: બોલિવૂડ ફિલ્મો અને ભારતીય તહેવારોને કારણે રશિયામાં પહેલેથી જ ભારત પ્રત્યે સોફ્ટ કોર્નર છે. રાજ કપૂરના જમાનાથી લઈને અત્યારના 'RRR' સુધી, રશિયનો ભારતીય સંસ્કૃતિના દીવાના છે.

# જામનગરમાં એસીબીનો મોટો ધડાકો: 4.52 લાખની લાંચ લેતા મદદનીશ ઈજનેર રંગેહાથ ઝડપાયા!

### કોન્ટ્રાક્ટર પાસે પેન્ડિંગ બિલ પાસ કરવા માંગી હતી મસમોટી રકમ: લાંચિયા અધિકારીના પાપે વિકાસ કામોમાં 'ગ્રહણ'

• જામનગર / અમદાવાદ

ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB) એ જામનગરમાં વધુ એક વખત સપાટો બોલાવીને ભ્રષ્ટ અધિકારીઓમાં ફફડાટ ફેલાવી દીધો છે. જામનગરના મદદનીશ ઈજનેર (Assistant Engineer) રૂ. 4.52 લાખની લાંચ લેતા એસીબીના છટકામાં આબાદ ઝડપાઈ ગયા છે. કોન્ટ્રાક્ટરના બાકી નીકળતા બિલ મંજૂર કરવાના બદલામાં આ લાંચની માંગણી કરવામાં આવી હતી.

મળતી વિગતો અનુસાર, જામનગરના પંચાયત વિભાગ અથવા સ્થાનિક તંત્રમાં ફરજ બજાવતા મદદનીશ ઈજનેર પાસે એક કોન્ટ્રાક્ટરના વિકાસ કામોના બિલ પેન્ડિંગ હતા. આ બિલો પાસ કરાવવા અને અગાઉ થયેલા કામોના ક્લિયરન્સ માટે મદદનીશ ઈજનેરે કોન્ટ્રાક્ટર પાસે નાણાંની માંગણી કરી હતી. * માંગણી: મદદનીશ ઈજનેરે કુલ રૂ. 4.52 લાખની રકમ લાંચ પેટે માંગી હતી. * ફરિયાદ: કોન્ટ્રાક્ટર લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ બાબતે રાજકોટ/જામનગર એસીબીનો સંપર્ક કરી સમગ્ર હકીકત જણાવી હતી.ફરિયાદના આધારે એસીબીની ટીમે જામનગરમાં છટકું ગોઠવ્યું હતું. જ્યારે મદદનીશ ઈજનેર કોન્ટ્રાક્ટર પાસેથી રૂ. 4.52 લાખની રોકડ રકમ સ્વીકારી રહ્યા હતા, બરાબર તે જ સમયે એસીબીના અધિકારીઓએ ત્રાટકીને તેમને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. એસીબીએ લાંચની રકમ જપ્ત કરી મદદનીશ ઈજનેરની અટકાયત કરી છે.જામનગર જેવા મહત્વના શહેરમાં ક્લાસ-2 કક્ષાના અધિકારી લાંચ લેતા પકડાતા સરકારી કચેરીઓમાં સોપો પડી ગયો છે. એસીબી હવે આ અધિકારીની મિલકતો અને અગાઉના વ્યવહારોની પણ તપાસ કરી રહી છે. પ્રાથમિક તપાસમાં આ રકમ માત્ર એક હપ્તો છે કે ફાઈનલ સેટલમેન્ટ તે અંગે પૂછપરછ ચાલુ છે.

# પ્રોપર્ટીમાં રોકાણના નામે નારણપુરાના વૃદ્ધ સાથે લાખોની ઠગાઈ, 6% વળતરની લાલચ આપી આરોપી ફરાર




• અમદાવાદ

અમદાવાદ શહેરમાં ઉંચા વળતરની લાલચ આપી નિવૃત્ત નાગરિકોને નિશાન બનાવતી વધુ એક ઘટના સામે આવી છે. નારણપુરા વિસ્તારમાં રહેતા એક 72 વર્ષીય વૃદ્ધને પ્રોપર્ટીમાં રોકાણ કરવા પર દર મહિને 6 ટકા વળતરની લાલચ આપી એક ઠગે 16.51 લાખ રૂપિયા પડાવી લીધા છે. આરોપી પોતાનું ઘર અને ઓફિસ વેચીને ફરાર થઈ જતા અંતે ભોગ બનનાર વૃદ્ધે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી અનુસાર, નારણપુરામાં રહેતા 72 વર્ષીય સુભાષચંદ્ર મહેતા આ છેતરપિંડીનો ભોગ બન્યા છે. ઓગસ્ટ 2023માં તેમના સાળાના દીકરા મારફતે તેમનો સંપર્ક સિધ્ધાર્થ રાવલ નામના શખસ સાથે થયો હતો. સિધ્ધાર્થે પોતાની 'સિલીકોન રીયલ એસ્ટેટ' કંપનીમાં રોકાણ કરવાની સ્કીમ સમજાવી હતી અને ખોટા એગ્રીમેન્ટ બતાવી વૃદ્ધનો વિશ્વાસ જીત્યો હતો.

### બંગાળમાં શાહની ગર્જના અને કેરળમાં 'પૈસાની' વર્ષા: પરિવર્તન Vs વચનોનો જંગ!

# શાહના રોડ શોમાં ઉમટ્યું માનવ મહેરામણ: બંગાળમાં પરિવર્તનનો શંખનાદ , કેરળમાં UDF નો માસ્ટરસ્ટ્રોક

• [બ્યુરો રિપોર્ટ, પાક્કો ગુજરાત]

દેશના રાજકારણમાં અત્યારે બે ખૂણેથી પવન ફૂંકાયો છે. એક બાજુ પૂર્વમાં બંગાળની ધરતી પર અમિત શાહનું 'બુલડોઝર' જેવું નેતૃત્વ પરિવર્તનના નારા લગાવી રહ્યું છે, તો બીજી બાજુ દક્ષિણમાં કેરળની ગલીઓમાં UDF (યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ) મતદારોને રીઝવવા વચનોની લ્હાણી કરી રહ્યું છે.

બંગાળમાં અમિત શાહનો કેસરિયો મિજાજ: 'પરિવર્તન નક્કી છે!' કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે બંગાળમાં ભવ્ય રોડ શો યોજીને મમતા બેનર્જીના ગઢમાં ગાબડું પાડવાની જાહેરાત કરી દીધી છે. રોડ શો દરમિયાન જ્યાં




જુઓ ત્યાં માત્ર ભગવો રંગ અને 'જય શ્રી રામ'ના નારા સંભળાતા હતા.

* ગર્જના: શાહે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'બંગાળની જનતા હવે તુષ્ટિકરણ અને ભ્રષ્ટાચારથી કંટાળી ગઈ છે. આ વખતે પરિવર્તન માત્ર બેઠકોનું નહીં, પણ બંગાળની સ્થિતિનું થશે.'

* લોકજુવાળ: રોડ શોમાં ઉમટેલી ભીડને જોતા શાહે દાવો કર્યો કે ભાજપ આ વખતે બહુમતી સાથે સરકાર બનાવશે.

* નિશાન: મમતા સરકાર પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, ઘૂસણખોરી અને હિંસાનો અંત હવે નજીક છે.

કેરળમાં UDF નો 'મેનિફેસ્ટો' ધડાકો: વિદ્યાર્થિનીઓ માટે લોટરી!

* માસ્ટરસ્ટ્રોક: UDF એ વચન આપ્યું છે કે જો તેઓ સત્તા પર આવશે, તો રાજ્યની વિદ્યાર્થિનીઓને દર મહિને 1000 નું ભથ્થું આપવામાં આવશે.

* યુવા મતદારો: શિક્ષણ અને રોજગારના મુદ્દે અનેક આકર્ષક વાયદાઓ કરીને UDF એ યુવા અને મહિલા મતદારોને પોતાના પક્ષમાં ખેંચવા માટે પૂરું જોર લગાવી દીધું છે.

'પાક્કો ગુજરાત' વિશ્લેષણ: કોણ મારશે બાજી?

એક બાજુ અમિત શાહની રણનીતિ અને જનમેદની છે, જે સાબિત કરે છે કે બંગાળમાં 'ખેલા હોબે' નહીં પણ 'પરિવર્તન હોબે'. બીજી બાજુ કેરળમાં આર્થિક મદદના વચનો આપીને UDF એ ડાબેરીઓના કિલ્લાને હચમચાવવાનો પ્રયાસ કર્યો છે.

ખાસ નોંધ: પૂર્વમાં સંઘર્ષ છે અને દક્ષિણમાં લ્હાણી! હવે જોવાનું એ રહેશે કે જનતા કોના પર વિશ્વાસ મૂકે છે - શાહના 'પરિવર્તન' પર કે UDF ના 'હજાર રૂપિયા' પર?

# સોશિયલ મીડિયાના 'ગોલ્ડમેન'નો ફિયાસ્કો: ૧ કરોડનું સોનું 'પીતળ' નીકળ્યું! સૂર્યાભાઈની ખોટી મોટાઈની પોલ ખુલી

## જીમમાં પરસેવો પાડે છે અને ચિકનની દુકાન ચલાવે છે, પણ દેખાડો કરોડોનો!

• અમદાવાદ

સોશિયલ મીડિયા પર જે દેખાય છે તે બધું જ સોનું હોતું નથી, અને આ વાત સાબિત કરી છે ગુજરાતના કહેવાતા 'ગોલ્ડમેન' સૂર્યાભાઈએ. ગળામાં કિલોબદ્ધ સોનાના ઘરેણાં પહેરીને વટ પાડતા સૂર્યાભાઈની લાઈફસ્ટાઈલ જોઈને ભલભલા અંજાઈ જતા હતા, પણ IT (ઈન્કમ ટેક્સ) વિભાગના એક દરોડાએ તેમની 'કરોડપતિ' છબીના લીરેલીરા ઉડાડી દીધા છે.




સૂર્યાભાઈ દાવો કરતા હતા કે તેઓ ગળામાં ૧ કરોડ રૂપિયાનું અસલી સોનું પહેરીને ફરે છે. આટલી મોટી રકમનું સોનું ક્યાંથી આવ્યું તે જાણવા જ્યારે ઈન્કમ ટેક્સની ટીમ ત્રાટકી, ત્યારે અસલી ખેલ બહાર આવ્યો. તપાસમાં જાણવા મળ્યું કે:

* જે ઘરેણાંને તેઓ ૧ કરોડના ગણાવતા હતા, તેની અસલી કિંમત માંડ ૩ લાખ રૂપિયા છે.

* સૌથી મોટો ધડાકો એ થયો કે આ ઘરેણાં સોનાના નહીં પણ 'પીતળ' (ખોટું સોનું) નીકળ્યા!

ભાડાનું મકાન અને ચિકનની દુકાન: અસલી જિંદગી કંઈક અલગ જ છે

રિપોર્ટ મુજબ, જે વ્યક્તિ સોશિયલ મીડિયા પર કરોડોનો માલિક હોવાનો ડોળ કરતો હતો, તેની વાસ્તવિકતા સામાન્ય મધ્યમવર્ગીય માણસ જેવી છે:

* રહેઠાણ: સૂર્યાભાઈ કોઈ આલીશાન બંગલામાં નહીં પણ ભાડાના મકાનમાં રહે છે.

* વ્યવસાય: તેઓ પ્રોફેશનલ જીમ ઈન્સ્ટ્રક્ટર છે અને ગુજરાન ચલાવવા માટે ચિકનની દુકાન ચલાવે છે.

* ટેક્સ ચોરી: નવાઈની વાત એ છે કે, દેખાડો કરવામાં અવ્વલ એવા સૂર્યાભાઈએ છેલ્લા ૬ વર્ષથી ઈન્કમ ટેક્સ પણ ભર્યો નથી!

હેતુ શું હતો? ફિલ્મી પડદે ચમકવાનો શોખ નડ્યો!

તપાસમાં સામે આવ્યું છે કે આ બધો જ નકલી દેખાવ અને પીતળને સોનું બતાવવાની મહેનત માત્ર ફિલ્મી દુનિયામાં એન્ટ્રી મેળવવા માટે હતી.

# પતિના ઘેર જઈ આત્મહત્યા ની ધમકી આપતી દીકરીને માતાએ 4 દિવસ બંધક બનાવી, અભયમ બોલાવી

સાસરિયાઓએ પુત્રવધૂ પર ચોરીનો આક્ષેપ કરી સાસુ પતિએ કાઢી મુકતા બે વર્ષથી બે બાળકો સાથે પિયરમાં રહેવા આવેલી દીકરીએ છુટાછેડા નહિ આપતા પતિના ઘેર જઈ આત્મહત્યા કરી લઈશનું રટણ કરતી દીકરીને માતાએ ચાર દિવસ ઘરમાં પુરી દઈ અભયમને બોલાવી હતી. અભયમ ટીમ દ્વારા મહિલાનું કાઉન્સેલિંગ શરૂ કરવામાં આવ્યું. શરૂઆતમાં મહિલા વાત કરવા તૈયાર નહોતી, પરંતુ ટીમની સમજાવટ અને સાંત્વનાથી તેણે પોતાની પીડા વ્યક્ત કરી. મહિલાએ જણાવ્યું કે બે વર્ષ પહેલાં પતિ અને સાસુએ તેના પર ચોરીનો ખોટો આરોપ લગાવી સંતાનો સાથે ઘર બહાર કાઢી મુકતા પિતાના ઘેર આવી રહી. પિતાનું અને ભાઈનું અવસાન થતાં છેલ્લા બે વર્ષથી પિતાની રેસ્ટોરન્ટ ચલાવી પરિવારનું ભરણપોષણ કરૂ છું.

**એપ્રિલ ફૂલ** કેટલીક સ્મૃતિઓ એવી હોય છે જે કાળના કપાળ પર અમીટ છાપ છોડી જાય છે

# એપ્રિલ ફૂલ બનાયા... : ૧૯૬૪ની એ સદાબહાર સંગીતમય અને રોમેન્ટિક ફિલ્મની સફર

• લેખક અશ્વિન ગોહિલ ની કલમે (શિક્ષક, કવિ, સાહિત્યકાર)

સમયનું ચક્ર નિરંતર ચાલતું રહે છે, પરંતુ કેટલીક સ્મૃતિઓ એવી હોય છે જે કાળના કપાળ પર અમીટ છાપ છોડી જાય છે. ભારતીય સિનેમાના ઈતિહાસમાં ૧૯૬૦નો દાયકો એટલે 'સુવર્ણ યુગ'. આ એવો સમય હતો જ્યારે ફિલ્મો માત્ર મનોરંજનનું સાધન નહોતી, પણ લાગણીઓ, સંગીત અને સંસ્કારોનો સંગમ હતી. આ જ દાયકામાં, ૩ એપ્રિલ ૧૯૬૪ના રોજ રજૂ થયેલી એક ફિલ્મ એટલે 'એપ્રિલ ફૂલ' (April Fool). આજે દાયકાઓ વીતી ગયા હોવા છતાં, જ્યારે પણ એપ્રિલ મહિનો આવે છે, ત્યારે આ ફિલ્મ અને તેનું શીર્ષક ગીત દરેક ભારતીયના હોઠ પર રમતું થઈ જાય છે.

ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને રજૂઆત

૧૯૬૪નું વર્ષ હિન્દી સિનેમા માટે ઘણું ફળદાયી રહ્યું હતું. તે સમયે પ્રેક્ષકો રોમેન્ટિક મ્યુઝિકલ ફિલ્મોના દિવાના હતા. ૩ એપ્રિલ ૧૯૬૪ના રોજ જ્યારે 'એપ્રિલ ફૂલ' રૂપેરી પડદે આવી, ત્યારે તેણે એક અલગ જ વાતાવરણ સર્જ્યું હતું. દિગ્દર્શક સુબોધ મુખર્જી, જેઓ અગાઉ 'જંગલી' (૧૯૬૧) જેવી સુપરહિટ ફિલ્મ આપી ચૂક્યા હતા, તેમણે ફરી એકવાર રંગીન સિનેમા (Eastman Color) અને મધુર સંગીતનો જાદુ ચલાવ્યો હતો.

કલાકારોની કેમિસ્ટ્રી: બિશ્વજીત અને સાયરા બાનુ

આ ફિલ્મની સફળતામાં તેના મુખ્ય કલાકારોનો સિંહફાળો હતો. બંગાળી બાબુ બિશ્વજીત અને હિન્દી સિનેમાની 'બ્યુટી ક્વીન' સાયરા બાનુની જોડીએ પડદા પર રોમાંસની નવી પરિભાષા લખી હતી.

બિશ્વજીત: બિશ્વજીત તે સમયે હિન્દી ફિલ્મોમાં નવા નવા સ્થાયી થયા હતા. તેમની નિર્દોષ છબી અને નમ્ર અદાકારીએ યુવતીઓમાં તેમનો ભારે ક્રેઝ ઉભો કર્યો હતો. 'એપ્રિલ ફૂલ'માં તેમણે અશોક નામના યુવાનનું પાત્ર ભજવ્યું હતું, જે મજાક-મસ્તીમાં માને છે પરંતુ હૃદયથી ખૂબ જ સંવેદનશીલ છે.

સાયરા બાનુ: સાયરા બાનુની સુંદરતા આ ફિલ્મમાં ખીલી ઉઠી હતી. 'જંગલી' પછી આ તેમની બીજી મોટી ફિલ્મ હતી. મધુ નામના પાત્રમાં તેમણે જે ચુલબુલાપણું અને ગ્રેસ બતાવ્યો હતો, તે આજે પણ યાદગાર છે. તેમની સ્ટાઈલ, તેમના વસ્ત્રો અને તેમની




તેજસ્વી આંખોએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ ઉપરાંત જયંત, આઈ. એસ. જોહર અને સજ્જન જેવા કલાકારોએ પણ પોતપોતાની ભૂમિકાને ન્યાય આપ્યો હતો. ખાસ કરીને આઈ. એસ. જોહરની કોમેડીએ ફિલ્મમાં હળવાશ ઉમેરી હતી.

નિર્દેશન: સુબોધ મુખર્જીની કમાલ

સુબોધ મુખર્જીએ હંમેશા પ્રેક્ષકોની નાડ પારખી હતી. તેમને ખબર હતી કે ભારતીય પ્રેક્ષકોને શું ગમે છે - સુંદર લોકેશન, મધુર ગીતો અને એક હળવી પ્રેમકથા. 'એપ્રિલ ફૂલ'માં તેમણે કાશ્મીર અને અન્ય મનોહર સ્થળોનો જે રીતે ઉપયોગ કર્યો હતો, તે જોઈને પ્રેક્ષકોને જાણે પોતે ત્યાં જ ફરતા હોય તેવો અહેસાસ થતો હતો. ફિલ્મનું પેસિંગ (ગતિ) એવી હતી કે ક્યાંય પણ પ્રેક્ષકોને કંટાળો આવતો નથી.

સંગીત: શંકર-જયકિશનનો જાદુ

જો આ ફિલ્મનો આત્મા કહી શકાય તો તે તેનું સંગીત હતું. શંકર-જયકિશનની જોડી તે સમયે સંગીત જગતમાં ટોચ પર હતી. 'એપ્રિલ ફૂલ'ના ગીતો આજે ૬૦ વર્ષ પછી પણ એટલા જ તાજા લાગે છે.

૧. એપ્રિલ ફૂલ બનાયા: આ ફિલ્મનું શીર્ષક ગીત મોહમ્મદ રફીના અવાજમાં એક ઉર્જાથી ભરપૂર રચના છે. 'એપ્રિલ ફૂલ બનાયા, તો ઉનકો ગુસ્સા આયા...' ગીત વાગતાની સાથે જ લોકોના પગ થરકવા લાગે છે. આ ગીતે એપ્રિલ ફૂલના દિવસને ભારતમાં એક અલગ જ ઓળખ આપી દીધી.

૨. મેરી મોહબ્બત જવાં રહેગી: મોહમ્મદ રફીના મખમલી અવાજમાં ગવાયેલું આ રોમેન્ટિક ગીત પ્રેમની શાશ્વતતાની વાત કરે છે. બિશ્વજીત પર ફિલ્માવાયેલું આ ગીત આજે પણ રેડિયો પર સાંભળવા મળે છે.

૩. કહ દો કહ દો છુપા ન રખો: લતા મંગેશકર અને મોહમ્મદ રફીનું આ યુગલ ગીત શ્રોતાઓના હૃદયને સ્પર્શી જાય તેવું છે.

૪. આ ગલે લગ જા: સાયરા બાનુ પર ફિલ્માવાયેલું આ ગીત તેની નૃત્ય શૈલી અને સંગીતની સજાવટ માટે જાણીતું છે.

શંકર-જયકિશને આ ફિલ્મમાં જે રીતે વાદ્યોનો ઉપયોગ કર્યો હતો અને મોહમ્મદ રફી પાસે જે રીતે ગાયકી કરાવી હતી, તે સાબિત કરે છે કે કેમ આ જોડીને સંગીતની બાદશાહ માનવામાં આવતી હતી.

ફિલ્મની વિશેષતાઓ અને જમા પાસું

'એપ્રિલ ફૂલ' માત્ર એક રોમેન્ટિક કોમેડી નહોતી, પણ તેમાં રહસ્ય અને સાહસ (Suspense and Adventure) ના તત્વો પણ હતા. ફિલ્મનો સેકન્ડ હાફ પ્રેક્ષકોને જકડી રાખે છે. તે સમયના સિનેમામાં ગીતો અને ડાન્સ દ્વારા જે રીતે વાર્તા આગળ વધતી હતી, તેનું આ શ્રેષ્ઠ ઉદાહરણ છે.

આ ફિલ્મની એક મોટી વિશેષતા તેની 'કલર પેલેટ' હતી. ૧૯૬૦ ના દાયકામાં રંગીન ફિલ્મો આવવી શરૂ થઈ હતી અને 'એપ્રિલ ફૂલ'માં જે રંગોનો ઉપયોગ થયો હતો, તે ખૂબ જ તેજસ્વી અને આકર્ષક હતો. સાયરા બાનુના કપડાંથી માંડીને કુદરતી દ્રશ્યો સુધી બધું જ અત્યંત સુંદર રીતે કંડારવામાં આવ્યું હતું.

### દેશનું ભવિષ્ય નક્કી કરનારા 'મતદાન' વખતે માત્ર ઓળખપત્ર બતાવીને કામ કેમ ચલાવવામાં આવે છે?

# એક લાખ રૂપિયાનો સવાલ: રેશન અને પેન્શન માટે અંગૂઠો જોઈએ, તો મતદાન માટે કેમ નહીં?

**બોગસ વોટિંગ** રાઘવ ચઢ્ઢાનો ચૂંટણી તંત્ર પર સીધો પ્રહાર: શું ફિંગરપ્રિન્ટથી જ અટકશે બોગસ વોટિંગ?

• નવી દિલ્હી / અમદાવાદ

આજના ડિજિટલ યુગમાં જ્યારે સામાન્ય માણસની ઓળખ તેના 'અંગૂઠા' (ફિંગરપ્રિન્ટ) સાથે જોડાઈ ગઈ છે, ત્યારે દેશની ચૂંટણી પ્રક્રિયા પર એક મોટો સવાલ ઉભો થયો છે. આમ આદમી પાર્ટીના નેતા રાઘવ ચઢ્ઢાએ ઉઠાવેલો એક સવાલ અત્યારે સોશિયલ મીડિયા પર 'એક લાખ રૂપિયાનો સવાલ' બનીને ગુંજી રહ્યો છે. શું ખરેખર લોકશાહીના સૌથી મોટા પર્વ એટલે કે મતદાનમાં પણ બાયોમેટ્રિક સિસ્ટમ લાગુ કરવી જોઈએ?

ક્યાં ક્યાં જોઈએ છે ફિંગરપ્રિન્ટ?

રાઘવ ચઢ્ઢાએ તર્ક આપતા જણાવ્યું છે કે, આજે સરકારની નાની-મોટી દરેક સુવિધા મેળવવા માટે સામાન્ય નાગરિકે પોતાની ઓળખ સાબિત કરવી પડે છે:

**એક લાખ રૂપિયા નો સવાલ**



5 કિલો રેશન ખરીદવા માટે, ખેડૂતોને યુરિયા મેળવવા માટે અને પેન્શન લેવા માટે પણ ફિંગરપ્રિન્ટ જરૂરી છે. જો લગભગ દરેક વસ્તુ માટે ફિંગરપ્રિન્ટ જરૂરી હોય, તો પછી મતદાન માટે કેમ નહીં? - રાઘવ ચઢ્ઢા (શું ફિંગરપ્રિન્ટ હોવી જોઈએ? હા કે ના)

* રેશન: 5 કિલો અનાજ લેવા માટે ગરીબ માણસે રેશનકાર્ડ સાથે અંગૂઠો લગાવવો પડે છે.

* ખેતી: ખેડૂતોને યુરિયા ખાતર કે બિયારણ મેળવવા માટે પણ ફિંગરપ્રિન્ટ આપવી અનિવાર્ય છે.

* પેન્શન: વૃદ્ધોને તેમનું હકનું પેન્શન મેળવવા માટે દર વખતે બાયોમેટ્રિક વેરિફિકેશન કરાવવું પડે છે.

સવાલ એ છે કે: જો આ બધી જ પાયાની જરૂરિયાતો માટે ટેકનોલોજીનો ઉપયોગ થઈ શકતો હોય, તો દેશનું ભવિષ્ય નક્કી કરનારા 'મતદાન' વખતે માત્ર ઓળખપત્ર બતાવીને કામ કેમ ચલાવવામાં આવે છે?

શું ફિંગરપ્રિન્ટથી બોગસ વોટિંગ અટકશે?

ચૂંટણીઓમાં ઘણીવાર 'બોગસ વોટિંગ' અથવા એક જ વ્યક્તિ દ્વારા અનેક વાર મતદાન કરવાના આક્ષેપો થતા હોય છે. જો મતદાન મથક પર EVM ની સાથે બાયોમેટ્રિક (ફિંગરપ્રિન્ટ) મશીન જોડી દેવામાં આવે, તો:

* ચોકસાઈ વધશે: જે વ્યક્તિનું નામ છે તે જ વ્યક્તિ મતદાન કરી રહી છે તેની ૧૦૦% ખાતરી થશે.

* પારદર્શિતા: ડુપ્લીકેટ આઈડી કાર્ડ કે અન્યના નામે મત આપવાની પ્રથા કાયમ માટે બંધ થઈ શકે.

* વિશ્વાસ: જનતાનો ચૂંટણી પ્રક્રિયા પર ભરોસો મજબૂત બનશે.

લોકશાહીમાં 'ડિજિટલ અંગૂઠો' કેટલો જરૂરી?

એક તરફ સરકાર દેશને ડિજિટલ ઈન્ડિયા બનાવવાની વાત કરે છે, ત્યારે મતદાન પ્રક્રિયામાં હજુ પણ જૂની પદ્ધતિઓ કેમ ચાલે છે? શું ટેકનોલોજીનો ઉપયોગ માત્ર સામાન્ય જનતા પાસેથી વિગતો મેળવવા માટે જ છે, કે પછી તેનો ઉપયોગ સત્તાના સિંહાસન સુધી પહોંચતી પ્રક્રિયાને શુદ્ધ કરવા માટે પણ થશે?

# ST ના નામે 'વાહ-વાહ', પણ તિજોરીમાં 'તળિયાઝાટક': રૂપિયા 4500 કરોડના દેવામાં ડૂબતું ગુજરાતનું ગૌરવ!

## શું તમને ખબર છે કે આ ચમકતી બસો પાછળનું સત્ય કેટલું કડવું છે?

• ગાંધીનગર

ગુજરાતમાં જ્યારે પણ નવી નકોર હાઈટેક બસોનું લોકાર્પણ થાય ત્યારે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીની કામગીરીના સોશિયલ મીડિયા પર ખુબ વખાણ થાય છે. 'ગામડાની જીવાદોરી' ગણાતી એસટી બસ હવે લક્ઝરી બની રહી છે એ વાત સાચી, પણ શું તમને ખબર છે કે આ ચમકતી બસો પાછળનું સત્ય કેટલું કડવું છે? ગુજરાત એસટી નિગમ (GSRTC) હાલમાં આર્થિક ઓક્સિજન પર છે!

તાજેતરના અહેવાલો મુજબ, એસટી નિગમની આર્થિક સ્થિતિ કથળી રહી છે. જે વિગતો સામે આવી છે તે ચોંકાવનારી છે:

* કુલ દેવું/ખોટ: અંદાજે 4,495 કરોડ સુધી આંકડો પહોંચ્યો છે.

* લોનનું ભારણ: નિગમ પર હાલ 3,573 કરોડનું તોતિંગ લોનનું વ્યાજ અને હપ્તાઓનું ભારણ છે.

* મુસાફરોની સંખ્યા: રોજિંદા 25 લાખથી વધુ મુસાફરો મુસાફરી કરે છે, છતાં નફો તો દૂર, ખર્ચ કાઢવો મુશ્કેલ છે.




કેમ 'લાલ બસ' લાલ ચોપડે પહોંચી?

નિગમની આ હાલત પાછળ કોઈ એક કારણ નથી, પણ વર્ષોથી જામતી ગયેલી સમસ્યાઓ છે:

* ડીઝલનો ડામ: આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડના ભાવ વધતા ડીઝલનો ખર્ચ નિગમની કમર તોડી રહ્યો છે.

* ખાનગી ટ્રાવેલ્સની સ્પર્ધા: ડગલે ને પગલે ખાનગી લક્ઝરી બસો અને ગેરકાયદેસર પેસેન્જર ગાડીઓ એસટીના નફામાં ગાબડું પાડી રહી છે.

* પગાર અને પેન્શન: હજારો કર્મચારીઓના પગાર અને નિવૃત્ત કર્મચારીઓના પેન્શન ચૂકવવામાં આવકનો મોટો હિસ્સો ખર્ચાઈ જાય છે.

* સામાજિક જવાબદારી: નિગમે નફો જોયા વગર ખોટના રૂટ પર (જેમ કે અંતરિયાળ ગામડાઓ) બસો દોડાવવી પડે છે, જે વ્યવહારિક રીતે ખોટનો સોદો સાબિત થાય છે.

શું આમાં સરકારની ભૂલ છે? (વિશ્લેષણ)

આ સવાલ અત્યારે ગુજરાતની જનતામાં ચર્ચાનો વિષય બન્યો છે.

* એક પક્ષ એવું કહે છે કે: સરકાર બસો નવી લાવે છે, સ્ટેન્ડ હાઈટેક બનાવે છે, પણ નિગમને આત્મનિર્ભર બનાવવામાં નિષ્ફળ રહી છે. જો ખાનગી ટ્રાવેલ્સ નફો કરી શકતી હોય, તો સરકારી નિગમ કેમ નહીં?

* બીજો પક્ષ કહે છે કે: આ લોકસેવા છે, નફો કરવાનો હેતુ ન હોય.

તમારું શું માનવું છે? શું સરકારે માત્ર બસોના ફોટા પડાવવાને બદલે નિગમને દેવામાંથી મુક્ત કરવા માટે કોઈ નક્કર આર્થિક પેકેજ જાહેર કરવું જોઈએ?

# અર્થતંત્રમાં ભૂકંપ: રૂપિયો ગગડીને 95ને પાર! મોંઘવારીનો માર કે વૈશ્વિક ષડયંત્ર?

• ગાંધીનગર / મુંબઈ

ભારતીય અર્થતંત્ર માટે આજે 'બ્લેક ડે' સાબિત થયો છે. વૈશ્વિક સ્તરે વધી રહેલા યુદ્ધના તણાવ અને આંતરરાષ્ટ્રીય બજારમાં અનિશ્ચિતતાને કારણે ભારતીય રૂપિયો અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. એક અમેરિકી ડોલરની કિંમત 95.00 થઈ જતાં આખા દેશમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

માત્ર ભારત જ નહીં, પણ સમગ્ર વિશ્વ અત્યારે યુદ્ધના મુખ પર ઊભું છે. 'પાક્કો ગુજરાત' ના વિશ્લેષણ મુજબ આ ઘટાડા પાછળ 3 મોટા કારણો જવાબદાર છે:

* વૈશ્વિક યુદ્ધની સ્થિતિ: રશિયા-યુક્રેન અને મધ્ય-પૂર્વના દેશો વચ્ચે વધતો તણાવ.

* ક્રૂડ ઓઈલના ભાવ: આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવ વધતા ડોલરની માંગમાં ધરખમ વધારો થયો છે.

* વિદેશી રોકાણકારોનો ફાળો: ગભરાટમાં આવીને વિદેશી રોકાણકારો ભારતીય શેરબજારમાંથી પોતાના નાણાં પરત ખેંચી રહ્યા છે.

સામાન્ય માણસના ખિસ્સા પર કેવી અસર પડશે?

રૂપિયો નબળો પડવો એટલે માત્ર આંકડો નથી, પણ તમારા રસોડાના બજેટ પર સીધો હુમલો છે:

* પેટ્રોલ-ડીઝલ મોંઘા થશે: ભારત મોટાભાગનું તેલ આયાત કરે છે. ડોલર મોંઘો થતા ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધશે, જે શાકભાજીથી લઈ તમામ ચીજો મોંઘી કરશે.

* ઈલેક્ટ્રોનિક્સ અને મોબાઈલ: વિદેશથી આવતા પાર્ટ્સ મોંઘા થતા સ્માર્ટફોન, લેપટોપ અને ટીવીના ભાવમાં 5-10% નો વધારો થઈ શકે છે.

* વિદેશ અભ્યાસ: જે ગુજરાતી વિદ્યાર્થીઓ કેનેડા, અમેરિકા કે યુકે જવાનું સપનું જોઈ રહ્યા છે, તેમના માટે ફી ભરવી હવે લોઢાના ચણા ચાવવા જેવું બનશે.

શું ભારત આ પડકાર સામે ટકી શકશે?

નિષ્ણાતોનું માનવું છે કે ભારત પાસે વિદેશી મુદ્રા ભંડાર (Foreign Exchange Reserves) મજબૂત છે. RBI (રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા) સ્થિતિને કાબૂમાં લેવા માટે ડોલરનું વેચાણ કરી શકે છે. જોકે, જો યુદ્ધ લાંબુ ચાલ્યું તો આગામી દિવસો વધુ કપરા હોઈ શકે છે.

# નિકોલમાં 'લવ જેહાદ' જેવો કિસ્સો: 15 વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી વિધર્મીએ આચર્યું દુષ્કર્મ!

• [ક્રાઈમ ડેસ્ક, પાક્કો ગુજરાત]

અમદાવાદના નિકોલ વિસ્તારમાં એક હૃદયદ્રાવક અને લાલબત્તી સમાન કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક તરફ દીકરીઓને ભણાવવાની અને સુરક્ષિત રાખવાની વાતો થાય છે, ત્યારે બીજી તરફ વિધર્મી યુવકો માસૂમ સગીરાઓને પ્રેમની જાળમાં ફસાવી તેમનું શોષણ કરી રહ્યા છે. નિકોલ પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરી આરોપી વકીલ ખાન પઠાણની ધરપકડ કરી લીધી છે.

મળતી માહિતી મુજબ, નિકોલ વિસ્તારમાં રહેતી માત્ર 15 વર્ષની સગીરાને આરોપી વકીલ ખાન પઠાણે પોતાની મીઠી-મીઠી વાતોમાં ફસાવી હતી. સગીરાની નાદાનિયતનો લાભ ઉઠાવી આરોપીએ તેની સાથે પ્રેમનો ઢોંગ કર્યો અને ત્યારબાદ તેની સાથે દુષ્કર્મ ગુજાર્યું હતું. આટલેથી જ ન અટકતા, આ નરાધમે માનવતાની તમામ હદો વટાવી દીધી હતી.

આરોપી વકીલ ખાને સગીરાને વીડિયો કોલ કર્યો હતો અને તે દરમિયાન તેના વાંધાજનક સ્ક્રીનશોટ પાડી લીધા હતા. આ સ્ક્રીનશોટ વાયરલ કરવાની ધમકી આપીને તે સગીરાને અવારનવાર બ્લેકમેઈલ કરતો હતો.

* ધમકી: 'જો તું મારી સાથે ફરીવાર શરીર સંબંધ નહીં બાંધે, તો તારા ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરી દઈશ.'

* દબાણ: આરોપી સગીરા પર સતત શારીરિક સંબંધ બાંધવા માટે દબાણ કરતો હતો, જેનાથી કંટાળીને અને ડરી ગયેલી સગીરાએ અંતે પોતાના પરિવારને જાણ કરી હતી.

### જુનિયર ક્લાર્ક કૌભાંડમાં ATS એ જેને પકડ્યો હતો, તે આકાશ પટેલ હવે અરવલ્લી ભાજપ યુવા મોરચાનો પ્રમુખ!

# પેપર લીકના આરોપીને 'તાજ': ભાજપના આ નિર્ણયથી ગુજરાતના યુવાનોમાં ભારે રોષ!

• મોડાસા / અમદાવાદ

ગુજરાત સરકારની આબરૂના ધજાગરા કરનાર જુનિયર ક્લાર્ક પેપર લીક કાંડ હજુ લોકો ભૂલ્યા નથી, ત્યાં જ એક એવો રાજકીય નિર્ણય સામે આવ્યો છે જેણે સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ પર સવાલો ઉભા કર્યા છે. વર્ષ 2023ના કરોડોના પેપર લીક કૌભાંડમાં જેનું નામ ગાજ્યું હતું અને જેની ગુજરાત એટીએસ (ATS) દ્વારા ધરપકડ કરવામાં આવી હતી, તે આકાશ જશુભાઈ પટેલને ભાજપ દ્વારા અરવલ્લી જિલ્લા યુવા મોરચાના પ્રમુખ બનાવવામાં આવતા રાજકીય ગરમાવો આવી ગયો છે. જાન્યુઆરી 2023માં જ્યારે લાખો પરીક્ષાર્થીઓ જુનિયર ક્લાર્કની પરીક્ષા આપવા થનગની રહ્યા હતા, ત્યારે પરીક્ષાના ગણતરીના




કલાકો પહેલા જ પેપર લીક થઈ ગયું હતું. આ કેસની તપાસમાં ગુજરાત એટીએસએ તેલંગાણાની કે.એલ. હાઈટેક પ્રેસમાંથી પેપર લીક કરનાર આખી ટોળકીનો પર્દાફાશ કર્યો હતો.

* તપાસનો રેલો: એટીએસની તપાસમાં બાયડના આકાશ જશુભાઈ પટેલનું નામ પણ ખુલ્યું હતું.

* ધરપકડ: કૌભાંડીઓ સાથેના કથિત કનેક્શનને પગલે એટીએસ દ્વારા તેની ધરપકડ પણ કરવામાં આવી હતી.

* કૌભાંડની ગંભીરતા: આ એ જ કૌભાંડ હતું જેના કારણે સરકારે નવા કડક કાયદા લાવવાની ફરજ પડી હતી.

જ્યારે ભાજપ હાઈકમાન્ડ દ્વારા અરવલ્લી જિલ્લાના સંગઠનમાં નિમણૂકો જાહેર કરવામાં આવી, ત્યારે આકાશ પટેલનું નામ જોતા જ કાર્યકરોમાં સોપો પડી ગયો હતો.

* નિષ્ઠાવાન કાર્યકરોમાં રોષ: વર્ષોથી પક્ષ માટે લોહી-પરસેવો એક કરનારા કાર્યકરો પૂછી રહ્યા છે કે, 'શું ભાજપમાં હવે પાયાના કાર્યકરો કરતા પેપર લીકના આરોપીઓનું વજન વધી ગયું છે?'

* યુવાનોના ભવિષ્ય સાથે ચેડાં: લાખો બેરોજગાર યુવાનો જેમણે પેપર લીકને કારણે આર્થિક અને માનસિક યાતના ભોગવી છે, તેમના માટે આ નિર્ણય જખમ પર મીઠું ભભરાવવા જેવો છે.

* વિપક્ષના પ્રહાર: આ નિમણૂક બાદ વિપક્ષને પણ બેઠું ભાથું મળી ગયું છે. સરકાર એક બાજુ પેપર લીક રોકવાના દાવા કરે છે અને બીજી બાજુ આરોપીઓને પદ આપે છે, તેવું ચર્ચાઈ રહ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી અને ગૃહરાજ્ય મંત્રી સતત પારદર્શક વહીવટની વાતો કરે છે, પરંતુ જ્યારે સંગઠનમાં આવા વિવાદાસ્પદ ચહેરાઓને સ્થાન મળે ત્યારે જનતામાં ખોટો સંદેશ જાય છે. શું હાઈકમાન્ડને આકાશ પટેલના ભૂતકાળની જાણ નહોતી? કે પછી કોઈ મોટા માથાઓના આશીર્વાદથી આ 'પદ' મળ્યું છે?

# સત્તાનો સંગ્રામ: લોકશાહીના ફલક પર મોદીનું 'અજેય' મિશન vs રાહુલનું 'જન' આંદોલન

• અમદાવાદ | પવન મકાન

ભારતીય રાજનીતિના ઈતિહાસમાં અત્યારે જે ક્ષણ ચાલી રહી છે, તે દાયકાઓ સુધી યાદ રખાશે. એક તરફ વિશ્વના સૌથી શક્તિશાળી નેતાઓમાં જેમની ગણના થાય છે તેવા નરેન્દ્ર મોદી છે, જેમણે ભારતને વૈશ્વિક મહાસત્તા બનાવવાનું બીડું ઝડપ્યું છે. બીજી તરફ, સંઘર્ષની આગમાં તપીને તૈયાર થયેલા રાહુલ ગાંધી છે, જેઓ વિપક્ષી એકતાના મુખ્ય સ્તંભ બનીને સરકાર સામે પડકાર ફેંકી રહ્યા છે.




નરેન્દ્ર મોદી: ૨૪ કલાક રાષ્ટ્રભક્તિ અને 'નવભારત'નું નિર્માણ

વડાપ્રધાન મોદી માત્ર એક નેતા નથી, પણ એક એવી સંસ્થા બની ગયા છે જેમના નામે ચૂંટણીઓ જીતાય છે અને નિર્ણયો લેવાય છે.

* જીતની હેટ્રિક અને ઈતિહાસ: સતત ત્રીજી વખત શપથ લઈને મોદી સાહેબે બતાવી દીધું કે 'મોદી મેજિક' આજે પણ અકબંધ છે. તેમનો મંત્ર સ્પષ્ટ છે: વિકાસ, વિરાસત અને વિશ્વાસ.

* નિર્ણાયક ભારત: કલમ ૩૭૦ થી લઈને રામ મંદિર સુધીના દશકાઓ જૂના પ્રશ્નોનો અંત લાવી તેમણે પોતાની ઈચ્છાશક્તિનો પરિચય આપ્યો છે. હવે તેમનું લક્ષ્ય 'ગગનયાન'થી લઈને 'ડિજિટલ ઈકોનોમી' સુધી ભારતનો ડંકો વગાડવાનું છે.

રાહુલ ગાંધી: રસ્તાથી સંસદ સુધીની આક્રમક રણનીતિ

રાહુલ ગાંધી અત્યારે તેમના રાજકીય જીવનના સૌથી મજબૂત તબક્કામાં છે. તેઓ હવે માત્ર ટ્વીટર પર નહીં, પણ જમીન પર જનતાના ખભે ખભા મિલાવીને ઉભા છે.

* નવો મિજાજ: લોકસભામાં વિરોધ પક્ષના નેતા તરીકે રાહુલ ગાંધીની સ્પીચ હવે હેડલાઈન્સ બને છે. 'ડરશો નહીં'ના નારા સાથે તેઓ સરકારને રોજગારી, અગ્નિવીર અને મોંઘવારી જેવા મુદ્દે ભીંસમાં લઈ રહ્યા છે.

* ન્યાયની લડાઈ: ભારત જોડો યાત્રા બાદ રાહુલ ગાંધીએ પોતાની છબી એક એવા નેતા તરીકે બનાવી છે જે બંધારણ અને સામાન્ય માણસના હક માટે લડવા તૈયાર છે.

ગુજરાત: રાજનીતિની પ્રયોગશાળામાં નવો ગરમાવો

મોદી સાહેબનું હોમ ટાઉન અને ભાજપનો ગઢ ગણાતા ગુજરાતમાં પણ હવે પવન બદલાઈ રહ્યો છે. આગામી મહાનગરપાલિકાની ચૂંટણીઓ ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ છે, તો કોંગ્રેસ માટે અસ્તિત્વ ટકાવી રાખવાની સાથે વાપસીની તક છે. અમદાવાદીઓની ગલીઓ હોય કે સુરતના ડાયમંડ બજાર, અત્યારે દરેક જગ્યાએ એક જ ચર્ચા છે: શું મોદીનો વિકાસવાદ ફરી મેદાન મારી જશે કે રાહુલનો નવો અંદાજ ગુજરાતીઓના દિલ જીતી લેશે?

નિષ્કર્ષ: લોકશાહીનો અસલી વિજય

રાજનીતિમાં કોઈ કાયમી શત્રુ કે મિત્ર હોતું નથી, પણ વિચારધારાઓની આ લડાઈ દેશને મજબૂત બનાવે છે. એક મજબૂત સત્તા અને એક ધારદાર વિપક્ષ - આ જ તંદુરસ્ત લોકશાહીની નિશાની છે. 'પાક્કો ગુજરાત'ના વા ચકો માટે આ માત્ર સમાચાર નથી, પણ દેશના ભવિષ્યની રૂપરેખા છે.

સંપાદકીય કલમ: પવન મકાન (ગ્રુપ એડિટર, ધાની મીડિયા ગ્રુપ)

અસલી નિર્ણય

'સૌથી ભ્રષ્ટ મુખ્યમંત્રી' - રાહુલ ગાંધીનો હિમંતા પર સીધો પ્રહાર

# રાહુલ ગાંધી Vs હિમંતા બિસ્વા: આસામના રાજકારણમાં 'ભૂકંપ', રાહુલના આક્રમક તેવરથી દિલ્હી સુધી ગરમાવો!

## પરિવાર પર ગંભીર આરોપો અને સત્તામાં આવ્યા બાદ 'ચું' પણ નહીં નીકળે તેવી ખુલ્લી ચેતવણી!

• [નેશનલ ડેસ્ક: પાક્કો ગુજરાત]

દેશના રાજકારણમાં આરોપ-પ્રત્યારોપ તો ચાલતા હોય છે, પણ આ વખતે આસામની ધરતી પરથી જે રાજકીય જંગ છેડાયો છે, તેણે આખા દેશનું ધ્યાન ખેંચ્યું છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્મા વચ્ચેની દુશ્મની હવે વ્યક્તિગત પ્રહારો સુધી પહોંચી ગઈ છે. રાહુલ ગાંધીએ હિમંતા બિસ્વા શર્માને દેશના 'સૌથી ભ્રષ્ટ' મુખ્યમંત્રી ગણાવીને રાજકીય આલમમાં ખળભળાટ મચાવી દીધો છે.

૧. રાહુલનો અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો

રાહુલ ગાંધીએ આસામમાં પોતાની યાત્રા દરમિયાન આક્રમક અંદાજમાં કહ્યું કે, હિમંતા બિસ્વા શર્મા માત્ર આસામના જ નહીં પણ દેશના સૌથી ભ્રષ્ટ મુખ્યમંત્રી છે. તેમણે આક્ષેપ કર્યો કે સીએમ અને તેમનો પરિવાર ભ્રષ્ટાચારમાં 'નંબર વન' છે અને રાજ્યની જનતાના હકો છીનવી રહ્યો છે.

૨. 'મોંમાંથી અવાજ પણ નહીં નીકળે': આકરી ચેતવણી

રાહુલ ગાંધી અહીં જ અટક્યા નહોતા, તેમણે સત્તા પર પરિવર્તનની વાત કરતા સીધી ધમકી આપી હતી. તેમણે કહ્યું કે, 'જ્યારે અમે સત્તામાં આવીશું અને આસામના સીએમને હટાવીશું, ત્યારે તેમની સામે એવી કડક કાર્યવાહી કરવામાં આવશે કે તેમના મોંમાંથી એક શબ્દ (ચું) પણ




બહાર નહીં નીકળે.' રાહુલના આ 'એક્શન પેક્ડ' નિવેદને ભાજપ છાવણીમાં રોષ જગાવ્યો છે.

૩. જનતાના મનમાં ઉઠ્યા સવાલો: કોણ કેટલું દૂધે ધોયેલું?

રાહુલ ગાંધીના આ પ્રહાર બાદ સોશિયલ મીડિયા અને રાજકીય વર્તુળોમાં મોટી ચર્ચા છેડાઈ છે. લોકો સવાલ પૂછી રહ્યા છે કે:

* શું વર્ષો સુધી કૌભાંડોમાં ઘેરાયેલી રહેલી કોંગ્રેસ હવે બીજાને ઈમાનદારીના સર્ટિફિકેટ આપશે?

* શું આ માત્ર ચૂંટણીલક્ષી સ્ટંટ છે કે રાહુલ પાસે કોઈ નક્કર પુરાવા છે?

વિરોધીઓનું કહેવું છે કે જેમના પોતાના નેતાઓ જામીન પર બહાર છે, તેઓ બીજા પર ભ્રષ્ટાચારના આરોપો કેવી રીતે લગાવી શકે?

૪. આરોપો સાબિત કરવા અઘરા, પ્રચાર સહેલો!

રાજકારણની આ શતરંજમાં એકબીજા પર કાદવ ઉછાળવો સહેલો છે, પણ તેને કાયદાકીય રીતે કોર્ટમાં સાબિત કરવો ઘણો અઘરો હોય છે. જનતા હવે માત્ર નેતાઓના ભાષણો પર ભરોસો કરવાને બદલે પાછલા રેકોર્ડ અને કામની સરખામણી કરી રહી છે.

'પાક્કો ગુજરાત' વિશ્લેષણ: અસલી નિર્ણય જનતાના હાથમાં

નેતાઓ ભલે એકબીજાને જેલમાં મોકલવાની કે ચૂપ કરી દેવાની વાતો કરે, પણ લોકશાહીમાં અસલી સત્તા જનતા પાસે છે. હિમંતા બિસ્વા શર્માનું કામ બોલે છે કે રાહુલ ગાંધીના આરોપોમાં દમ છે, તેનો ફેંસલો આગામી ચૂંટણીઓમાં આસામની જનતા જ કરશે.

હેડલાઈન પંચ: આસામમાં આરપારની જંગ! રાહુલ ગાંધીના 'ચું' વાળા નિવેદનથી રાજકારણ ગરમાયું. શું આ મરણિયો જંગ કોંગ્રેસને બેઠી કરશે કે ભાજપના ગઢને વધુ મજબૂત બનાવશે?

# અમદાવાદમાં ક્રિપ્ટો કરન્સીના નામે 57.90 લાખની ઠગાઈ

## રોકાણના નામે લાલચ આપી શખ્સોએ ખેલી નાખ્યો મોટો ખેલ | ઠગ ગેંગને બેંક એકાઉન્ટ પૂરા પાડનારા સાગરીતો પોલીસના સકંજામાં!

• [ક્રાઈમ રિપોર્ટર, પાક્કો ગુજરાત]

અમદાવાદમાં ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરી રાતોરાત અમીર બનવાના સપના જોતા લોકો માટે આ કિસ્સો લાલબત્તી સમાન છે. શહેરના એક જાગૃત નાગરિક પાસેથી ઉંચા વળતરની લાલચ આપી રૂપિયા 57.90 લાખ પડાવી લેનાર આંતરરાજ્ય ઠગ ગેંગના સાગરીતોને પોલીસે દબોચી લીધા છે. આ આખું રેકેટ દુબઈથી ઓપરેટ થઈ રહ્યું હોવાનું સામે આવ્યું છે.

ભોગ બનનાર ફરિયાદીને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાથી ટૂંકા ગાળામાં મોટો નફો મળશે તેવી લાલચ આપવામાં આવી હતી. શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે થોડું વળતર બતાવ્યા બાદ, ગેંગે અલગ-અલગ બહાને ફરિયાદી પાસેથી કુલ 57.90 લાખ રૂપિયા પડાવી લીધા હતા. જ્યારે ફરિયાદીએ પોતાના પૈસા પરત માંગ્યા, ત્યારે આરોપીઓએ સંપર્ક તોડી નાખ્યો હતો.

સાયબર ક્રાઈમ અને સ્થાનિક પોલીસની તપાસમાં સામે આવ્યું કે આ ઠગ ગેંગને બેંક એકાઉન્ટ્સ પૂરા પાડવામાં અમદાવાદના જ કેટલાક શખ્સો સામેલ હતા. પોલીસે તપાસનો ધમધમાટ તેજ કરી નીચે મુજબના આરોપીઓને જેલ ભેગા કર્યા છે:

આ તમામ શખ્સો કમિશન લાલચે ઠગ ગેંગને પોતાના અથવા ભાડે લીધેલા બેંક એકાઉન્ટ્સ પૂરા પાડતા હતા, જેમાં ઠગાઈના પૈસા ટ્રાન્સફર કરવામાં આવતા હતા.

દુબઈ કનેક્શન અને ફરાર આરોપી

પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે આ આખી ગેંગનો માસ્ટરમાઈન્ડ મયુર સાવલિયા છે, જે હાલમાં દુબઈ ખાતે બેસીને આ આખા નેટવર્કનું દોરીસંચાર કરી રહ્યો છે. મયુર સાવલિયા હજુ પણ પોલીસ પકડથી દૂર છે અને તેને ભારત લાવવા માટેની કાયદેસરની કાર્યવાહી તેજ કરવામાં આવી છે.

'પાક્કો ગુજરાત' ની સાવચેતીની સલાહ:

* કોઈપણ અજાણી વ્યક્તિ કે સોશિયલ મીડિયા ગ્રુપ દ્વારા ક્રિપ્ટોમાં રોકાણની લાલચ આપવામાં આવે તો સાવધ રહો.

* ટૂંકા ગાળામાં ડબલ પૈસાની લાલચ હંમેશા જોખમી હોય છે.

* તમારા બેંક એકાઉન્ટની વિગતો કે OTP ક્યારેય કોઈને આપશો નહીં.

* જો તમારી સાથે આવી કોઈ છેતરપિંડી થાય, તો તુરંત 1930 નંબર પર સાયબર ક્રાઈમ હેલ્પલાઈનનો સંપર્ક કરો.

રોકાણ કરવામાં રાખજો 'પાક્કી' તકેદારી, નહીંતર ક્રિપ્ટોના નામે થઈ જશે 'સફાયો'! અમદાવાદ પોલીસે ગેંગના મૂળિયા હચમચાવ્યા.

# 'જનતા મોંઘવારીમાં શેકાય છે અને શાસકો ચૂંટણીના ગુલાલ ઉડાડે છે!'

## ઈરાન-અમેરિકા યુદ્ધની જ્વાળામાં ભારતનું ભાવિ હોમાશે? | 'દેશપ્રેમ' ના નામે અમેરિકાની ગુલામી અને જનતાના ખિસ્સા પર ખાતર!

• [ચીફ એડિટર રિપોર્ટ, પાક્કો ગુજરાત]

આજે દેશ એક એવા વળાંક પર ઉભો છે જ્યાં સામાન્ય માણસને સમજાતું નથી કે તે રસોડાનો ગેસ બચાવે કે લોકશાહી બચાવે. એક તરફ દુનિયા ઈરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધના ભણકારે થથરી રહી છે, ત્યારે ભારત સરકાર પોતાની તમામ જવાબદારીઓ નેવે મૂકીને માત્ર અને માત્ર 'ચૂંટણીના અખાડા' માં વ્યસ્ત છે.

૧. તેલની ધાર અને સરકારની હાર

પેટ્રોલિયમ પેદાશોના ભાવ વધવા પાછળ વૈશ્વિક કારણોનું બહાનું ધરવામાં આવે છે, પણ હકીકત એ છે કે જનતાની પીડા સાંભળવા માટે સરકાર પાસે સમય જ નથી. મધ્યમ વર્ગનો માણસ આજે સ્કૂટરની ટાંકી ફૂલ કરાવતા પહેલા દસ વાર વિચારે છે અને ગૃહિણીઓ ગેસના બાટલાના વધતા ભાવ જોઈને હાયકારા નાખે છે.

» 'પાક્કો ગુજરાત' નો દાવો: આ મોંઘવારી અત્યારે જે દેખાય છે એ તો માત્ર ટ્રેલર છે. જેવો બંગાળ અને આસામમાં સત્તાનો ખેલ પૂરો થશે, કે તરત જ જનતા પર ભાવવધારાનો 'પરમાણુ બોમ્બ' ફોડવાની તૈયારીઓ સરકારે કરી લીધી છે.

»

૨. વિદેશ નીતિ: રણનીતિ કે લાચારી?

ભારતની વર્ષો જૂની છાપ એક સ્વતંત્ર અને સક્ષમ રાષ્ટ્રની રહી છે, પણ વર્તમાન સ્થિતિમાં એવું લાગે છે કે આપણે આપણું રિમોટ કંટ્રોલ અમેરિકાના હાથમાં આપી દીધું છે.

* ઈરાન સાથે છેડો: જે ઈરાન આપણું જૂનું સાથી છે, તેની સાથેના સંબંધો બગાડીને ભારત કોને રાજી કરવા માંગે છે?

* ટ્રમ્પનો સકંજો: પાગલ ટ્રમ્પના ઈશારે ઈઝરાઈલને 'ફાધરલેન્ડ' ગણાવીને આપણે આખા મધ્ય-પૂર્વ એશિયાને નારાજ કરી રહ્યા છીએ.

* પરિણામ: આ વિદેશી ખટપટની કિંમત વોશિંગ્ટન કે તેલ અવીવ નહીં, પણ ભારતના ગામડાનો ખેડૂત અને શહેરનો નોકરિયાત વર્ગ મોંઘા તેલ સ્વરૂપે ચૂકવશે.

૩. 'મોદી-શાહ' જોડી: દેશની ચિંતા કે વોટની ખેતી?

જ્યારે દેશમાં આર્થિક કટોકટી જેવી સ્થિતિ સર્જાઈ રહી છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ દિલ્હીમાં બેસીને રણનીતિ ઘડવાને બદલે બંગાળ અને આસામની સભાઓમાં હજારોની મેદની સંબોધવામાં મગ્ન છે.

* નિશ્ચિંત શાસક: સરહદો પર શું થશે? તેલના ભાવ ક્યાં જશે? તેની ચિંતા છોડીને આ જોડી માત્ર કેસેટ વગાડી રહી છે: 'પરિવર્તન થશે'.

* ચિંતિત જનતા: જનતા ચિંતિત છે કે જો યુદ્ધ વધશે તો શું ભારત પાસે કોઈ 'પ્લાન-બી' છે? અત્યાર સુધી તો માત્ર અમેરિકાની હા માં હા મેળવવા સિવાય કોઈ સ્ટેન્ડ દેખાયું નથી.

## રાશીફળ (તા.03-04-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આજનો દિવસ તમારા માટે સંપત્તિમાં વધારો લાવશે. તમારી કોઈપણ ઈચ્છા પૂર્ણ થઈ શકે છે. |
| વૃષભ (બ.વ.ઉ) | આજે તમારા આવકના સ્ત્રોતોમાં વધારો થશે. કાર્યસ્થળ પર તમારા સારા વિચારસરણીથી તમને ફાયદો થશે. |
| મિથુન (ક.છ.ઘ) | આજનો દિવસ તમારા માટે કોઈપણ રોકાણ કરવા માટે સારો રહેશે. મનમાં નકારાત્મક વિચારો ન રાખો. |
| કર્ક (ડ.હ) | આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય પર સંપૂર્ણ ધ્યાન આપવાનો રહેશે. તમારે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે સતર્ક રહેવું પડશે અને તમારા આહાર પર સંપૂર્ણ ધ્યાન આપવું પડશે. |
| સિંહ (મ.ટ) | આજનો દિવસ આવકમાં વધારો કરશે. પારિવારિક જીવન ખુશ રહેશે. તમે જે પણ કાર્ય હાથ ધરશો તેમાં તમને ચોક્કસ સફળતા મળશે. |
| કન્યા (પ.ઠ.ણ) | આજનો દિવસ તમારા માટે ખૂબ જ સારો રહેવાનો છે. તમારા સારા વિચારસરણીથી તમને ફાયદો થશે. વિદેશથી વ્યવસાય કરતા લોકોને મોટો ઓર્ડર મળી શકે છે. |
| તુલા (ર.ત) | એક જ સમયે અનેક કાર્યો કરવાના કારણે તમારી એકાગ્રતા વધી શકે છે. તમારે કોઈને પૈસા આપવાનું ટાળવું પડશે. |
| વૃશ્ચિક (ન.ય.) | આજનો દિવસ તમારી આવકમાં વધારો કરશે. તમારે કોઈપણ વાદવિવાદથી દૂર રહેવાની જરૂર છે. ભાગીદારીમાં કોઈ કામ ન કરો. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | આજનો દિવસ તમારા માટે જવાબદારીપૂર્વક કામ કરવાનો રહેશે. તમારો કોઈ મોટો પ્રોજેક્ટ પૂર્ણ થઈ શકે છે, કોઈ અજાણ્યા વ્યક્તિ પર વિશ્વાસ ન કરો. |
| મકર (ખ.જ) | નાણાકીય દ્રષ્ટિએ આજનો દિવસ તમારા માટે સારો રહેવાનો છે. તમને વ્યવસાયમાં કેટલીક નવી તકો મળશે. અવિવાહિત લોકો તેમના જીવનસાથીને મળી શકે છે |
| કુંભ (ગ.શ.સ.ષ) | આજનો દિવસ તમારા માટે લાંબા સમયથી અટકેલા કાર્યો પૂર્ણ કરવાનો રહેશે. તમારી કલા અને કૌશલ્યમાં સુધારો થશે અને તમારી સુખ-સુવિધાઓમાં વધારો થશે. |
| મીન (દ.ચ.ઝ.થ) | શેરબજાર સાથે સંકળાયેલા લોકો માટે આજનો દિવસ સારો રહેવાનો છે. તમને કેટલાક જૂના રોકાણોમાંથી સારો નફો મળવાની શક્યતા છે. |

# કલ્પનાના કેનવાસ પરથી હકીકતના ઉંબરા સુધી

## વાત છે ઈરાની કલાકાર આહાદ સાદીની. એક ચિત્રકાર જ્યારે કેનવાસ પર પીછી ફેરવે છે

• લેખક: પવન માકન (ગ્રુપ એડિટર, ધાની મીડિયા)

આપણે અવારનવાર સાંભળતા હોઈએ છીએ કે 'કુદરતના ખેલ ન્યારા છે', પણ ક્યારેક આ વાત એટલી હકીકત બનીને સામે આવે છે કે વિજ્ઞાન અને તર્ક પણ ટૂંકા પડે. આજે મારે તમારી સાથે એક એવી સત્ય ઘટના શેર કરવી છે, જે વાંચીને તમને લાગશે કે ફિલ્મોમાં જે 'મિરેકલ' જોઈએ છીએ, તે ખરેખર જીવનમાં પણ શક્ય છે.



વાત છે ઈરાની કલાકાર આહાદ સાદીની. એક ચિત્રકાર જ્યારે કેનવાસ પર પીંછી ફેરવે છે ત્યારે તે પોતાની કલ્પનાને રંગોમાં કંડારતો હોય છે. આહાદે પણ વર્ષો પહેલાં પોતાની કલ્પનામાંથી એક યુવતીનું તેજસ્વી ચિત્ર તૈયાર કર્યું હતું. એ ચિત્ર તેના માટે માત્ર એક કળા નહોતી, પણ તેની 'સપનાની કન્યા' હતી. ત્યારે તેને ખ્યાલ પણ નહીં હોય કે જે ચિત્ર તે બનાવી રહ્યો છે, તે કોઈના અસ્તિત્વનો અરીસો છે!

ચિત્ર બોલી ઉઠ્યું અને હકીકત સામે આવી!

વર્ષ ૨૦૦૯માં જ્યારે આહાદે એક આર્ટ એક્ઝિબિશન યોજ્યું, ત્યારે ત્યાં એક યુવતી આવી જેનું નામ હતું પારિસા કરમનેજાદ. આહાદની નજર જ્યારે પારિસા પર પડી ત્યારે તે સ્તબ્ધ રહી ગયો. સામે ઉભેલી યુવતી અને તેના વર્ષો જૂના ચિત્રમાં તલમાત્રનો પણ ફરક નહોતો. એ જ ચહેરો, એ જ નૂર અને એ જ સાદગી! જાણે કેનવાસમાંથી કોઈ જીવંત અપ્સરા બહાર આવી ગઈ હોય.

આ કોઈ ફિલ્મી વાર્તા નથી, પણ કુદરત દ્વારા રચાયેલો એક અદભુત સંયોગ હતો. આ મુલાકાત મૈત્રીમાં બદલાઈ અને મૈત્રી પ્રેમમાં. અંતે, આ કાલ્પનિક લાગતી પ્રેમ કહાની લગ્નના પવિત્ર બંધન સુધી પહોંચી.

મારો દ્રષ્ટિકોણ:

આ કિસ્સો આપણને શીખવે છે કે જો તમારી સંવેદના સાચી હોય અને કલ્પનામાં સત્ય હોય, તો આખી કાયનાત તેને મેળવવામાં તમને સાથ આપે છે. ક્યારેક જે આપણે વિચારીએ છીએ, તે ક્યાંક ને ક્યાંક અસ્તિત્વમાં હોય જ છે; બસ, સમય આવ્યે કુદરત આપણને તેની સાથે મેળવી આપે છે.

પ્રેમ અને કલાનો આ સંગમ સાબિત કરે છે કે ચમત્કારો આજે પણ થાય છે, શરત માત્ર એટલી કે તમારી આંખોમાં એ જોવાની દ્રષ્ટિ હોવી જોઈએ.

# સંબંધોનું ગણિત અને નિયતિનો ન્યાય: પ્રેમ એ અપેક્ષા નહીં, ઈશ્વરીય વરદાન છે

• લેખક: પવન માકન

જીવનના રસ્તા પર ચાલતા ચાલતા આપણે અનેક વ્યક્તિઓને મળીએ છીએ. ક્યારેક કોઈ આપણને ગમી જાય છે, તો ક્યારેક આપણે કોઈને ગમી જઈએ છીએ. મનુષ્ય સહજ સ્વભાવ મુજબ, આપણે હંમેશા એવું ઈચ્છીએ છીએ કે જેની પ્રત્યે આપણને લાગણી છે, તેની તરફથી જ આપણને વળતો પ્રેમ મળે. પરંતુ, જીવનનો એક કડવો અને સાચો સિદ્ધાંત છે: 'જરૂરી નથી કે તમને પ્રેમ ત્યાંથી જ મળે જ્યાંથી તમે ઈચ્છો છો.'



આપણે ઘણીવાર પ્રેમને એક 'વ્યવહાર' સમજી લઈએ છીએ—કે મેં કોઈને આટલું માન કે સ્નેહ આપ્યો, તો સામે પણ એટલું જ મળવું જોઈએ. પરંતુ પ્રેમ એ કોઈ બજારુ સોદો નથી. પ્રેમ તો એક એવી અદ્રશ્ય દોરી છે જેનું નિયંત્રણ આપણા હાથમાં નથી, પણ તે ઈશ્વરના હાથમાં છે. જેને આપણે 'નિયતિ' કહીએ છીએ, તે વાસ્તવમાં ઉપરવાળાએ આપણા માટે લખેલી એક પટકથા છે.

ક્યારેક આપણે જેની પાછળ પાગલ હોઈએ છીએ તે આપણને મળતું નથી, અને ત્યારે આપણે નિરાશ થઈ જઈએ છીએ. પણ સમય જતાં સમજાય છે કે, કદાચ તે વ્યક્તિ આપણા જીવનના વિશાળ કેનવાસ માટે યોગ્ય નહોતી. ઈશ્વર આપણને તે નથી આપતા જે આપણે 'ઈચ્છીએ' છીએ, પણ તે આપે છે જેની આપણને 'જરૂર' છે.

પ્રેમ કયા રૂપમાં, ક્યારે અને કઈ વ્યક્તિ દ્વારા આપણા જીવનમાં પ્રવેશશે, તે નક્કી કરવાનો હક માત્ર વિધાતા પાસે છે. કદાચ તમને તમારા જીવનસાથીમાં એ પ્રેમ ન દેખાય, પણ કોઈ મિત્ર, કોઈ સંતાન કે અજાણ્યા વ્યક્તિની હૂંફમાં એ પ્રેમ મળી જાય.

સંદેશ

જો તમને તમારી ઈચ્છિત જગ્યાએથી પ્રેમ નથી મળ્યો, તો ઉદાસ ન થશો. યાદ રાખજો કે તમારી નિયતિ ઈશ્વરે રચી છે અને તે ક્યારેય ભૂલ કરતો નથી. માત્ર હૃદયના દ્વાર ખુલ્લા રાખો, પ્રેમ કોઈને કોઈ સ્વરૂપે તમારી પાસે ચોક્કસ આવશે. કારણ કે પ્રેમ એ માનવીય જીદ નથી, પણ દૈવીય વ્યવસ્થા છે.

'મહાનગર મેટ્રો' - સમાચારની સાથે સંસ્કારનું ભાથું.

# મધ્યમ વર્ગનો આર્તનાદ: પગાર હાથમાં આવે તે પહેલાં જ ક્યાં ગાયબ થઈ જાય છે?

• અમદાવાદ / નવી દિલ્હી

'મારી આવક મને મળે તે પહેલાં જ ક્યાં જાય છે?' - આ પ્રશ્ન આજે ભારતના કરોડો મધ્યમ વર્ગીય પરિવારોનો છે. તાજેતરમાં રાજ્યસભામાં સાંસદ રાઘવ ચઢ્ઢાએ જ્યારે આ મુદ્દો ઉઠાવ્યો, ત્યારે તે માત્ર એક રાજકીય નિવેદન નહીં પણ દેશના પગારદાર વર્ગની વાસ્તવિકતા બનીને ઉભર્યો છે. આ ચર્ચા માત્ર આંકડાઓની નથી, પરંતુ મધ્યમ વર્ગ પર વધી રહેલા અસહ્ય આર્થિક બોજની છે.

કોર્પોરેટ કરતા વ્યક્તિગત કરદાતાઓનો ફાળો વધ્યો!

તાજેતરના આંકડાઓ ચોંકાવનારા છે. દેશમાં વ્યક્તિગત કરદાતાઓ આવકવેરા પેટે અંદાજે 11 લાખ કરોડનું યોગદાન આપે છે, જેની સામે કોર્પોરેટ ટેક્સની વસૂલાત અંદાજે 9.8 લાખ કરોડ છે. આ સરખામણી દર્શાવે છે કે જેમના પગારમાંથી સીધો ટેક્સ (TDS) કપાય છે, તેવા સામાન્ય કર્મચારીઓ પર નાણાકીય બોજ ઉદ્યોગગૃહો કરતા પણ વધી રહ્યો છે.

'સેન્ડવિચ વર્ગ'ની બેવડી મુસીબત

મધ્યમ વર્ગ આજે એક એવી સ્થિતિમાં છે જ્યાં તેને 'સેન્ડવિચ ક્લાસ' કહેવામાં આવે છે:

* નથી મળતી સબસિડી: ગરીબ વર્ગની જેમ તેને સરકારી સબસિડીનો લાભ મળતો નથી.
* નથી મળતા મોટા પ્રોત્સાહનો: મોટા ઉદ્યોગપતિઓની જેમ તેને ટેક્સમાં મોટી છૂટછાટો કે રાહતો મળતી નથી.

મોંઘવારીનો માર: આંકડા બોલે છે

જ્યારે આવક મર્યાદિત છે, ત્યારે ખર્ચમાં તોતિંગ વધારો થઈ રહ્યો છે:

* શિક્ષણ ખર્ચ: વાર્ષિક 8% નો વધારો.
* આરોગ્ય સેવાઓ: 9% જેટલો વધારો.
* ભાડું અને રહેઠાણ: 7% નો ઉછાળો.
* ફુગાવો: સતત 6-7% ની આસપાસ રહેતા દૈનિક ચીજવસ્તુઓ મોંઘી થઈ રહી છે.

શું છે મધ્યમ વર્ગની માંગ?

આર્થિક નિષ્ણાતો અને કરદાતાઓ તરફથી એવી પ્રબળ માંગ ઉઠી રહી છે કે સરકાર ટેક્સ સિસ્ટમમાં સંતુલન જાળવે. સૂચનો મુજબ, સ્ટાન્ડર્ડ ડિડક્શન (Standard Deduction) ને હાલના 50,000 થી વધારીને 75,000 અથવા 1.5 લાખ સુધી લઈ જવાની જરૂર છે, જેથી પગારદાર વર્ગના હાથમાં ખર્ચવા માટે થોડા વધુ નાણાં બચે.

# પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહને લઈને રાજીવ શુક્લાનું મોટું નિવેદન: 'ષડયંત્ર હેઠળ બદનામ કરાયા, હવે સત્ય સામે આવ્યું'

• નવી દિલ્હી / અમદાવાદ

પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના શાસનકાળ દરમિયાન જે મુદ્દાઓ પર સૌથી વધુ હોબાળો થયો હતો, તેવા 2G સ્પેક્ટ્રમ અને કોલસા કૌભાંડ (Coal Scam) ને લઈને રાજ્યસભા સાંસદ રાજીવ શુક્લાએ આક્રમક પ્રતિક્રિયા આપી છે. તેમણે ભાજપ અને મીડિયાની ચુપકીદી પર સવાલ ઉઠાવતા મનમોહન સિંહ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. રાજીવ શુક્લાએ જણાવ્યું હતું કે, જે ટુ-જી અને કોલસા કેસના આધારે તત્કાલીન સરકારને બદનામ કરવામાં આવી અને ચૂંટણીમાં હારનો સામનો કરવો પડ્યો, તે બંને કેસમાં અદાલતે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. કોર્ટે સ્પષ્ટપણે નોંધ્યું છે .

હૈવાન

મહારાષ્ટ્રના નાસિકમાં એક એવો જ કિસ્સો સામે આવ્યો છે, જેણે આખા દેશને હચમચાવી દીધો છે

# નેવીનો 'કેપ્ટન' કે પાખંડી 'હૈવાન'? 154 દેશોનો પ્રવાસ કરનાર અશોક ખરાતના કાળા કારનામાનો પર્દાફાશ!

## આસ્થાની આડમાં અઘોરી ખેલ: 100 કરોડની સંપત્તિ, 8 FIR અને 58થી વધુ આપત્તિજનક વીડિયો... SITની તપાસમાં ચોંકાવનારા ખુલાસા

• નાસિક / અમદાવાદ



કહેવાય છે કે જ્યારે શ્રદ્ધા આંધળી બને છે, ત્યારે તે વિનાશ નોતરે છે. મહારાષ્ટ્રના નાસિકમાં એક એવો જ કિસ્સો સામે આવ્યો છે, જેણે આખા દેશને હચમચાવી દીધો છે. મર્ચન્ટ નેવીમાં 22 વર્ષ નોકરી કરનાર અને પોતાને 'દિવ્ય દ્રષ્ટા' ગણાવતો 67 વર્ષીય અશોક ખરાત (Ashok Kharat) ઉર્ફે 'કેપ્ટન' આજે પોલીસના સકંજામાં છે. આ 'ઢોંગી બાબા'એ આસ્થાના નામે જે ખેલ ખેલ્યા છે, તે સાંભળીને રૂંવાડા ઉભા થઈ જશે.

PCO ચલાવતો શખ્સ કેવી રીતે બન્યો 'દિવ્ય જ્યોતિષ'?

ત્રણ દાયકા પહેલા નાસિકમાં એક નાનકડા ગાળામાં STD-PCO ચલાવતા અશોક ખરાતે ધીરે-ધીરે જમીન-મકાનનો વ્યવસાય શરૂ કર્યો. અંકશાસ્ત્ર અને જ્યોતિષનો અભ્યાસ કરી તેણે મફત સલાહ આપવાનું શરૂ કર્યું. શરૂઆતમાં ભવિષ્યવાણીઓ સાચી પડતા લોકોનો વિશ્વાસ વધ્યો અને જોતજોતામાં 'ઈશાન્યેશ્વર મહાદેવ મંદિર' અને 'શિવનિકા સંસ્થાન ટ્રસ્ટ' ઉભા કરી દીધા. તે પોતાની વેબસાઈટ પર નેવીનો અનુભવ અને 154 દેશોના પ્રવાસનો દમ ભરી લોકોને આંજી દેતો હતો.

ભયનું સામ્રાજ્ય અને 'વિશેષ પૂજા'ના નામે ઉઘાડી લૂંટ

તપાસમાં બહાર આવ્યું છે કે, અશોક ખરાત ભક્તોને મનોવૈજ્ઞાનિક રીતે ડરાવવામાં માહિર હતો.

* ડરનો વેપાર: પ્લાસ્ટિકના સાપ અને વાઘની ચામડી જેવા પ્રોપ્સનો ઉપયોગ કરી મંદિરમાં ભયાનક વાતાવરણ ઉભું કરતો.
* મર્સિડીઝની ખંડણી: પુણેના એક બિલ્ડરને મોતનો ડર બતાવીને 5 કરોડ રૂપિયા પડાવ્યા અને મજબૂરીમાં મર્સિડીઝ કાર પણ ખરીદાવી.
* અંધશ્રદ્ધાની પરાકાષ્ઠા: 'પારસ' શક્તિ મેળવવા માટે 21 દેશોની માટીમાં પૂજા કરવાના નામે બિલ્ડરના ખર્ચે વિદેશ પ્રવાસ કર્યા.

મહિલાઓ સાથે ક્રૂરતા: 'પ્રસાદ'માં ડ્રગ્સ આપી આચરતો દુષ્કર્મ

સૌથી ભયાનક ખુલાસો મહિલા શ્રદ્ધાળુઓના શોષણને લઈને થયો છે.

* બ્લેકમેલિંગનો ખેલ: વશીકરણ અને પૂજાના નામે મહિલાઓને નશાકારક પીણું પીવડાવી તેમની સાથે દુષ્કર્મ આચરતો.
* વીડિયો રેકોર્ડિંગ: રૂમમાં છુપા કેમેરા લગાવી વીડિયો ઉતારતો અને પછી બ્લેકમેલ કરતો. પોલીસને તપાસમાં આવા 58થી 100 જેટલા આપત્તિજનક વીડિયો મળી આવ્યા છે.

1500 કરોડનું સામ્રાજ્ય અને હથિયારોનો જથ્થો

SITની તપાસ મુજબ, આ પાખંડીની સંપત્તિનો આંકડો 200 કરોડથી લઈને 1500 કરોડ સુધી હોઈ શકે છે. તેના ઘરેથી રિવોલ્વર, જીવતા કારતૂસ અને રોકડ રકમ મળી આવી છે. 18 માર્ચે એક પીડિત મહિલાની ફરિયાદ બાદ તેની ધરપકડ થઈ અને અત્યાર સુધીમાં તેની સામે 8 FIR નોંધાઈ છે. શંકા તો એવી પણ છે કે આ શખ્સે અઘોરી પૂજામાં બલી પણ આપી હોઈ શકે છે.

સાવધાન રહેવાની જરૂર

આ કિસ્સો સાબિત કરે છે કે ચમત્કારના નામે ભય બતાવનારા લોકો ક્યારેય તમારા હિતેચ્છુ હોતા નથી. 'પાક્કો ગુજરાત' જનતાને અપીલ કરે છે કે અંધશ્રદ્ધામાં આવીને આવા લેભાગુ તત્વોના શરણે ન જશો.

અહેવાલ: પાક્કો ગુજરાત ન્યૂઝ ડેસ્ક

78 કાયદાઓની 689 જોગવાઈઓમાં ફેરફાર

# મોટો કાનૂની સુધારો: હવે નાની ભૂલો માટે જેલ નહીં, માત્ર દંડ! 'જન વિશ્વાસ બિલ' દ્વારા 'ઈન્સ્પેક્ટર રાજ' પર લાગશે લગામ

ઈન્સ્પેક્ટર રાજ

## વેપારીઓ અને સામાન્ય નાગરિકોને બિનજરૂરી કાનૂની બોજમાંથી મુક્તિ મળશે

અમદાવાદ / નવી દિલ્હી



ભારત સરકાર દેશની કાનૂની વ્યવસ્થાને ડર આધારિત શાસનમાંથી 'ભરોસા આધારિત' વ્યવસ્થામાં બદલવા માટે એક ક્રાંતિકારી પગલું ભરી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલું "જન વિશ્વાસ (સંશોધન) વિધેયક" હવે નાના અને ટેકનિકલ ઉલ્લંઘનોને અપરાધની શ્રેણીમાંથી બહાર કાઢવા જઈ રહ્યું છે. આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય નાગરિકો અને વેપારીઓને નાની પ્રક્રિયાગત ભૂલો માટે જેલના સળિયા પાછળ જવાથી બચાવવાનો છે.

જેલની સજા નાબૂદ, દંડની નવી વ્યવસ્થા

નવા વિધેયક મુજબ, અત્યાર સુધી જે નાની ભૂલો માટે જેલની સજાની જોગવાઈ હતી, તેને દૂર કરવામાં આવશે. તેના સ્થાને હવે:

* પ્રથમ ભૂલ: ચેતવણી અથવા સુધારા નોટિસ આપવામાં આવશે.
* દંડ: જેલને બદલે આર્થિક દંડની જોગવાઈ રહેશે.
* વારંવાર ભૂલ: જો કોઈ વારંવાર ઉલ્લંઘન કરે, તો જ કડક આર્થિક દંડ ફટકારવામાં આવશે.

'ઈન્સ્પેક્ટર રાજ' નો અંત આવશે

આ સુધારા પાછળનો એક મોટો આશય "ઈન્સ્પેક્ટર રાજ" પર લગામ કસવાનો છે. ઘણીવાર નાના વેપારીઓ કે ઉદ્યોગસાહસિકો ટેકનિકલ ભૂલોને કારણે અધિકારીઓની મનમાનીનો શિકાર બનતા હતા. હવે કાયદામાં સ્પષ્ટતા આવતા અધિકારીઓ બિનજરૂરી કનડગત કરી શકશે નહીં, જેનાથી દેશમાં 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' (વેપાર કરવાની સરળતા) વધશે.

કયા કાયદાઓમાં થશે મોટા ફેરફાર?

સિલેક્ટ કમિટીની ભલામણોને આધારે કુલ 78 કાયદાઓની 689 જોગવાઈઓમાં ફેરફારનું આયોજન છે. જેમાં મહત્વના કાયદાઓ નીચે મુજબ છે:

* મોટર વ્હીકલ એક્ટ
* ઈલેક્ટ્રિસિટી એક્ટ
* ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ
* MSME ડેવલપમેન્ટ એક્ટ
* RBI એક્ટ અને લીગલ મેટ્રોલોજી એક્ટ

ગંભીર ગુનાઓમાં કોઈ છૂટછાટ નહીં

અહીં એ નોંધવું જરૂરી છે કે આ રાહત માત્ર નાના અને પ્રક્રિયાગત ઉલ્લંઘનો પૂરતી જ મર્યાદિત છે. ગંભીર ગુનાઓ, છેતરપિંડી કે ઈરાદાપૂર્વક કરવામાં આવેલા મોટા અપરાધો માટે કાયદાકીય કાર્યવાહી અને જેલની જોગવાઈ પહેલાની જેમ જ યથાવત રહેશે.

નિષ્કર્ષ

"જન વિશ્વાસ બિલ" ભારતીય કાનૂની વ્યવસ્થાને વધુ પારદર્શક, સરળ અને નાગરિક-મૈત્રીપૂર્ણ બનાવવાની દિશામાં એક મજબૂત કદમ છે. આનાથી ન્યાયતંત્ર પરનો બોજ પણ ઘટશે અને નાના વેપારીઓ નિર્ભય બનીને પોતાનું કામ કરી શકશે.

બ્યુરો રિપોર્ટ: પાક્કો ગુજરાત

# ગુજરાત લોકલ બોડી ઈલેક્શન: ભાજપનો 'નો-રિપીટ' અને 'વય મર્યાદા'નો મોટો દાવ, અનેક દિગ્ગજોના પત્તા કપાશે!

## 60 વર્ષથી ઉપરના અને 3 ટર્મ પૂરી કરનારાઓને ટિકિટ નહી!: સંગઠનના હોદ્દેદારો પણ ચૂંટણી નહી લડી શકે

• ગાંધીનગર / અમદાવાદ




ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાઈ ચૂક્યું છે. આગામી 26મી એપ્રિલે એક જ તબક્કામાં 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતની કુલ 10,005 બેઠકો માટે મતદાન થવાનું છે. આ જંગ જીતવા માટે ભારતીય જનતા પાર્ટીએ ઉમેદવારોની પસંદગીમાં અત્યંત કડક માપદંડો અપનાવીને રાજકીય ગરમાવો લાવી દીધો છે.

દિલ્હીમાં મળેલી ભાજપની સેન્ટ્રલ ઈલેક્શન કમિટી (CEC)ની બેઠકમાં લેવાયેલા નિર્ણયો મુજબ, આ વખતે અનેક સીટિંગ કાઉન્સિલરો અને દિગ્ગજોના પત્તા કપાય તેવી પૂરેપૂરી શક્યતા છે. ભાજપે નીચે મુજબના 'ફિલ્ટર' તૈયાર કર્યા છે: * વય મર્યાદા: 60 વર્ષથી વધુ ઉંમર ધરાવતા કાર્યકરોને ટિકિટ આપવામાં આવશે નહીં. * ટર્મ લિમિટ: જે ઉમેદવારો સતત 3 ટર્મ (15 વર્ષ) પૂરી કરી ચૂક્યા છે, તેમને પણ આ વખતે ઘરે બેસવાનો વારો આવશે. * સંગઠન કે ચૂંટણી: પક્ષમાં હોદ્દો ધરાવતા હોદ્દેદારોને ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જો કોઈ હોદ્દેદાર ચૂંટણી લડવા માંગતા હોય, તો તેમણે સંગઠનમાંથી રાજીનામું આપવું પડશે. 10,005 બેઠકો પર રસાકસીનો જંગ રાજ્યની 15 મહાનગરપાલિકાઓ સહિતની કુલ 10,005 બેઠકો પર ઉમેદવારી કરવા માટે ભાજપમાં ભારે ખેંચતાણ ચાલી રહી છે. ભાજપે આ વખતે યુવા અને શિક્ષિત ઉમેદવારો પર વધુ પસંદગી ઉતારવાનું મન બનાવ્યું છે. 'નો-રિપીટ' થીયરીના કડક અમલથી વર્ષોથી પદ પર ચીપકી રહેલા નેતાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. ચૂંટણીનું આખું શિડ્યુલ એક નજરે: * મતદાનની તારીખ: 26 એપ્રિલ, 2026 (એક જ તબક્કામાં) * પરિણામની તારીખ: 29 એપ્રિલ, 2026 એક તરફ ભાજપ કેડર અને શિસ્તના જોરે ચૂંટણી મેદાનમાં છે, તો બીજી તરફ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ સ્થાનિક પ્રશ્નોને લઈને મેદાનમાં ઉતરવાની તૈયારી કરી રહ્યા છે.

# જેતપુરમાં બાઈકો સળગાવનાર શખ્સોને જેતપુર પોલીસે ગણતરીના દિવસોમાં દબોચ્યા

• સુરેશ ભાલીયા જેતપુર,



જેતપુર શહેરના કણકીયા પ્લોટ, વાલ્મીકીવાસમાં રહેતા દીપકભાઈ નારણભાઈ ઝાલાની બે મોટરસાયકલો (હોન્ડા સાઈન અને ટીવીએસ જ્યુપિટર) પર કોઈ અજાણ્યા શખ્સોએ જ્વલનશીલ પદાર્થ છાંટી આગ લગાડી અંદાજે રૂ.૮૦,૦૦૦નું નુકસાન કર્યું હતું. આ મામલે જેતપુર સીટી પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. આ ગુનાની તપાસ માટે રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર અને જેતપુર ડીવીઝનના ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયા દ્વારા સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચનાઓને ધ્યાને રાખી જેતપુર સીટી પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી.પરમારના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસે સીસીટીવી કેમેરા તથા 'જેટ આઈ' કેમેરાના ફૂટેજ અને હ્યુમન રિસોર્સિસની મદદ લીધી હતી. સર્વેલન્સ ટીમને મળેલી ખાનગી બાતમીના આધારે જેતપુર મંગલમ મોલ પાસે જાહેર રોડ પરથી બે આરોપીઓ રોહિત અશ્વિનભાઈ સરસાણીયા (રહે. પેઢલા ગામ) અને સંજુ દીપકભાઈ વાઘેલા (રહે. જેતપુર) ને ઝડપી પાડવામાં આવ્યા હતા. આરોપી સંજુ વાઘેલા અગાઉ ગોંડલ બી ડીવીઝન પોલીસ મથકે એનડીપીએસ એક્ટ હેઠળના ગુનામાં પણ સંડોવાયેલો હોવાનું ખુલ્યું છે. આ સફળ કામગીરીમાં પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી.પરમાર, સબ ઈન્સ્પેક્ટર જે.પી.મલ્હોત્રા, એ.એસ.આઈ. મિલનસિંહ ડોડીયા, અંકિતભાઈ બારડ, હેડ કોન્સ્ટેબલ સાગરભાઈ મકવાણા, રાણાભાઈ વકાતર, દિવ્યેશભાઈ સુવા તથા પોલીસ કોન્સ્ટેબલ અમિતભાઈ સિધ્ધપરા, લાખુભા રાઠોડ, ભગીરથસિંહ જાડેજા, પ્રદિપભાઈ આગરીયા અને લાલજીભાઈ સરકડીયા જોડાયા હતા.

# GCCI દ્વારા તારીખ ૧ એપ્રિલથી ૭ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન 'હસ્તકલા જ્વેલરી વર્કશોપ' નું થયેલ આયોજન



GCCI જેમ્સ એન્ડ જ્વેલરી ટાસ્કફોર્સ દ્વારા તારીખ ૧ એપ્રિલ, ૨૦૨૬ થી ૭ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન 'હસ્તકલા જ્વેલરી' પર પ્રમાણપત્ર તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. CED તાલીમ કેન્દ્ર તેમજ મેજિકલ ટ્રેન્ડના સ્થાપક શ્રીમતી અંકિતાબેન બ્રહ્મભટ્ટ મુખ્ય ટ્રેનર તરીકે વર્કશોપમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બોલતા GCCI માનનીય ખજાનચી શ્રી ગૌરાંગભાઈ ભગતે GCCI જેમ્સ એન્ડ જ્વેલરી ટાસ્કફોર્સ ચેરમેન શ્રી વિપુલભાઈ મહેતાને આવી મહત્વપૂર્ણ વર્કશોપનું આયોજન કરવા બદલ અભિનંદન આપ્યા હતા. તેઓએ આ પ્રસંગે ટ્રેનર તરીકે ઉપસ્થિત રહેવા માટે શ્રીમતી અંકિતાબેન બ્રહ્મભટ્ટનો પણ ખુબ આભાર માન્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે પ્રસ્તુત તાલીમ તમામ સહભાગીઓને પ્રમાણપત્ર તેમજ સરકાર દ્વારા જારી કરાયેલ 'આર્ટિસન કાર્ડ' પ્રદાન કરશે જે થકી રોજગાર મેળવવાની તેમજ એક તાલીમબદ્ધ કારીગર તરીકે પોતાનો વ્યવસાય કરવાની તકો વધી જશે.

'કામ વગરનો પગાર ખપે નહીં': સેવાનો મોકો ન મળતા ઈમાનદાર અધિકારીએ પદ ઠુકરાવ્યું, વાંચો સંઘર્ષની પૂરી કહાની

# સિસ્ટમ સામે લડનારા 'જાંબાઝ' IAS રિંકુ સિંહ રાહીનું રાજીનામું: 10 ગોળીઓ ખાધી, જેલમાં ગયા, છતાં ઝૂક્યા નહીં!

• અમદાવાદ / લખનૌ



આજના સમયમાં જ્યારે ભ્રષ્ટાચારના કિસ્સાઓ સામાન્ય બન્યા છે, ત્યારે એક એવા અધિકારીની ચર્ચા આખા દેશમાં થઈ રહી છે જેમણે ઈમાનદારી માટે પોતાનું સર્વસ્વ દાવ પર લગાવી દીધું. IAS રિંકુ સિંહ રાહીએ પોતાના પદ પરથી રાજીનામું આપીને ફરી એકવાર સાબિત કર્યું છે કે તેમના માટે પદ કરતા સિદ્ધાંતો વધુ વહાલા છે. રિંકુ સિંહ રાહીના સંઘર્ષની શરૂઆત 2008માં થઈ હતી. તે સમયે તેઓ મુઝફ્ફરનગરમાં સમાજ કલ્યાણ અધિકારી (PCS) તરીકે ફરજ બજાવતા હતા. તેમણે વિદ્યાર્થીઓની સ્કોલરશિપમાં થયેલું 100 કરોડનું મોટું કૌભાંડ બહાર પાડ્યું હતું. આ ઈમાનદારીની કિંમત તેમને લોહીથી ચૂકવવી પડી. ભ્રષ્ટાચારીઓએ તેમના પર જીવલેણ હુમલો કર્યો અને 10 ગોળીઓ મારી. રિંકુ સિંહ મોતને માત આપીને જીવતા તો બચ્યા, પરંતુ તેમણે પોતાની એક આંખ ગુમાવી અને જડબું પણ તૂટી ગયું.

તંત્રનો અત્યાચાર: RTI કરી તો માનસિક હોસ્પિટલ મોકલાયા! 2012માં જ્યારે તેમણે પોતાના જ વિભાગમાં ભ્રષ્ટાચારની માહિતી માંગવા RTI કરી અને ધરણા પર બેઠા, ત્યારે તંત્રએ તેમને મદદ કરવાને બદલે પોલીસ દ્વારા પકડાવીને માનસિક હોસ્પિટલ મોકલી દીધા હતા. આટલું માનસિક અને શારીરિક શોષણ છતાં તેમણે હિંમત હારી નહીં.

તમામ મુસીબતોની વચ્ચે રિંકુ સિંહે અભ્યાસ ચાલુ રાખ્યો અને વર્ષ 2023માં UPSCની કઠિન પરીક્ષા પાસ કરીને તેઓ IAS બન્યા. તેમની નિમણૂક યુપીના પુવાયાં તહસીલમાં SDM તરીકે થઈ હતી. SDM તરીકે ફરજ દરમિયાન તેમણે એક વકીલના મુનશીને જાહેરમાં ગંદકી કરતા જોયા અને સજા રૂપે ઊઠક-બેઠક કરાવી. જ્યારે વકીલોએ વિરોધ કર્યો, ત્યારે રિંકુ સિંહે પોતે પણ ઊઠક-બેઠક કરીને સંદેશ આપ્યો કે નિયમ દરેક માટે સમાન છે. જોકે, આ ઘટના બાદ સરકાર દ્વારા તેમની બદલી કરી દેવામાં આવી અને તેમને કોઈ મહત્વની જવાબદારી સોંપવામાં આવી નહીં.

છેલ્લા 8 મહિનાથી રિંકુ સિંહ કોઈ પણ ફિલ્ડ ડ્યુટી વગર બેઠા હતા. અંતે કંટાળીને તેમણે રાજીનામું આપતા કહ્યું કે:

» 'મને પગાર તો મળી રહ્યો હતો, પણ જનતાની સેવા કરવાનો મોકો નહોતો. જો હું લોકો માટે કામ જ ન કરી શકું, તો આવા અધિકારી બનવાનો કોઈ અર્થ નથી.'

» આજે જ્યારે સત્તા માટે લોકો ગમે તે હદ સુધી જાય છે, ત્યારે રિંકુ સિંહ રાહી જેવા અધિકારીઓ સમાજ માટે ઈમાનદારીનું જીવતું જાગતું ઉદાહરણ પૂરું પાડે છે.

વિશેષ અહેવાલ: પાક્કો ગુજરાત ન્યૂઝ ડેસ્ક

**આક્રોશ** નાગસેન નગરમાં ગલીએ ગલીએ ગંદકીને ઘરે ઘરે માતમ,: 'આ વખતે વોટ નહી મળે!'

# દારૂના દૂષણે 100થી વધુ યુવાનોના જીવ લીધા: નેતાઓ સામે જનતાનો આક્રોશ

## સુરત આગામી સમયમાં સુરતમાં મહાનગરપાલિકાની ચૂંટણીના ઢોલ વાગવા જઈ રહ્યા છે, ત્યારે રાજકીય પક્ષો મતદારોને રીઝવવા મેદાને પડ્યા છે

• સુરત

સુરત આગામી સમયમાં સુરતમાં મહાનગરપાલિકાની ચૂંટણીના ઢોલ વાગવા જઈ રહ્યા છે, ત્યારે રાજકીય પક્ષો મતદારોને રીઝવવા મેદાને પડ્યા છે. પરંતુ સુરતના વોર્ડ નંબર 28 પાંડેસરા-ભેસ્તાનમાં આવેલા નાગસેન નગરના મતદારોનો મિજાજ કંઈક અલગ જ જોવા મળી રહ્યો છે.

ટીમે જ્યારે ગ્રાઉન્ડ ઝીરો પર જઈને સ્થિતિનો તાગ મેળવ્યો ત્યારે ચોંકાવનારી વિગતો સામે આવી હતી.નાગસેન નગરમાં માત્ર ગટર અને ગંદકીનો જ નરક નથી, પણ દારૂના દૂષણે આખા વિસ્તારને સ્મશાનમાં ફેરવી દીધું છે. નાગસેન નગરમાં ગલીએ ગલીએ ગંદકીને ઘરે ઘરે માતમ જોવા મળ્યો હતો. નેતાઓ સામે જનતાનો આક્રોશ જોવા મળ્યો હતોને કહ્યું,'આ વખતે વોટ નહીં મળે!'. સ્થાનિક ઉષાબેને કહ્યું કે, મારી નજર સામે આ વિસ્તારના કપિલ, પિન્ટુ, સુનીલ અને દાદા મોરે જેવા 100થી વધુ યુવાનો દારૂ પીને મરી ગયા છે.

નાગસેન નગર પોલીસ ચોકી પાછળ જ દારૂની પોટલીઓ! ચોકી પાછળ જ દારૂની પોટલીઓનું સામ્રાજ્ય: ખાખીનો ખોફ ક્યાં ગયો?0 નાગસેન નગરમાં પ્રવેશતાની સાથે જ વિકાસના દાવાઓની પોલ ખુલી જાય છે. જે પોલીસ ચોકી પર વિસ્તારની સુરક્ષાની જવાબદારી છે, ત્યાં તાળા લટકેલા જોવા મળ્યા હતા. આશ્ચર્યની વાત તો એ છે કે આ ચોકીની બિલકુલ પાછળ આવેલા ખંડેર જેવી જગ્યામાં દારૂની ખાલી પોટલીઓનો ઢગલો જોવા મળ્યો હતો.સ્થાનિકોનો આક્ષેપ છે કે અહીં ખુલ્લેઆમ દારૂ વેચાય છે અને પીવાય છે. કાયદો અને વ્યવસ્થા જાણે આ વિસ્તારમાં દમ તોડી ચૂકી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

આ વિસ્તારની સૌથી ભયાનક વાસ્તવિકતા એ છે કે અહીંના યુવાનો દારૂના રવાડે ચઢીને અકાળે મોતે મરી રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયમાં 21થી 25 વર્ષની વયના અનેક યુવાનોના લિવર અને કિડની ફેઈલ થવાને કારણે મોત નીપજ્યા છે.

નાગસેન નગરની ગલીઓમાં પગ મૂકવો પણ મુશ્કેલ છે. ગટરના પાણી રસ્તા પર વહે છે અને પીવાના પાણીમાં પણ લાલ કીડા નીકળી રહ્યા હોવાની ફરિયાદ ઉઠી છે. ચોમાસું હોય કે ઉનાળો, અહીં ગંદકીનું સામ્રાજ્ય બારેમાસ રહે છે, જેના કારણે રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. પૂર્વ કોર્પોરેટરના પુત્રએ કહ્યું કે, અમે અહીં 22 વર્ષથી રહીએ છીએ અને આ વિસ્તારમાં ઘણું સારું કામ થયું




છે,રોડ પણ બન્યા છે.SMC(સુરત મહાનગરપાલિકા)ના માણસો નિયમિત આવે છે અને બધું સાફ કરીને જાય છે. દાયકાઓથી અહીં રહેતા વૃદ્ધોની આંખોમાં આશા હવે રોષમાં ફેરવાઈ ગઈ છે. 40-40 વર્ષથી રહેતા લોકોનું કહેવું છે કે પેઢીઓ બદલાઈ ગઈ પણ નાગસેન નગરની કિસ્મત બદલાઈ નથી. 'નો વોટ' ની ચીમકી: જનતા હવે જાગૃત થઈ!આગામી ચૂંટણીમાં નાગસેન નગરના રહીશોએ મક્કમ નિર્ધાર કર્યો છે કે જો સમસ્યાનું સમાધાન નહીં થાય તો તેઓ મતદાનનો બહિષ્કાર કરશે અથવા વર્તમાન પ્રતિનિધિઓને જાકારો આપશે. કમલબેન નથ્થુંએ કહ્યું કે, બે મહિના પહેલા મારો છોકરો ગુજરી ગયો, કોઈ પૂછવા ન આવ્યું. દારૂ હજુ પણ વેચાય છે. જે અમારી વ્યવસ્થા કરે તેને જ મત અપાય ને? હવે અમે કોઈને મત આપવાના નથી.

સ્થાનિક રહેવાસી દ્વારકાબેને કહ્યું કે, ત્રણ દિવસથી કુંડીઓ ઉભરાય છે, સંડાસના પાણી રસ્તા પર આવે છે. આટલી વાસમાં અમે કેમ ના રહીએ? રસ્તો ચાલવા જેવો નથી. જ્યારે વોટ લેવા આવે ત્યારે મધ જેવી વાતો કરે છે, પણ પછી કોઈ દેખાતું નથી. સ્થાનિક મહિલાઓએ ભારે રોષ સાથે જણાવ્યું કે, જ્યારે દેશ કોરોના જેવી મહામારી સામે લડી રહ્યો હતો અને ગરીબ જનતા પાસે ખાવાના અનાજ નહોતા, ત્યારે ચૂંટાયેલા પ્રતિનિધિઓ મોઢું બતાવવા પણ આવ્યા નહોતા. લોકડાઉનમાં સહાયના નામે શૂન્ય કામગીરી થઈ હોવાના ગંભીર આક્ષેપો થયા છે.

સ્થાનિક મેભીબાઈ સિરસતે કહ્યુ કે, લોકડાઉનમાં અમને ખાવા નહોતું મળતું, કેટલા ખરાબ દિવસો કાઢ્યા છે. અનાજ આવતું તો પણ પાછું મોકલી દેવાતું હતું. કોઈ કોર્પોરેટર હાલચાલ પૂછવા નહોતું આવ્યું. હવે કયા મોઢે વોટ માંગવા આવશે? અમે કોઈને વોટ આપવાના નથી.

વોર્ડ નંબર 28ના પૂર્વ કોર્પોરેટર રાજ કવર રાઠોડની એક દુકાન આ વિસ્તારમાં છે. સ્થાનિકોનું કહેવું છે કે આ દુકાન માત્ર ચૂંટણી જીતવા અને સંપર્ક રાખવા પૂરતી છે, બાકી કોર્પોરેટર પોતે સુરક્ષિત સોસાયટીઓમાં રહે છે અને નાગસેન નગરની ગંદકી સામે જોતા પણ નથી. જ્યારે તેમના પુત્ર સાથે વાત કરવામાં આવી ત્યારે તેમણે બચાવ કરતા કહ્યું કે, SMC બરાબર કામ કરે છે, પણ લોકો જ ગંદકી કરે છે.પૂર્વ કોર્પોરેટરના પુત્રએ કહ્યું કે, અમે અહીં 22 વર્ષથી રહીએ છીએ અને આ વિસ્તારમાં ઘણું સારું કામ થયું છે, રોડ પણ બન્યા છે. SMC (સુરત મહાનગરપાલિકા)ના માણસો નિયમિત આવે છે અને બધું સાફ કરીને જાય છે. દાયકાઓથી અહીં રહેતા વૃદ્ધોની આંખોમાં આશા હવે રોષમાં ફેરવાઈ ગઈ છે. 40-40 વર્ષથી રહેતા લોકોનું કહેવું છે કે પેઢીઓ બદલાઈ ગઈ પણ નાગસેન નગરની કિસ્મત બદલાઈ નથી. 'નો વોટ' ની ચીમકી: જનતા હવે જાગૃત થઈ!આગામી ચૂંટણીમાં નાગસેન નગરના રહીશોએ મક્કમ નિર્ધાર કર્યો છે કે જો સમસ્યાનું સમાધાન નહીં થાય તો તેઓ મતદાનનો બહિષ્કાર કરશે અથવા વર્તમાન પ્રતિનિધિઓને જાકારો આપશે. કમલબેન નથ્થુંએ કહ્યું કે, બે મહિના પહેલા મારો છોકરો ગુજરી ગયો, કોઈ પૂછવા ન આવ્યું. દારૂ હજુ પણ વેચાય છે. જે અમારી વ્યવસ્થા કરે તેને જ મત અપાય ને? હવે અમે કોઈને મત આપવાના નથી.

**5000 મતદારોને મફતમાં કોલકાતા મોકલાશે**

# બંગાળમાં ભાજપનો 'સુરત પ્લાન':મમતાના ગઢમાં ગાબડું પાડવા સુરતથી 4 સ્પેશિયલ ટ્રેન દોડાવશે

**પસંદગી** માત્ર 100% ભાજપના સમર્થક હોય અને માન્ય મતદાર હોય તેવા જ લોકોની પસંદગી

• સુરત

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીના જંગમાં મમતા બેનર્જીને હરાવવા માટે ભારતીય જનતા પાર્ટીએ માત્ર બંગાળમાં જ નહીં, પરંતુ હજારો કિલોમીટર દૂર ગુજરાતના સુરતથી ~~પણ મજબૂત વ્યૂહરચના કરી છે~~. સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં જીત મેળવ્યા બાદ હવે ભાજપનું લક્ષ્ય બંગાળ પર છે. સુરતમાં વસતા લાખો બંગાળી કારીગરો ભાજપના પક્ષમાં મતદાન કરે તે માટે સુરત ભાજપ કાર્યાલય અને 'સુરત બંગાળી સમાજ' દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત કુલ 4 સ્પેશિયલ ટ્રેનો દ્વારા 5000 જેટલા મતદારોને વિનામૂલ્યે પશ્ચિમ બંગાળ પહોંચાડવામાં આવશે.

સુરતમાં અંદાજે 2.5 લાખથી વધુ




બંગાળી લોકો વસે છે, જેઓ મુખ્યત્વે ડાયમંડ, જ્વેલરી અને ટેક્સટાઈલ માર્કેટમાં મજૂરી અથવા કારીગરીનું કામ કરે છે. આ શ્રમિક વર્ગ મોટો વોટબેંક ધરાવે છે. ચૂંટણીના સમયે રિઝર્વેશન ન મળવાને કારણે ઘણા લોકો વતન જઈ શકતા નથી. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને ભાજપ દ્વારા આ શ્રમિકોને સીધા પશ્ચિમ બંગાળ મોકલવાની યોજના ઘડવામાં આવી છે. ભાજપને આશા છે કે, સુરતથી જનારા આ હજારો મતદારો ત્યાં જઈને ભાજપના પક્ષમાં માહોલ બનાવશે.

ચૂંટણીના તબક્કાઓને ધ્યાનમાં રાખીને ટ્રેનનું શિડ્યુલ નક્કી કરવામાં આવ્યું છે. સુરત બંગાળી સમાજના અગ્રણી વાસુદેવ અધિકારીએ જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં પરિવર્તનની લહેર છે અને તેને સાકાર કરવા માટે આ કામગીરી ચાલી રહી છે. સુરત ભાજપ કાર્યાલય અને બંગાળી સમાજ દ્વારા ટ્રેન સુવિધા એકદમ 'ફ્રી ઓફ કોસ્ટ' રાખવામાં આવી છે. મધ્યમ અને ગરીબ વર્ગના કારીગરો જેઓ મોંઘી ટિકિટ કે પ્લેનનો ખર્ચ ઉઠાવી શકતા નથી, તેમના માટે આ એક સુવર્ણ તક છે. ભાજપ આ માધ્યમથી એ સાબિત કરવા માગે છે કે, તેઓ કાર્યકરો અને મતદારોની પડખે ઉભા છે.

આ સુવિધાનો લાભ માત્ર જે-તે વિસ્તારના સાચા અને નોંધાયેલા મતદારોને જ મળે તે માટે સુરત બંગાળી સમાજ દ્વારા કડક તપાસ કરવામાં આવી છે. વાસુદેવ અધિકારીના જણાવ્યા અનુસાર, ફોર્મ ભરવાની પ્રક્રિયા દરમિયાન દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી. જેમના વોટિંગ કાર્ડ અપડેટ નહોતા અથવા જેમના નામ મતદાર યાદીમાં નહોતા, તેવા અંદાજે 1200થી 1500 ફોર્મ રદ SIRના કારણે કરવામાં આવ્યા છે.

જોકે, સુરતમાં 2.5 લાખ બંગાળીઓ છે, પરંતુ ભાજપનું માનવું છે કે જો પરિવહન સુવિધા વધુ મોટી હોત તો તેઓ 2 લાખ લોકોને પણ મોકલી શક્યા હોત. આ 5000 મતદારો માત્ર આંકડો નથી, પણ એક મોટું નેટવર્ક છે. આ લોકો જ્યારે પોતાના ગામ જશે ત્યારે તેમના પરિવારના સભ્યોને પણ ભાજપ તરફ વાળશે. ભાજપનો અંદાજ છે કે, આ મુસાફરો દ્વારા તેઓ બંગાળમાં અંદાજે 10થી 12 લાખ મતો પર સીધી કે આડકતરી અસર પાડી શકશે.સુરત બંગાળી સમાજના સંગઠનો અત્યારે રાત-દિવસ કાર્યરત છે. સમાજના અગ્રણીઓનું કહેવું છે.

# પાંડેસરામાં 27 વર્ષ પહેલાં થયેલી હત્યાનો આરોપી બિહારથી ઝડપાયો

### ખેત મજૂરી કરી પોલીસને થાપ આપતો હતો, ટેકનિકલ સર્વેલન્સ-બાતમીદારોની મદદથી બિહારમાં ઓપરેશન

• સુરત

સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં વર્ષ 1999માં થયેલી એક હત્યાના કેસમાં સુરત પોલીસને મોટી સફળતા મળી છે. છેલ્લા 27 વર્ષથી પોલીસની આંખમાં ધૂળ નાખી નાસતા ફરતા આરોપી રાજેશ ઉર્ફે રાજેશ્વર ઉર્ફે ગોરેલાલ કાળુ યાદવને ઝોન-4ની પોલીસ ટીમે બિહારના નાલંદા જિલ્લામાંથી દબોચી લીધો છે. મશીન બાબતે થયેલી સામાન્ય અદાવતમાં આરોપીએ તેના સાથીદારો સાથે મળીને એક યુવકની ઘાતકી હત્યા કરી હતી.

ઘટનાની વિગત મુજબ, 29 નવેમ્બર 1999ના રોજ પાંડેસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા જય મહાદેવ નગરથી અપેક્ષા નગર જવાના કાચા રસ્તા પર લોહીયાળ ખેલ ખેલાયો હતો. આરોપી રાજેશ યાદવ અને તેના સહ-આરોપીઓએ ઈન્દ્રદેવ નામના વ્યક્તિ સાથે મશીન બાબતે જૂની અદાવત રાખી હતી. આ અદાવતનો બદલો લેવા માટે આરોપીઓએ ઈન્દ્રદેવ પર તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કર્યો હતો. હુમલાખોરોએ ઈન્દ્રદેવની આંખ, નાક, છાતી અને પેટના ભાગે ગંભીર ઈજાઓ



પહોંચાડી તેનું મોત નીપજાવ્યું હતું અને ત્યારબાદ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. હત્યાના આ ગુનામાં પાંડેસરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી, પરંતુ મુખ્ય આરોપી રાજેશ ઉર્ફે ગોરેલાલ પોલીસને સતત ચકમો આપી રહ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં તે બિહારના નાલંદા જિલ્લાના બિંદ ગામનો વતની હોવાનું બહાર આવ્યું હતું. જોકે, પોલીસ જ્યારે પણ તપાસ માટે જતી ત્યારે તે મળી આવતો નહોતો. આખરે નામદાર કોર્ટ દ્વારા તેની વિરુદ્ધ CRPC કલમ-70 મુજબ પકડ વોરન્ટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. પોલીસની અનેક કોશિશ છતાં આરોપી વર્ષો સુધી પોલીસ પકડથી દૂર રહ્યો હતો. સુરત ઝોન-4ની ટીમને તાજેતરમાં બાતમી મળી હતી કે નાસતો ફરતો આરોપી રાજેશ બિહારના નાલંદા જિલ્લાના ટીકુલીપર વિસ્તારમાં છુપાઈને રહી રહ્યો છે. આ ચોક્કસ બાતમીના આધારે PSI બી.ડી. પટેલ, હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ કનુભા અને શક્તિસિંહ ગોવિંદસિંહની એક ટીમ ખાસ બિહાર રવાના કરવામાં આવી હતી. સ્થાનિક સ્તરે તપાસ કરતા જાણવા મળ્યું કે આરોપી પોતાની ઓળખ છુપાવીને ત્યાં ખેત મજૂરી કરી ગુજરાન ચલાવતો હતો જેથી કોઈને તેના પર શંકા ન જાય. બિહારમાં ઓપરેશન પાર પાડી પોલીસ ટીમે 48 વર્ષીય રાજેશ ઉર્ફે રાજેશ્વર યાદવને તેના વતનમાંથી ઝડપી પાડ્યો હતો. સુરત લાવ્યા બાદ તેની કડક પૂછપરછ કરવામાં આવતા તેણે 27 વર્ષ પહેલાં પાંડેસરામાં કરેલી હત્યાનો ગુનો કબૂલી લીધો હતો. તેણે જણાવ્યું હતું કે હત્યા કર્યા બાદ તે સીધો બિહાર ભાગી ગયો હતો અને ત્યાં ખેતીકામમાં જોડાઈ ગયો હતો જેથી ક્યારેય પકડાય નહીં.

# રાજકોટ શહેરમાં નવા આવેલા PIને પોસ્ટિંગ અને જૂનાની આંતરિક બદલી

### રૈયાગામના તળાવ પાસેથી 15.72 લાખનો અંગ્રેજી દારૂ ઝડપાયો

• રાજકોટ

રાજકોટ શહેરના રૈયા ગામ પાછળના ભાગે તળાવ પાસે આવેલી બાવળની ઝાડીઓમાં દારૂનું મોટાપાયે કટિંગ ચાલી રહ્યું હોવાની બાતમીના આધારે ડી.સી.બી. પોલીસ સ્ટેશનના સ્ટાફે દરોડો પાડ્યો હતો. આ ઓપરેશન દરમિયાન પોલીસે સ્થળ પરથી એક આરોપી નવીન લક્ષ્મીદાસ દામાની ધરપકડ કરી છે, જ્યારે અન્ય ત્રણ શખ્સો અંધારાનો લાભ લઈને નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસની આ તપાસમાં અશોક લેલન મેક્ષીટ્રક અને ફોક્સવેગન વેન્ટો કાર જેવી લક્ઝરી ગાડીઓમાંથી વિદેશી દારૂની કુલ 1,644 બોટલો મળી આવી છે, જેની કિંમત અંદાજે 15,72,400 થાય છે.પોલીસે દારૂ, વાહનો અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.21,47,400 નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આરોપીએ કબૂલાત આપતા જણાવ્યું હતું કે દારૂનો જથ્થો રવિ મનસુખભાઈ નાખવા અને નવાબ નામના શખ્સોનો છે. દરોડા વખતે રવિ નાખવા, નવાબ અને તેનો ભાઈ અંધારાનો અને ઝાડીઓનો લાભ લઈને ભાગી ગયા હતા જેમને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે બુટલેગરોએ દારૂની હેરાફેરી માટે વાહનો પર ખોટી નંબર પ્લેટનો ઉપયોગ કર્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. મૂળ નોઈડાના કરુણાદેવી રાકેશસિંહ રાજપુત પોતાના પરિવાર સાથે દિલ્હી-રાજકોટ એક્સપ્રેસ ટ્રેનમાં રાજકોટ આવ્યા હતા. અહીંથી તેઓને સોમનાથ જવાનું હોવાથી તેઓ પ્લેટફોર્મ નંબર 1 પર ઉભેલી ટ્રેન નંબર 11466ના સ્લીપર કોચમાં બેઠા હતા. બપોરે અંદાજે 1.35 વાગ્યે ટ્રેન ઉપડી ત્યારે બારી પાસે બેઠેલા કરુણાદેવીના ગળામાં હાથ નાખી એક અજાણ્યો શખ્સ સોનાનો ચેઈન તોડીને ટ્રેનની બીજી તરફ ઉતરીને ભાગી ગયો હતો.

# સુરત મનપા ટિકિટ માટે ભાજપમાં દાવેદારોનો રાફડો ફાટ્યો:પ્રથમ દિવસે 12 વોર્ડમાં 800 કાર્યકર્તાઓની દાવેદારી

• સુરત

સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણી માટે રાજકીય ગરમાવો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવારોની પસંદગી માટે આજથી વિધિવત રીતે 'સેન્સ' લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, ત્યારે ઉધના ભાજપ કાર્યાલય ખાતે સવારના 10 વાગ્યાથી કાર્યકર્તાઓ અને દાવેદારોની ભારે ભીડ જોવા મળી હતી. પ્રથમ દિવસે 12 વોર્ડ માટે નિરીક્ષકોએ દાવેદારોને સાંભળ્યા હતા, જેમાં ચૂંટણી લડવા માટે કાર્યકરોની હોડ જામી હોય તેવું દૃશ્ય જોવા મળ્યું હતું. પ્રથમ દિવસે 800 ઉમેદવારોએ પોતાની દાવેદારી નોંધાવી હતી. જે જોતા સરેરાશ દરેક વોર્ડમાં 66 દાવેદારો મેદાનમાં જોવા મળી રહ્યા છે. આ પ્રક્રિયામાં ખાસ કરીને વોર્ડ નંબર 10 (અડાજણ-પાલ-ઈચ્છાપોર) માં સૌથી વધુ 142 દાવેદારોએ ઉત્સાહ દાખવ્યો હતો, જ્યારે વોર્ડ નંબર 4 (કાપોદ્રા) માં સૌથી ઓછા 34 કાર્યકરોએ ટિકિટની માંગણી કરી હતી. આ સેન્સ પ્રક્રિયા દરમિયાન નિરીક્ષકો તરીકે સાંસદ મિતેશ પટેલ, ધારાસભ્ય કેયુર રોકડિયા, પિનાકીન ભાટિયા, જિગીષાબેન શેઠ અને અશોક શાહ ઉપસ્થિત રહ્યા હતા. નિરીક્ષકોએ દરેક દાવેદાર સાથે 'વન-ટુ-વન' સંવાદ કરી તેમની રજૂઆતો સાંભળી હતી. એક-એક વોર્ડમાં 40થી લઈને 150 જેટલા દાવેદારો મેદાનમાં હોવાને કારણે પક્ષ માટે સક્ષમ અને જીતી શકે તેવા ઉમેદવારની પસંદગી કરવી એક મોટો પડકાર બની રહેશે. આગામી દિવસોમાં બાકીના વોર્ડ માટે પણ આ જ પ્રકારે સેન્સ લેવાની કામગીરી ચાલુ રહેશે, ત્યારબાદ તમામ નામોની પેનલ બનાવી પ્રદેશ કક્ષાએ મોકલવામાં આવશે.

**દર્દીની 5 ક્લાક સર્જરી બાદ તક્લીફ દૂર, ઉધનાના આધેડને નવી જીંદગી મળી**

# સુરત સિવિલમાં દુર્લભ હાડકાના ટ્યુમરની સફળ સર્જરી

• સુરત

સુરતના ઉધના વિસ્તારમાં રહેતા આધેડ રેર કેસમાં થતા હાડકાંના ટ્યૂમરના લીધે ચાલવામા તકલીફથી પીડાતા હતા. ત્યારે સુરત નવી સિવિલ હોસ્પિટલના 3 વિભાગના ડોક્ટરની ટીમ દ્વારા ટિબિયા હાડકીના અસરગ્રસ્ત ભાગને દૂર કરીને બન્ને પગની ફિબ્યુલા હાડકીઓનો ઉપયોગ કરીને ટિબિયા હાડકીનું પુનર્નિર્માણ કરી 5 કલાક સુધી સફળ સર્જરી કરી તકલીફ દૂર કરી હતી. સર્જરી દરમિયાન ટિબિયા હાડકીના અસરગ્રસ્ત ભાગને દૂર કરીને બન્ને પગની ફિબ્યુલા હાડકાઓનો ઉપયોગ કરીને ટિબિયા હાડકાનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું હતું. આ અત્યંત જટિલ અને નિષ્ણાતતા માગતી પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. નવી સિવિલ હોસ્પિટલના આરએમઓ ડો. કેતન નાયકે જણાવ્યું



કે દર્દીએ કહ્યુ કે મારો પગ બચશે નહીં એવુ લાગ્યુ હતું. પણ સફળ સર્જરી થતા મને ફરીથી ચાલવાની આશા છે. ઓપરેશન અને સારવાર વિના મુલ્યે થતા મારા લાખો રૂપિયા બચી ગયા હતા.પ્રાપ્ત માહિતી અનુસાર, ઉધના વિસ્તારમાં રહેતા 49 વર્ષીય જિતેશકુમાર ખાખીવાળાને બાળપણમાં થયેલા ફ્રેક્ચર બાદ છેલ્લા ઘણાસમયથી પગ સહિતના ભાગે અસહ્ય પીડા સાથે જીવન જીવતા હતા. પરંતુ છેલ્લા અઢી મહિનાથી જમણા પગમાં વધતો દુ:ખાવો અને સોજો તેમના માટે માનસિક અને શારીરિક રીતે ખૂબ જ કઠિન સમય સાબિત થયો હતો. દવાઓ લીધા છતાં કોઈ રાહત ન મળતા તેઓ નિરાશ થઈ ગયા હતા, જેથી તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં આવ્યા હતા.જિતેશકુમારની બાયોપ્સીમાં એડામેન્ટિનો જેવા દુર્લભ એટલે કે રેર કેસમાં હાડકાના ટ્યુમરનું નિદાન થયું હતું. આ સાંભળીને તેના પરિવાર ચોકી ગયા હતા. તેમના પરિવારજનો ખાનગી હોસ્પિટલોમાં સારવાર માટે ખર્ચ પૂછવા ગયા હતા. ત્યાં તેમને અંદાજે 5થી 10 લાખ રૂપિયા અથવા તેથી વધુ ખર્ચ થશે એવુ કહ્યુ હતું, પરંતુ તેમની આર્થિક પરિસ્થિતિ સારી નહીં હોવાથી આખરે થોડા સમય પહેલા નવી સિવિલમાં પ્લાસ્ટીક સર્જર ડો. નિલેશ કાછડીયા, ઓર્થો. ઓન્કો. ડો. રાહુલ પરમાર સહિતના ડોકટરોની ટીમ દ્વારા દર્દી ચાર-પાંચ કલાક સુધી સર્જરી કરી હતી.સર્જરી દરમિયાન ટિબિયા હાડકીના અસરગ્રસ્ત ભાગને દૂર કરીને બન્ને પગની ફિબ્યુલા હાડકાઓનો ઉપયોગ કરીને ટિબિયા હાડકાનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું હતું. આ અત્યંત જટિલ અને નિષ્ણાતતા માગતી પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. નવી સિવિલ હોસ્પિટલના આરએમઓ ડો. કેતન નાયકે જણાવ્યું કે દર્દીએ કહ્યુ કે મારો પગ બચશે નહીં એવુ લાગ્યુ હતું. પણ સફળ સર્જરી થતા મને ફરીથી ચાલવાની આશા છે. ઓપરેશન અને સારવાર વિના મુલ્યે થતા મારા લાખો રૂપિયા બચી ગયા હતા.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# LSGની કારમી હાર બાદ મેદાન પર સંજીવ ગોયેન્કા અને રિષભ પંત વચ્ચે જોરદાર ચર્ચા

### કેપ્ટન રિષભ પંત અને કોચ જસ્ટિન લેંગર વચ્ચે મેદાન પર થયેલી વાતચીત ચર્ચાનો વિષય બની ગઈ



LSG IPL 2026ની શરૂઆતની મેચ DC સામે હારી ગઈ, ત્યારબાદ ટીમના માલિક સંજીવ ગોયેન્કા, કેપ્ટન રિષભ પંત અને કોચ જસ્ટિન લેંગર વચ્ચે મેદાન પર થયેલી વાતચીત ચર્ચાનો વિષય બની ગઈ. IPL 2026ની શરૂઆતની મેચ પછી લખનૌ સુપર જાયન્ટ્સ કેમ્પમાં તણાવનો માહોલ જોવા મળ્યો હતો. લખનૌ સુપર જાયન્ટ્સને સિઝનની તેમની શરૂઆતની મેચમાં દિલ્હી કેપિટલ્સ સામે 6 વિકેટથી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો.આ હાર બાદ લખનૌ સુપર જાયન્ટ્સ ટીમના માલિક સંજીવ ગોયેન્કા અને કેપ્ટન રિષભ પંત અને હેડ કોચ જસ્ટિન લેંગર વચ્ચે મેદાન પર ઉગ્ર બોલાચાલીએ બધાનું ધ્યાન ખેંચ્યું. દિલ્હી સામેની હાર બાદ જ્યારે લખનૌના બાકીના ખેલાડીઓ ડીસી ખેલાડીઓ સાથે વાતચીત કરતા જોવા મળ્યા, ત્યારે સંજીવ ગોયેન્કા રિષભ પંત અને જસ્ટિન લેંગર સાથે ઊંડી ચર્ચા કરતા જોવા મળ્યા. વાતચીત દરમિયાન તેઓ કંઈક સમજાવતા જોવા મળ્યા, જ્યારે પંત પણ પોતાના વિચારો વ્યક્ત કરતો જોવા મળ્યો.

આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો. આ વીડિયોએ લોકોને એક જૂની ઘટનાની યાદ અપાવી જ્યારે કેએલ રાહુલ લખનૌ સુપર જાયન્ટ્સ ટીમનો કેપ્ટન હતો. તે દરમિયાન મેચ હાર્યા બાદ સંજીવ ગોયેન્કાએ કેએલ રાહુલને ઠપકો આપ્યો હતો, જેનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. IPL 2026ની પાંચમી મેચની વાત કરીએ તો દિલ્હી કેપિટલ્સને જીતવા માટે 142 રનનો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો. ટાર્ગેટનો પીછો કરતી વખતે દિલ્હીની ટીમ શરૂઆતમાં મુશ્કેલીમાં મુકાઈ ગઈ હોય તેવું લાગતું હતું. પરંતુ આ પછી સમીર રિઝવી અને ટ્રિસ્ટન સ્ટબ્સે પહેલા ઈનિંગ પર કાબુ મેળવ્યો અને પછી આક્રમક બેટિંગ કરીને ટીમને જીત તરફ દોરી ગયા.સમીર રિઝવી અને સ્ટબ્સે 119 રનની શાનદાર પાર્ટનરશીપ કરી, જેણે મેચનો માર્ગ સંપૂર્ણપણે બદલી નાખ્યો. સમીર રિઝવીએ 47 બોલમાં અણનમ 70 રન બનાવ્યા, જ્યારે સ્ટબ્સે 32 બોલમાં 39 રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી. બંનેએ મળીને ફક્ત 17.1 ઓવરમાં ટીમને જીત અપાવી.

IPL 2026ની પાંચમી મેચની વાત કરીએ તો દિલ્હી કેપિટલ્સને જીતવા માટે 142 રનનો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો. ટાર્ગેટનો પીછો કરતી વખતે દિલ્હીની ટીમ શરૂઆતમાં મુશ્કેલીમાં મુકાઈ ગઈ હોય તેવું લાગતું હતું. પરંતુ આ પછી સમીર રિઝવી અને ટ્રિસ્ટન સ્ટબ્સે પહેલા ઈનિંગ પર કાબુ મેળવ્યો અને પછી આક્રમક બેટિંગ કરીને ટીમને જીત તરફ દોરી ગયા.સમીર રિઝવી અને સ્ટબ્સે 119 રનની શાનદાર પાર્ટનરશીપ કરી, જેણે મેચનો માર્ગ સંપૂર્ણપણે બદલી નાખ્યો. સમીર રિઝવીએ 47 બોલમાં અણનમ 70 રન બનાવ્યા, જ્યારે સ્ટબ્સે 32 બોલમાં 39 રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી. બંનેએ મળીને ફક્ત 17.1 ઓવરમાં ટીમને જીત અપાવી.

**LSG Vs DC**

### આ IPLમાં રિષભ પંતે ઓપનિંગ બેટ્સમેન તરીકે જવાબદારી સંભાળી છે

# લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટન રિષભ પંતની એક ભૂલ પડી મોંઘી, કોનો હતો આ નિર્ણય?

### પરંતુ તે ન તો પોતે રન બનાવી શક્યો છે અને ન તો ટીમને જીત અપાવી શક્યો છે. આનાથી ટીમની મુશ્કેલીઓ વધી ગઈ છે



રિષભ પંતની કેપ્ટનશીપ હેઠળ લખનૌ સુપર જાયન્ટ્સે IPL 2026ની પોતાની પહેલી જ મેચમાં હારનો સામનો કરવો પડ્યો. ટીમ પોતાના હોમ ગ્રાઉન્ડ પર રમી રહી હતી, છતાં દિલ્હી કેપિટલ્સ સામે તેની હાર થઈ.આ દરમિયાન ટીમ દ્વારા એક મોટી ભૂલ કરવામાં આવી, જે તેમને મોંઘી પડી હોય તેવું લાગે છે. સવાલ એ છે કે આ નિર્ણય કોનો હતો? શું કેપ્ટન રિષભ પંતે આ કડક નિર્ણય લીધો હતો, કે ટીમ મેનેજમેન્ટમાં કોઈ બીજાએ લીધો હતો? વિશ્વના વિસ્ફોટક બેટ્સમેનોમાંના એક નિકોલસ પૂરન ખૂબ નીચે બેટિંગ કરવા આવ્યો. પરંતુ કોઈ પણ બેટ્સમેન કંઈ ખાસ કરી શક્યો નહીં. ટીમે 141 રન બનાવ્યા, પરંતુ તેમાં સૌથી મોટું યોગદાન અબ્દુલ સમદનું હતું, જેને 25 બોલમાં 36 રન બનાવ્યા હતા. નહીં તો એક સમયે ટીમ આટલા રન સુધી પહોંચે તેવું લાગતું ન હતું. લખનૌ સુપર જાયન્ટ્સ ઘણા સમયથી IPLમાં રમી રહી છે, પરંતુ તેમને હજુ સુધી જીતનો કોઈ ફોર્મ્યુલા મળ્યો નથી જે સૂચવે છે કે ટીમ વ્યૂહાત્મક રીતે પોતાને તૈયાર કરી રહી છે. જો પરિસ્થિતિ આ રીતે ચાલુ રહી, તો આ ટીમની મુશ્કેલી વધશે, અને ટાઈટલ જીતવું એ સવાલની બહાર છે, અને ટીમ ટોપ 4માં પણ હોય તેવું લાગતું નથી. પરંતુ આ ફક્ત શરૂઆત છે, જો ટીમ યોગ્ય રીતે પ્રદર્શન કરશે, તો તેઓ કમબેક કરી શકે છે. આવનારા દિવસો જણાવશે કે ટીમ કેટલી આગળ વધશે.

IPL 2026ની પાંચમી મેચમાં જ્યારે લખનૌ સુપર જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ આમને-સામને હતા, અને LSG બેટિંગ કરવા માટે ઉતર્યું, ત્યારે રિષભ પંતને ઈનિંગ ઓપનિંગ કરવા આવતા જોઈને બધા ચોંકી ગયા. કોઈ સમજી શક્યું નહીં કે શું થયું. ગયા વર્ષે, LSGનું વર્ષ પણ સારું ન હતું રહ્યું. પરંતુ ઓછામાં ઓછું ટોપના 3 ખેલાડીઓ ત્યારે સારી બેટિંગ કરી રહ્યા હતા.

મિચેલ માર્શ અને એડન માર્કરામ ઈનિંગ ઓપનિંગ કરી રહ્યા હતા, જ્યારે નિકોલસ પૂરન ત્રીજા નંબર પર બેટિંગ કરી રહ્યો હતો. પરંતુ આ વખતે ખબર નથી કે ટીમે કઈ રણનીતિ બનાવી કે બધું ઊંધું પડી ગયું. રિષભ પંત ઈનિંગ ઓપન કરવા આવ્યો હતો, તેને કેટલાક સારા શોટ રમ્યા હતા, પરંતુ કમનસીબે તે રન આઉટ થઈ ગયો હતો, તેની કોઈ ભૂલ ન હતી. એડન માર્કરામ ત્રીજા નંબરે આવ્યો હતો. વિશ્વના વિસ્ફોટક બેટ્સમેનોમાંના એક નિકોલસ પૂરન ખૂબ નીચે બેટિંગ કરવા આવ્યો. પરંતુ કોઈ પણ બેટ્સમેન કંઈ ખાસ કરી શક્યો નહીં. ટીમે 141 રન બનાવ્યા, પરંતુ તેમાં સૌથી મોટું યોગદાન અબ્દુલ સમદનું હતું, જેને 25 બોલમાં 36 રન બનાવ્યા હતા. નહીં તો એક સમયે ટીમ આટલા રન સુધી પહોંચે તેવું લાગતું ન હતું. લખનૌ સુપર જાયન્ટ્સ ઘણા સમયથી IPLમાં રમી રહી છે, પરંતુ તેમને હજુ સુધી જીતનો કોઈ ફોર્મ્યુલા મળ્યો નથી જે સૂચવે છે કે ટીમ વ્યૂહાત્મક રીતે પોતાને તૈયાર કરી રહી છે. જો પરિસ્થિતિ આ રીતે ચાલુ રહી, તો આ ટીમની મુશ્કેલી વધશે, અને ટાઈટલ જીતવું એ સવાલની બહાર છે, અને ટીમ ટોપ 4માં પણ હોય તેવું લાગતું નથી. પરંતુ આ ફક્ત શરૂઆત છે, જો ટીમ યોગ્ય રીતે પ્રદર્શન કરશે, તો તેઓ કમબેક કરી શકે છે. આવનારા દિવસો જણાવશે કે ટીમ કેટલી આગળ વધશે.

### IPL 2026માં ઓસ્ટ્રેલિયાના ઘણા દિગ્ગજો કોચ બનવાની અપેક્ષા છે

# IPL 2026માં મેથ્યુ હેડન પોતાની ટીમનો કચરો સાફ કરતા મળ્યા જોવા, વિડિયો વાયરલ થયો

### દિગ્ગજ ઓપનિંગ બેટ્સમેન મેથ્યુ હેડન ગુજરાત ટાઈટન્સ ટીમ સાથે બેટિંગ કોચ તરીકે સંકળાયેલા છે



ઓસ્ટ્રેલિયન દિગ્ગજ ખેલાડી મેથ્યુ હેડન IPL 2026માં ગુજરાત ટાઈટન્સ સાથે કામ કરતા જોવા મળે છે. ગુજરાત ટાઈટન્સે ટુર્નામેન્ટની પોતાની પહેલી મેચ પંજાબ કિંગ્સ સામે રમી હતી, જેમાં 3 વિકેટથી નજીકની મેચ હારી ગઈ હતી. આનાથી ગુજરાત ટીમ પર દબાણ વધી ગયું છે. પંજાબ સામેની મેચ પછી ટીમના બેટિંગ કોચ મેથ્યુ હેડન, ડગઆઉટની બહાર કચરો ઉપાડતા જોવા મળ્યા હતા. પંજાબ કિંગ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચેની મેચ બાદ મેથ્યુ હેડનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તે તેના સાથી ખેલાડીઓ દ્વારા છોડવામાં આવેલ કચરો ઉપાડતા જોવા મળે શકે છે. હેડનને સ્વચ્છતા ખૂબ ગમે છે, તેથી જ તેને આ જવાબદારી લીધી. મેથ્યુ હેડનનું આગમન ગુજરાત ટાઈટન્સના સ્ટાર બેટ્સમેનોને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે. મેથ્યુ હેડનનો IPLમાં બેટ્સમેન તરીકે પણ મજબૂત રેકોર્ડ છે. તે તેના ખેલાડીઓને દબાણ વિના રમવામાં મદદ કરી શકે છે. પરંતુ પંજાબ કિંગ્સ સામેની મુશ્કેલ વિકેટે તેમને નોંધપાત્ર સ્કોર કરવામાં રોક્યા. ગુજરાત ટાઈટન્સ તેમની આગામી મેચ 4 એપ્રિલે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમશે. ગુજરાતની મેચ ઘરઆંગણે રાજસ્થાન રોયલ્સ સામે થશે. રાજસ્થાન રોયલ્સે તેમની શરૂઆતની મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે 8 વિકેટથી જીત મેળવી હતી. આ દરમિયાન, 15 વર્ષનો વૈભવ સૂર્યવંશી શાનદાર ફોર્મમાં છે. કેપ્ટન શુભમન ગિલને તેને વહેલા પેવેલિયનમાંથી બહાર કાઢવા માટે યોજના ઘડવાની જરૂર પડશે. પંજાબ સામે કૂપર કોનોલીએ એકલા હાથે ગુજરાતને હરાવ્યું.

પંજાબ કિંગ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચેની મેચ બાદ મેથ્યુ હેડનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તે તેના સાથી ખેલાડીઓ દ્વારા છોડવામાં આવેલ કચરો ઉપાડતા જોવા મળે શકે છે. હેડનને સ્વચ્છતા ખૂબ ગમે છે, તેથી જ તેને આ જવાબદારી લીધી. મેથ્યુ હેડનનું આગમન ગુજરાત ટાઈટન્સના સ્ટાર બેટ્સમેનોને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે. મેથ્યુ હેડનનો IPLમાં બેટ્સમેન તરીકે પણ મજબૂત રેકોર્ડ છે. તે તેના ખેલાડીઓને દબાણ વિના રમવામાં મદદ કરી શકે છે. પરંતુ પંજાબ કિંગ્સ સામેની મુશ્કેલ વિકેટે તેમને નોંધપાત્ર સ્કોર કરવામાં રોક્યા. ગુજરાત ટાઈટન્સ તેમની આગામી મેચ 4 એપ્રિલે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમશે. ગુજરાતની મેચ ઘરઆંગણે રાજસ્થાન રોયલ્સ સામે થશે. રાજસ્થાન રોયલ્સે તેમની શરૂઆતની મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે 8 વિકેટથી જીત મેળવી હતી. આ દરમિયાન, 15 વર્ષનો વૈભવ સૂર્યવંશી શાનદાર ફોર્મમાં છે. કેપ્ટન શુભમન ગિલને તેને વહેલા પેવેલિયનમાંથી બહાર કાઢવા માટે યોજના ઘડવાની જરૂર પડશે. પંજાબ સામે કૂપર કોનોલીએ એકલા હાથે ગુજરાતને હરાવ્યું.

# ધોની ટ્રેનિંગ કેમ્પમાં પાછો ફર્યો? CSKની આ સીઝનની પહેલી હોમ ગેમ પહેલા પીળી જર્સીના ચાહકો માટે આવી સારી ખબર



પગમાં ઈજાના કારણે ધોની IPLની શરુઆતની મેચમાં નહીં હોય તેવી સ્પષ્ટતા કરાઈ હતી, પરંતુ હવે તે બહુ જલદી તેના ફેન્સને ગૂડ ન્યૂઝ આપી શકે છે. કારણ કે તે ટીમની સાથે જોવા મળ્યો છે.IPLની શરુઆત સમયે એવી જાહેર કરવામાં આવી હતી કે એમએસ ધોની આઈપીએલ 2026ના શરૂઆતના બે અઠવાડિયા માટે ફિટ નથી અને રમવા માટે ઉપલબ્ધ નહીં રહે. તેમ છતાં, તાજેતરમાં સોશિયલ મીડિયા પર તે ટ્રેનિંગ સેશન વખતે ટીમની સાથે હોય તેવી એક ક્લિપ વાયરલ થઈ રહી છે, જેના કારણે ચાહકોમાં આશા જગાઈ છે કે તેઓ અપેક્ષા કરતા વહેલા મેદાનમાં પાછો ફરીશકે છે.ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) દ્વારા અગાઉ જણાવવામાં આવ્યું હતું કે ધોની હાલમાં કાફ સ્ટ્રેન માટે રિહેબિલિટેશનમાંથી પસાર થઈ રહ્યો છે. આ ઈજાને કારણે તે ટીમના શરૂઆતની મેચ ચૂકી શકે છે. બીજી તરફ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, તેમની ગેરહાજરી છ મેચ સુધી લંબાઈ શકે છે, જેમાં મુંબઈ ઈન્ડિયન્સ સામેના મહત્વના મુકાબલો પણ સમાવેશ થાય છે. જોકે, તેની વાપસી વિશે હજી સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. જેના કારણે ચાહકોમાં આશા જગાઈ છે કે તેઓ અપેક્ષા કરતા વહેલા મેદાનમાં પાછો ફરીશકે છે.ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) દ્વારા અગાઉ જણાવવામાં આવ્યું હતું કે ધોની હાલમાં કાફ સ્ટ્રેન માટે રિહેબિલિટેશનમાંથી પસાર થઈ રહ્યો છે. આ ઈજાને કારણે તે ટીમના શરૂઆતની મેચ ચૂકી શકે છે. બીજી તરફ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, તેમની ગેરહાજરી છ મેચ સુધી લંબાઈ શકે છે, જેમાં મુંબઈ ઈન્ડિયન્સ સામેના મહત્વના મુકાબલો પણ સમાવેશ થાય છે. જોકે, તેની વાપસી વિશે હજી સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

# મેચ જીતવા છતાં કેપ્ટન શ્રેયસ અય્યર સામે મોટી કાર્યવાહી, લાખોનો દંડ ફટકારાયો

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ની ચોથી મેચમાં 31 માર્ચે પંજાબ કિંગ્સ (PBKS) એ ગુજરાત ટાઈટન્સ (GT)ને 3 વિકેટથી હરાવી દીધુ હતું. મુલ્લાનપુરના મહારાજા યાદવિન્દ્ર સિંહ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં પંજાબ કિંગ્સને જીત માટે 163 રનનો ટાર્ગેટ મળ્યો હતો, જેને તેણે પાંચ બોલ બાકી રહેતા ટાર્ગેટ ચેઝ કરી લીધો. પંજાબ કિંગ્સની જીતનો હીરો ઓસ્ટ્રેલિયાનો કૂપર કોનોલી રહ્યો, જેણે 5 છગ્ગા અને 5 ચોગ્ગાની મદદથી 44 બોલમાં અણનમ 72 રન બનાવ્યા હતા. બેટિંગ ઓલરાઉન્ડરનું આ IPL ડેબ્યૂ હતું. તેણે પોતાની ડેબ્યૂ મેચમાં જ ધૂમ મચાવી દીધી અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

જોકે, પંજાબ કિંગ્સની ગુજરાત ટાઈટન્સ પર જીત છતાં કેપ્ટન શ્રેયસ અય્યરને સ્લો ઓવર રેટના કારણે મોટી કિંમત ચૂકવવી પડી છે. મેચ દરમિયાન પંજાબ કિંગ્સ નિર્ધારિત સમયમાં પોતાની ઓવર પૂર્ણ ન કરી. IPLની આચારસંહિતાની કલમ 2.22 હેઠળ આ સીઝનમાં ટીમની આ પ્રથમ ભૂલ હતી. આના કારણે પંજાબ કિંગ્સના કેપ્ટન શ્રેયસ અય્યરને 12 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. જો પંજાબ કિંગ્સ દ્વારા આ સીઝનમાં બીજો સ્લો ઓવર-રેટ ગુનો થાય, તો શ્રેયસ અય્યર પર 24 લાખનો દંડ કરવામાં આવશે. આ સાથે જ ટીમના સભ્યો પર 6 લાખ રૂપિયા અથવા અથવા તેમની મેચ ફીના 25 ટકા (જે પણ ઓછું હોય) દંડ ફટકારવામાં આવશે. બીજી તરફ જો ટીમ દ્વારા ત્રીજો સ્લો ઓવર-રેટ ગુનો થાય, તો મામલો વધુ ગંભીર બની જશે. આવા કિસ્સામાં કેપ્ટન શ્રેયસ અય્યર પર એક મેચ માટે પ્રતિબંધ લગાવવામાં આવશે. શ્રેયસ અય્યર માટે સ્લો ઓવર રેટનો મામલો નવો નથી, તે આ ભૂલ માટે અગાઉ પણ સજા ભોગવી ચૂક્યો છે. ગત સીઝનમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ શ્રેયસ અય્યર સામે બે વાર કાર્યવાહી કરી હતી. પહેલી વાર નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ તેને 12 લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જોકે, ત્યારબાદ પણ તેમાં સુધારો ન થયો અને બીજી વાર એ જ ભૂલનું પુનરાવર્તન કરવા બદલ તેના પર 24 લાખ રૂપિયાનો ભારે દંડ ફટકારવામાં આવ્યો હતો.

## 'IPLમાં જોઈએ એટલા પૈસા નથી મળતા!', પાકિસ્તાનમાં રમી રહેલા ઓસ્ટ્રેલિયાના ખેલાડીની ટિપ્પણીથી વિવાદ

IPLની સફળતા અને પાકિસ્તાન સુપર લીગ (PSL) ની સતત નિષ્ફળતા વચ્ચે હવે પાકિસ્તાન નીચલા સ્તરના હથકંડા અપનાવી રહ્યું હોવાનું સામે આવ્યું છે. પોતાની લીગને પ્રમોટ કરવા અને આઈપીએલને નીચું દેખાડવા માટે પાકિસ્તાને ઓસ્ટ્રેલિયન સ્પિનર એડમ ઝામ્પાનો સહારો લીધો છે. પાકિસ્તાની ન્યૂઝ ચેનલના પોડકાસ્ટમાં ઝેમ્પાએ એવું આશ્ચર્યજનક નિવેદન આપ્યું છે કે, 'ભારતમાં ખેલાડીઓને તેમની પ્રતિભા મુજબ યોગ્ય વળતર મળતું નથી. આઈપીએલમાં રમવું સમજદારીભર્યું લાગતું નથી કારણ કે ત્યાં વિતાવેલા સમય સામે પૂરતા પૈસા મળતા નથી.' જોકે, હકીકત એ છે કે ઝેમ્પાને કરાચી કિંગ્સે માત્ર 1.51 કરોડ ભારતીય રૂપિયામાં સાઈન કર્યો છે, જે આઈપીએલના ટોચના ખેલાડીઓના વેતન સામે ખૂબ જ ઓછી રકમ છે. પીએસએલ અત્યારે મેદાન પરના પ્રદર્શન કરતા મેદાન બહારના વિવાદોને કારણે વધુ ચર્ચામાં છે. અનેક વિદેશી ખેલાડીઓએ ખાનગી કારણો આપીને આ લીગમાં રમવાની ના પાડી દીધી છે, જ્યારે કેટલાક ખેલાડીઓ તો અધવચ્ચેથી ટૂર્નામેન્ટ છોડીને આઈપીએલમાં જોડાઈ ગયા છે. કોમેન્ટેટર નિક નાઈટે પણ આઈપીએલનો કોન્ટ્રાક્ટ મળતા જ પીએસએલ સાથેનો છેડો ફાડી નાખ્યો હતો. આ ઉપરાંત આ વર્ષે પીએસએલ બંધ દરવાજા પાછળ ખાલી સ્ટેડિયમમાં રમાઈ રહી છે.

### ચેઝ દરમિયાન રિઝવીએ સિક્સર ફટકારીને મેચ પૂરી કરી

# શમીએ 5મી વખત પહેલા બોલ પર વિકેટ લીધી રિઝવીએ સિક્સર ફટકારીને મેચ જીતાડી

• લખનૌ

IPL 2026ની પાંચમી મેચમાં દિલ્હી કેપિટલ્સે લખનઉ સુપર જાયન્ટ્સને 6 વિકેટે હરાવ્યું. ઈકાના સ્ટેડિયમમાં મોહમ્મદ શમીએ 5મી વખત પહેલી બોલ પર વિકેટ લીધી. ચેઝ દરમિયાન રિઝવીએ સિક્સર ફટકારીને મેચ પૂરી કરી. ઋષભ પંતનું નોન-સ્ટ્રાઈક એન્ડ પર રનઆઉટ થવું એક મહત્વપૂર્ણ ક્ષણ રહી.




લખનઉએ પ્રથમ ઈનિંગ્સમાં પોતાનો અત્યાર સુધીનો સૌથી ઓછો સ્કોર બનાવ્યો. ટીમે દિલ્હી સામે 141 રન બનાવ્યા. આ પહેલા આ રેકોર્ડ 153/8 નો હતો, જે તેમણે 2022માં પંજાબ સામે પુણેમાં બનાવ્યો હતો.મોહમ્મદ શમીએ 5મી વખત પોતાના પહેલા બોલ પર વિકેટ લીધી. પ્રવીણ કુમાર-ઉમેશ યાદવ જેવા બોલરોએ 3-3 વખત આવું કર્યું છે. ખાસ વાત એ છે કે શમીએ બે અલગ-અલગ ટીમોના ડેબ્યૂની પહેલી બોલ પર વિકેટ લીધી.

2022માં ગુજરાત ટાઈટન્સ માટે ડેબ્યૂ કરતા તેણે કેએલ રાહુલ (LSG)ને પહેલા જ બોલ પર આઉટ કર્યો હતો, જ્યારે લખનઉ સુપર જાયન્ટ્સ માટે ડેબ્યૂ કરતા પણ તેણે કેએલ રાહુલ (DC) ને પહેલા બોલ પર ગોલ્ડન ડક પર પેવેલિયન મોકલ્યો.મેચમાં 2 ખેલાડીઓએ IPL ડેબ્યૂ કર્યું. દિલ્હીએ શ્રીલંકાના ઓપનર પાથુમ નિસાંકાને ડેબ્યૂ કેપ સોંપી. જ્યારે લખનઉ માટે અનકેપ્ડ ભારતીય મુકુલ ચૌધરીએ પહેલો IPL મેચ રમી.પ્રથમ ઓવરમાં ઋષભ પંતે મુકેશ કુમારના બોલ પર ચોગ્ગો ફટકારીને પોતાનું ખાતું ખોલ્યું. ઓવરનો ત્રીજો બોલ ફુલ અને સ્ટમ્પની નજીક હતો. પંતે સીધા બેટથી સામેની દિશામાં શોટ રમીને ચોગ્ગો ફટકાર્યો. 2.6 ઓવરમાં મુકેશ કુમારની બોલ પર ઋષભ પંત રનઆઉટ થઈ ગયો. બોલ ફુલ લેન્થ પર હતો. મિચેલ માર્શે સીધો શોટ રમ્યો. બોલર એન્ડ પર મુકેશના હાથથી બોલ વાગીને સ્ટમ્પસ સાથે અથડાયો. નોન-સ્ટ્રાઈકર એન્ડ પર પંત ક્રીઝથી બહાર હતો. બોલ સ્ટમ્પસને વાગ્યો અને પંતને પાછા ફરવું પડ્યું.

### વેનિટીમાં જાતીય સતામણી કરી હોવાનો એક્ટ્રેસનો આરોપ

# ચાર નેશનલ એવોર્ડ વિનર સાઉથ ડિરેક્ટર રણજીતની ધરપકડ: 14 દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યો

## નવભારત ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, મંગળવારે મોડી રાત્રે થયેલી ધરપકડ બાદ ડિરેક્ટર રણજીતે બેચેનીની ફરિયાદ કરી હતી, જે બાદ તેમને તપાસ માટે એર્નાકુલમ જનરલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા

4 નેશનલ ફિલ્મ એવોર્ડ અને 6 કેરળ સ્ટેટ ફિલ્મ એવોર્ડ જીતી ચૂકેલા સાઉથ ડિરેક્ટરની મંગળવારે કોચીથી ધરપકડ કરવામાં આવી છે. તેના પર એક્ટ્રેસે યૌન શોષણના આરોપો લગાવ્યા હતા, જે બાદ તેમને ધરપકડ કરીને 14 દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે. ANIના રિપોર્ટ અનુસાર, ડિરેક્ટર રણજીતની ધરપકડ મંગળવારે મોડી રાત્રે થોડુપૂઝા પોલીસે ઈડુક્કીના SPના નિર્દેશ પર કરી છે. તેને ધરપકડ બાદ ઉદયમપેરુર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો, જ્યાં એક્ટ્રેસે ફરિયાદ નોંધાવી છે. ધરપકડ બાદ ડિરેક્ટરને એર્નાકુલમ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે, જ્યાં પૂછપરછ બાદ તેમને 14 દિવસ (13 એપ્રિલ) સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે. ધરપકડ બાદ ડિરેક્ટરે તબિયત બગડવાની ફરિયાદ કરીનવભારત ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, મંગળવારે મોડી રાત્રે થયેલી ધરપકડ બાદ ડિરેક્ટર રણજીતે બેચેનીની ફરિયાદ કરી હતી, જે બાદ તેમને તપાસ માટે એર્નાકુલમ જનરલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. હોસ્પિટલના અધિકારીઓએ તપાસમાં જાણ્યું કે તેને સ્વાસ્થ્ય સંબંધિત કોઈ ગંભીર સમસ્યા નથી. હાલમાં ડિરેક્ટર એર્નાકુલમ સબ-જેલમાં છે.

ધરપકડ બાદ ડિરેક્ટરે તબિયત બગડવાની ફરિયાદ કરીનવભારત ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, મંગળવારે મોડી રાત્રે થયેલી ધરપકડ બાદ ડિરેક્ટર રણજીતે બેચેનીની ફરિયાદ કરી હતી, જે બાદ તેમને તપાસ માટે એર્નાકુલમ જનરલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. હોસ્પિટલના અધિકારીઓએ તપાસમાં જાણ્યું કે તેને સ્વાસ્થ્ય સંબંધિત કોઈ ગંભીર





સમસ્યા નથી. હાલમાં ડિરેક્ટર એર્નાકુલમ સબ-જેલમાં છે. આ કેસ પહેલા પણ રણજીત બાલાક્રિષ્નન વિરુદ્ધ આવી ઘણી ફરિયાદો નોંધાઈ ચૂકી છે. 2024માં બંગાળી એક્ટ્રેસ શ્રીલેખા મિત્રાએ તેમના પર ખોટી રીતે સ્પર્શ કરવાનો આરોપ લગાવ્યો હતો. એક્ટ્રેસે 23 ઓગસ્ટ 2024ના રોજ હેમા કમિટીનો રિપોર્ટ આવ્યા બાદ ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે વર્ષ 2009માં ફિલ્મ પલેરી માણિક્યમ: ઓરુ પાથિરાકોલાપાથકથિંતે કથાના ઓડિશન માટે ડિરેક્ટરે તેને ફ્લેટમાં બોલાવી અને ખોટી રીતે સ્પર્શ કર્યો. ત્યારે ડિરેક્ટરે આ તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા. ઓક્ટોબર 2025માં કેરળ હાઈકોર્ટે એમ કહીને કેસ રદ કરી દીધો કે ફરિયાદ ઘણી મોડી કરવામાં આવી છે.ઉપરાંત, ઓક્ટોબર 2024માં પણ 31 વર્ષના એક્ટરે ડિરેક્ટર રણજીત પર જાતીય સતામણીના આરોપો લગાવતા ફરિયાદ નોંધાવી હતી. તેનો આરોપ હતો કે વર્ષ 2012માં શૂટિંગ દરમિયાન ડિરેક્ટરે એક્ટરને હોટલમાં જબરદસ્તી દારૂ પીવડાવ્યો અને જાતીય સતામણી કરી. જુલાઈ 2025માં આ મામલો પણ કર્ણાટક હાઈકોર્ટે રદ કરી દીધો હતો.

સાઉથ એક્ટ્રેસે તાજેતરમાં ફિલ્મની ICC (ઈન્ટરનલ કમ્પ્લેઈન્ટ્સ કમિટી) ને જાતીય સતામણીની ફરિયાદ કરી હતી. એક્ટ્રેસની ફરિયાદ અનુસાર, ડિરેક્ટર રણજીત બાલાક્રિષ્નન 30 જાન્યુઆરીના રોજ એક ફિલ્મ શૂટિંગ દરમિયાન તેની વેનિટી વેનમાં આવ્યા અને જાતીય સતામણીનો પ્રયાસ કર્યો. કમિટીએ આ મામલો કેરળ પોલીસને સોંપ્યો.આ મામલાની શરૂઆતની તપાસને સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવી હતી. એક્ટ્રેસનું નિવેદન પણ ગુપ્ત રીતે નોંધવામાં આવ્યું હતું.

આ કેસ પહેલા પણ રણજીત બાલાક્રિષ્નન વિરુદ્ધ આવી ઘણી ફરિયાદો નોંધાઈ ચૂકી છે. 2024માં બંગાળી એક્ટ્રેસ શ્રીલેખા મિત્રાએ તેમના પર ખોટી રીતે સ્પર્શ કરવાનો આરોપ લગાવ્યો હતો. એક્ટ્રેસે 23 ઓગસ્ટ 2024ના રોજ હેમા કમિટીનો રિપોર્ટ આવ્યા બાદ ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે વર્ષ 2009માં ફિલ્મ પલેરી માણિક્યમ: ઓરુ પાથિરાકોલાપાથકથિંતે કથાના ઓડિશન માટે ડિરેક્ટરે તેને ફ્લેટમાં બોલાવી અને ખોટી રીતે સ્પર્શ કર્યો. ત્યારે ડિરેક્ટરે આ તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા. ઓક્ટોબર 2025માં કેરળ હાઈકોર્ટે એમ કહીને કેસ રદ કરી દીધો કે ફરિયાદ ઘણી મોડી કરવામાં આવી છે.ઉપરાંત, ઓક્ટોબર 2024માં પણ 31 વર્ષના એક્ટરે ડિરેક્ટર રણજીત પર જાતીય સતામણીના આરોપો લગાવતા ફરિયાદ નોંધાવી હતી. તેનો આરોપ હતો કે વર્ષ 2012માં શૂટિંગ દરમિયાન ડિરેક્ટરે એક્ટરને હોટલમાં જબરદસ્તી દારૂ પીવડાવ્યો અને જાતીય સતામણી કરી. જુલાઈ 2025માં આ મામલો પણ કર્ણાટક હાઈકોર્ટે રદ કરી દીધો હતો.

### જાવેદ જાફરીના ખાવામાં ભાંગ ભેળવી:ન્હાતા-ન્હાતા 'ઝખ્મ' માટે હા પાડી, જીત્યો નેશનલ એવોર્ડ

# બોલિવૂડના 'સુલતાન મિર્ઝા' અજયની 16 ફિલ્મોએ 100 કરોડથી વધુ કમાયા



વર્ષ 1991 હતું અને ફિલ્મ 'ફૂલ ઔર કાંટે' હતી, જ્યારે એક છોકરો મોટા પડદા પર આવ્યો. બે ચાલતી બાઈક પર ઊભા રહીને તેની એન્ટ્રી એટલી આઈકોનિક હતી કે આ ફિલ્મ જોનારા લોકો આજે પણ તેને ભૂલી શક્યા નથી.શરૂઆતમાં તેને એક્શન હીરો માનવામાં આવ્યો પરંતુ તેણે પોતાને મર્યાદિત રાખ્યો નહીં. 'ઝખ્મ' અને 'કંપની' જેવી ફિલ્મોમાં તેણે શાનદાર અભિનય કર્યો, જેને લોકોની સાથે વિવેચકોએ પણ પસંદ કર્યો. પછી 'ગોલમાલ' અને 'ઓલ ધ બેસ્ટ' જેવી ફિલ્મોમાં લોકોને હસાવ્યા અને 'સિંઘમ' બનીને માસ હીરો પણ બન્યો. તેણે 35 વર્ષના કરિયરમાં 16થી વધુ 100 કરોડની કમાણીવાળી ફિલ્મો આપી અને ઘણા નેશનલ એવોર્ડ પણ જીત્યા.આજે એ જ અજય દેવગણ 57 વર્ષનો થઈ ચૂક્યો છે. તેના જન્મદિવસ પર જાણો તેના જીવનના રસપ્રદ કિસ્સાઓ-અજય દેવગણનો જન્મ 2 એપ્રિલ 1969ના રોજ મુંબઈમાં થયો હતો. તેનું અસલી નામ વિશાલ વીરેન્દ્ર દેવગણ છે. તે ફિલ્મી પરિવારમાંથી આવે છે. તેના પિતા વીરુ દેવગણ હિન્દી ફિલ્મોના જાણીતા સ્ટંટ અને એક્શન ડિરેક્ટર હતા, જ્યારે માતા વીણા ફિલ્મ પ્રોડ્યુસર હતા. આ જ કારણથી અજયનું બાળપણથી જ ફિલ્મો સાથે જોડાણ રહ્યું.અજય બાળપણમાં જ પોતાના પિતા સાથે ફિલ્મ એડિટિંગમાં મદદ કરવા લાગ્યા હતા. 8-9 વર્ષની ઉંમરે તેમને કેમેરા અને શૂટિંગની સમજ આવવા લાગી હતી. 12-13 વર્ષની ઉંમર સુધીમાં તેમણે નાના-નાના ફિલ્મ પ્રોજેક્ટ બનાવવાનું શરૂ કરી દીધું હતું. તેના પિતાએ તેને કેમેરો આપ્યો હતો, જેનાથી તે પોતે શૂટિંગ કરતા અને સેટ તૈયાર કરતા હતા. 15 વર્ષની ઉંમર સુધીમાં તેઓ સ્પેશિયલ ઈફેક્ટ્સ પણ કરવા લાગ્યા હતા.કોલેજના દિવસોમાં પણ તે ભણતરની સાથે ફિલ્મમેકિંગ શીખતા રહ્યા. આ દરમિયાન ડિરેક્ટર શેખર કપૂરે તેનું કામ જોઈને તેમને આસિસ્ટન્ટ બનવાની તક આપી.અજય દેવગણની બાળપણની એક તસવીર છે, જેમાં તે એક દીપડાના બચ્ચાને ખોળામાં લઈને નજર આવે છે. અજય દેવગણ પોતાના કોલેજના દિવસોમાં ખૂબ જ મસ્તીખોર હતો. મિડ ડેને આપેલા ઈન્ટરવ્યુમાં તેણે જણાવ્યું હતું કે કોલેજના દિવસોમાં તે બે વાર જેલમાં પણ જઈ ચૂક્યા છે. એક વાર તો તે પોતાના પિતાની બંદૂક છુપાવીને બહાર લઈ ગયો હતો.અજય દેવગણનું સાચું નામ વિશાલ દેવગણ છે, પરંતુ ફિલ્મોમાં આવતા પહેલા તેણે પોતાનું નામ બદલી નાખ્યું. આ પાછળનું કારણ એ હતું કે જ્યારે અજય ફિલ્મોમાં ડેબ્યૂ કરવાનો હતો, ત્યારે તે સમયે ઘણા નવા કલાકારો વિશાલ નામથી લોન્ચ થઈ રહ્યા હતા. તેમાંથી એક મનોજ કુમારનો પુત્ર (વિશાલ ગોસ્વામી) પણ હતો. આનાથી ઈન્ડસ્ટ્રીમાં ગૂંચવણ ઊભી થઈ રહી હતી. આ જ કારણોસર તેનું નામ વિશાલથી બદલીને અજય કરી દેવામાં આવ્યું.અજયની ફિલ્મી કારકિર્દી પણ રસપ્રદ રીતે શરૂ થઈ. તેના પિતા તેને એક્ટર બનાવવા માંગતા હતા, પરંતુ અજયને ફિલ્મમેકિંગમાં વધુ રસ હતો. જ્યારે તેને 'ફૂલ ઔર કાંટે' ફિલ્મ ઓફર થઈ, ત્યારે તેણે પહેલા ના પાડી દીધી હતી, પરંતુ પિતા અને ફિલ્મના ડિરેક્ટર કુકુ કોહલીના કહેવાથી તેણે ફિલ્મ કરી. 'ફૂલ ઔર કાંટે'માં અજય દેવગણે 'અજય' નામના કોલેજ વિદ્યાર્થીનો કિરદાર ભજવ્યો હતો.અજયની પહેલી ફિલ્મ ફૂલ ઔર કાંટેની રિલીઝ સાથે જોડાયેલો રસપ્રદ કિસ્સો છે. આ ફિલ્મ યશ ચોપરાની લમ્હે સાથે રિલીઝ થઈ હતી, જેમાં શ્રીદેવી અને અનિલ કપૂર જેવા મોટા સિતારાઓ હતા. તે સમયે લમ્હેને ખૂબ મોટી ફિલ્મ માનવામાં આવી રહી હતી.અજયે 'આપ કી અદાલત'માં જણાવ્યું હતું કે ફિલ્મના પ્રીમિયર પર અનિલ કપૂર તેમને મળવા આવ્યા હતા. તેમણે અજયને સલાહ આપી હતી કે આટલી મોટી ફિલ્મ સામે પોતાની ડેબ્યૂ ફિલ્મ રિલીઝ કરવી યોગ્ય નિર્ણય નથી.

### રામાનંદ સાગરની 'રામાયણ' જોઈને તૈયારી કરી

# રણબીર કપૂરે પહેલાં 'રામ'ના રોલની ઓફર ઠુકરાવી હતી:દીકરી રાહાના જન્મ પછી નિર્ણય બદલ્યો

નીતિશ તિવારીના નિર્દેશનમાં બનેલી ફિલ્મ 'રામાયણ'નું પહેલું ટીઝર આજે ભારતમાં રિલીઝ થઈ ગયું છે. તાજેતરમાં લોસ એન્જલસમાં યોજાયેલા ફિલ્મના સ્પેશિયલ પ્રિવ્યૂ સેશનમાં રણબીરે જણાવ્યું કે તેણે પહેલા રામાયણ ફિલ્મની ઓફર ઠુકરાવી દીધી હતી. પરંતુ દીકરી રાહાના જન્મ પછી રણબીરની વિચારસરણી બદલાઈ ગઈ અને તેણે પોતાનો નિર્ણય બદલીને ફિલ્મ કરવાનો નિર્ણય કર્યો. આ ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામ અને સાઈ પલ્લવી માતા સીતાના પાત્રમાં જોવા મળશે.



લોસ એન્જલસમાં યોજાયેલા ફિલ્મના સ્પેશિયલ પ્રિવ્યુ સેશનમાં રણબીર હાજર રહ્યો હતો.રાહાના પિતા બન્યા તો બદલાયો નિર્ણય રણબીર કપૂરે ઈવેન્ટ દરમિયાન જણાવ્યું કે તેમને આ રોલ લગભગ 4 વર્ષ પહેલા ઓફર થયો હતો. રણબીરે કહ્યું, 'જ્યારે નમિતે મને આ રોલ આપ્યો, ત્યારે મારી પહેલી પ્રતિક્રિયા હતી કે હું આના લાયક નથી અને હું આ પાત્ર સાથે ન્યાય કરી શકીશ નહીં.'જોકે, વર્ષ 2022માં દીકરી રાહાના જન્મ પછી રણબીરની વિચારસરણી બદલાઈ ગઈ. તેણે કહ્યું કે પિતા બન્યા પછી તેમની જીવનશૈલીમાં ઘણો બદલાવ આવ્યો અને તેને લાગ્યું કે ભગવાન રામનું પાત્ર ભજવવાની તક તેના જીવનનો એક મોટો ટર્નિંગ પોઈન્ટ સાબિત થશે. રામાનંદ સાગરની રામાયણ જોઈને તૈયારી કરી પોતાની તૈયારી વિશે વાત કરતા રણબીરે કહ્યું કે તેમના માટે તૈયારી તે જ દિવસે શરૂ થઈ ગઈ હતી, જે દિવસે તેમણે રામાનંદ સાગરની 'રામાયણ' જોઈ હતી. રણબીરના મતે, 'આ પાત્ર આપણા મનમાં ઊંડાણપૂર્વક વસેલું છે. તેની તૈયારી માત્ર શારીરિક જ નહીં, પરંતુ માનસિક અને આધ્યાત્મિક પણ હતી. આપણે આ પાત્ર પ્રત્યે ઈમાનદાર રહેવું પડશે કારણ કે સદીઓથી કરોડો લોકો ભગવાન રામથી પ્રેમ કરતા આવ્યા છે.' તેણે કહ્યું કે તે આ જવાબદારીને ખૂબ ગંભીરતાથી લઈ રહ્યા છે.પ્રોડ્યુસર નમિત મલ્હોત્રાએ જણાવ્યું કે ફિલ્મના બંને ભાગોને ભેગા કરીને લગભગ 4,000 કરોડ રૂપિયાનું બજેટ રાખવામાં આવ્યું છે. 4 હજાર કરોડનું બજેટ; બે ભાગમાં આવશે ફિલ્મ ફિલ્મના પ્રોડ્યુસર નમિત મલ્હોત્રાએ બજેટને લઈને મોટો ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું કે ફિલ્મના બંને ભાગોને ભેગા કરીને લગભગ 4,000 કરોડ રૂપિયાનું બજેટ રાખવામાં આવ્યું છે. નમિતે કહ્યું, '6-7 વર્ષ પહેલાં જ્યારે મેં આ વિશે વિચાર્યું હતું, ત્યારે લોકોને લાગ્યું કે હું પાગલ છું. અમે ભારતમાંથી દુનિયાની સૌથી મોટી ફિલ્મ બનાવી રહ્યા છીએ. આ એક મહાગાથા છે જેને ગ્લોબલ સ્કેલ પર જોવી જોઈએ.'હોલિવૂડ કમ્પોઝર હેન્સ ઝિમર અને એઆર રહેમાનનું સંગીત આ ફિલ્મ માટે પહેલીવાર ઓસ્કર વિજેતા હંસ ઝિમર અને એઆર રહેમાન એકસાથે આવ્યા છે. રહેમાને એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે આટલા મોટા અને પ્રતિષ્ઠિત પ્રોજેક્ટ માટે સંગીત તૈયાર કરવું એક મોટો પડકાર છે. તેણે કહ્યું, 'આપણે લોકોને કંઈક એવું આપવાનું છે જે નવું હોય, પણ સાથે જ તેના મૂળિયાં સાથે પણ જોડાયેલું હોય.' ફિલ્મમાં રણબીર અને સાઈ પલ્લવી ઉપરાંત યશ (રાવણ), સની દેઓલ (હનુમાન) અને રવિ દુબે (લક્ષ્મણ) પણ મહત્વના પાત્રોમાં જોવા મળશે.

### ટીઝરમાં સાદગી, ગરિમા અને દિવ્યતાના દર્શન થયા

# હનુમાન જયંતિએ 'રામાયણ'નો શંખનાદ!:ભગવાન રામના રૂપમાં રણબીર કપૂરની પહેલી ઝલક દેખાઈ



ફિલ્મ 'રામાયણ'માંથી રણબીર કપૂરનો ભગવાન રામના રૂપમાં લુક સામે આવ્યો છે. તેની ઝલક આજે એટલે કે હનુમાન જયંતિ પર જાહેર કરવામાં આવી. ભગવાન રામના રૂપમાં રણબીર કપૂરનો લુક સાદગી, ગરિમા અને આધ્યાત્મિકતાથી ભરપૂર છે. શાહી વેશભૂષા અને બારીક આભૂષણો સાથે તેમનો શાંત અને સંતુલિત દેખાવ ખૂબ જ સારો લાગી રહ્યો છે. ટીઝરમાં શાનદાર VFX જોવા મળે છે. સાથે જ બેકગ્રાઉન્ડ સ્કોર પણ અદ્ભુત છે. શ્રીરામની પહેલી ઝલક જોઈ ફેન્સ ફિલ્મ માટે ઉત્સાહિત દેખાઈ છે. ભગવાન રામનો રોલ ભજવવા વિશે વાત કરતા રણબીરે કહ્યું હતું કે, 'મને નથી લાગતું કે હું અહીં રામનો રોલ કરવા આવ્યો છું. હું અહીં તેમની પાસેથી શીખવા આવ્યો છું. તેમનામાં એક સાદગી અને પવિત્રતા છે જે બહુ ઓછી જોવા મળે છે અને તેને સમજવાનો અને અપનાવવાનો પ્રયાસ કરવો મારા માટે ખૂબ જ નમ્ર અનુભવ રહ્યો છે.'

ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામ, સાઈ પલ્લવી સીતા, યશ રાવણ, સની દેઓલ હનુમાન અને રવિ દુબે લક્ષ્મણના રોલમાં જોવા મળશે.

1987ની 'રામાયણ'માં રામનો કિરદાર ભજવનાર અરુણ ગોવિલ આ ફિલ્મમાં રાજા દશરથની ભૂમિકામાં જોવા મળશે.

ફિલ્મમાં લારા દત્તા કૈકેયી, શીબા ચઢ્ઢા મંથરા અને રકુલ પ્રીત સિંહ શૂર્પણખાના રૂપમાં જોવા મળશે.

ફિલ્મનું કુલ બજેટ લગભગ 4,000 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે, જે તેને ભારતીય સિનેમાની સૌથી મોંઘી ફિલ્મોમાં સામેલ કરે છે.

ફિલ્મને નિતેશ તિવારી ડિરેક્ટ કરી રહ્યા છે, જેણે સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ દંગલ બનાવી હતી. ફિલ્મનું સંગીત ઓસ્કર વિજેતા એ.આર. રહેમાન અને હોલિવૂડ કમ્પોઝર હેન્સ ઝિમર તૈયાર કરી રહ્યા છે.ફિલ્મને નમિત મલ્હોત્રાના પ્રાઈમ ફોકસ સ્ટુડિયો, DNEG અને યશની મોન્સ્ટર માઈન્ડ ક્રિએશન્સ બનાવી રહ્યા છે. ફિલ્મ IMAX પર રિલીઝ થશે. ફિલ્મના વિઝ્યુઅલ ઈફેક્ટ્સ (VFX)નું કામ ઓસ્કર વિજેતા સ્ટુડિયો DNEG અને પ્રાઈમ ફોકસ સંભાળી રહ્યા છે.

### મને ઉશ્કેરવામાં આવ્યો, આ સુરક્ષાનો મામલો છે

# કોન્સર્ટ વિવાદ પર સિંગર અર્પિત બાલાએ મૌન તોડ્યું:બોટલ વાગતા ઓડિયન્સ પર થૂંક્યો હતો

'એક કુડી', 'બરગદ' જેવા પ્રખ્યાત ગીતોના સિંગર અર્પિત બાલા તાજેતરમાં હૈદરાબાદ કોન્સર્ટથી વિવાદોમાં ઘેરાઈ ગયા. હૈદરાબાદમાં ચાલી રહેલા પર્ફોર્મન્સ દરમિયાન એક ફેને સ્ટેજ પર બોટલ ફેંકી હતી, જેના જવાબમાં સિંગરે ગુસ્સે થઈને તે ફેન પર થૂંક્યું. હવે આ વિવાદ પર અર્પિત બાલાએ સ્પષ્ટતા કરી છે. તેનું કહેવું છે કે તેને ઉશ્કેરવામાં આવ્યા હતા, આ ગુસ્સાનો નહીં પણ સુરક્ષાનો સવાલ હતો. સિંગર અર્પિત બાલાએ યુટ્યુબ ચેનલ પરથી એક વીડિયો જાહેર કર્યો છે. આમાં તેમણે કોન્સર્ટ વિવાદ પર કહ્યું, 'હું હૈદરાબાદ ગયો હતો, એક શો માટે. ત્યાં લોકોને ગીતો મોઢે હતા. પહેલું ગીત ખૂબ સારું થયું, બીજું પણ સારું થયું, ત્રીજું પણ સારું થયું. હું ચોથું ગીત ગાઈ રહ્યો હતો કે અચાનક મેં જોયું કે બોટલ ઉડતી આવી અને મારી આંખમાં વાગી. સમસ્યા એ નહોતી કે તે બોટલ વાગી. સમસ્યા એ હતી કે તે પહેલા પણ લોકો સ્ટેજ પર એક બે આવી બોટલ ફેંકી ચૂક્યા હતા.'આગળ સિંગરે કહ્યું, 'જ્યારે બીજી બોટલ મારી આંખ પર પડી ને મારો આખો ફલો તૂટ્યો અને મને ગુસ્સો આવ્યો અને તે ગુસ્સામાં જે વસ્તુ મેં આગળ બોલી અને જે મેં કર્યું શું તે યોગ્ય હતું? જો તમે એક રીતે જુઓ કે એક આદર્શ માણસ હોય છે તે દિલ મોટું રાખે છે. આ બધી વસ્તુઓ ત્યાં સુધી બરાબર લાગે છે જ્યારે તમને કોઈએ આમ હળવું કંઈક પોક કર્યું હોય, પરંતુ જ્યારે તમારા ચહેરા પર કોઈ વસ્તુ ફેંકવામાં આવે છે ને, આંખ પર, મોં પર, ભાઈ તે ડિસરિસ્પેક્ટ પણ નથી હોતું. તે એક રીતે સિક્યોરિટીની સમસ્યા હોય છે.'વીડિયો જાહેર કરીને સિંગરે એમ પણ કહ્યું છે કે જ્યારે તેમને મારવામાં આવ્યા, ત્યારે ત્યાં હાજર છોકરાઓનું જૂથ તેમને ખરાબ રીતે જોઈ રહ્યું હતું, જેના પછી તેમણે ગાળો આપી. તે છોકરાઓ પણ તેમને સામેથી ગાળો આપી રહ્યા હતા. સિંગરે કરેલા કામ પર પસ્તાવો વ્યક્ત કરતા કહ્યું, 'મેં તેમના પર થૂંક્યું. મારે તે ન કરવું જોઈતું હતું.'સિંગરે વીડિયોના અંતમાં એમ પણ કહ્યું છે કે આ આ પ્રકારની પહેલી ઘટના નથી. 2024માં પણ એક વ્યક્તિએ કોન્સર્ટમાં ખોટી રીતે સ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે પણ તેમણે તે વ્યક્તિનો હાથ મરોડી દીધો હતો. આ ઉપરાંત તેમના કાનપુર શોના આયોજક પર સિગારેટના બડ્સ ફેંકવામાં આવ્યા. સિંગર પર પણ સિગારેટના પેકેટ ફેંકવામાં આવ્યા. તેમની ભાણી પર વેપ ફેંકવામાં આવ્યો. વીડિયોના અંતમાં સિંગરે કહ્યું, 'લોકો કહી રહ્યા છે કે આ તો ભાઈ જુઓ ભાઈ કેટલો કેટલો દંભી માણસ છે. કેટલો ખરાબ માણસ છે. કોઈ એ નથી જોઈ રહ્યું કે તેની પાછળ શું થાય છે. આ હું ફક્ત અને ફક્ત મારા પ્રેક્ષકો માટે કરી રહ્યો છું.

